
# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 81 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 April 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૫ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં ક્ષત્રિય સમાજ સાથે સમાધાન નહીં થતાં પ્લાન બીની વિચારણા શરૂ કરતું હાઇકમાન્ડ

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામેના ક્ષત્રિય સમાજના વિરોધ અંગે કોઇ સમાધાનનો રસ્તો નહીં નીકળતા ભાજપની નેતાગીરી મુંઝવણમાં મુકાઇ ગઇ છે અને હવે શું? તેવા પ્રશ્ન સર્વત્ર પુછાઇ રહ્યો છે. આગામી દિવસોમાં કોઇ સમાધાન થાય નહીં અને વિવાદ ઉગ્ર બને તો ઉમેદવાર બદલવાની સ્થિતિ સર્જાઇ શકે છે. ભાજપ હાઇકમાન્ડે પણ નવા ચહેરાની શોધ શરૂ કરી દીધાનું અને રાજકોટનાં જ એક ઉદ્યોગપતિ ઉપર હાઇકમાન્ડની નજર ઠરી હોવાનું ટોચના ભાજપના રાજકીય સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. બુધવારે મુખ્ય પ્રધાન સાથે ક્ષયિ સમાજના આગેવાનોની યોજાયેલી બેઠકમાં સમાધાન નહીં થતા અને ક્ષત્રીય સમાજ રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાને બદલવાની માંગણી સાથે અડગ રહેતા ભાજપના હાઇકમાન્ડે પણ પ્લાન-બી બનાવવાનું શરૂ કરી દીધું છે અને જરૂર પડે તો રૂપાલાના વિકલ્પે એવું નામ નકકી કરવામાં આવે કે તમામ સમાજ તેને સહર્ષ સ્વીકારી લે. ભાજપ હાઇકમાન્ડે એક ટોચના ઉદ્યોગપતિને તૈયાર રહેવા કહેણ મોકલ્યાની ચર્ચા છે. જો કે, અગાઉ પણ આ ઉદ્યોગપતિએ રાજકારણથી દૂર જ રહેવાની અવાર નવાર જાહેરાતો કરી છે પરંતુ હાલ સર્જાયેલા રાજસંકટમાંથી બહાર નીકળવા ભાજપ હાઇકમાન્ડની આ ઉદ્યોગપતિ ઉપર નજર ઠરી હોવાનું કહેવાય છે. રાજકીય સૂત્રોના કહેવા મુજબ આ ઉદ્યોગપતિને તૈયારી માટે કહેણ મોકલી દેવાયું છે અને વિચારીને નિર્ણય લેવા માટે સમય પણ અપાયો છે સાથો સાથ જવાબ હામાં આપવા પણ વિનંતી કરાઇ છે. ભાજપના સૂત્રો કહે છે કે, હજુ લોકસભાનું જાહેરનામું બહાર પાડવાની વાર છે. તા. ૧૨મી એપ્રિલે જાહેરનામું બહાર પડે તે પૂર્વે ક્ષત્રિય સમાજના વિવાદમાં ડેમેજ કંટ્રોલ માટે શકય તમામ પ્રયાસો કરી લેવામાં આવશે અને તેમાં સફળતા ન મળે તો રૂપાલાનો ભોગ લઇ તેના સ્થાને સર્વમાન્ય ઉદ્યોગપતિને રાજકોટથી લડાવવા પાર્ટીએ મન બનાવી લીધું છે. જો આ ઉદ્યોગપતિ ચૂંટણી લડવા તૈયાર ન થાય તો કોને ટિકીટ આપવી? તે ઉદ્યોગપતિનો જવાબ આવ્યા બાદ નકકી કરવામાં આવનાર છે. બુધવારે કેબિનેટની બેઠકમાં હાજરી આપવા દિલ્હી ગયેલા ભાજપના ઉમેદવાર પરષોતમ રૂપાલા સાથે પણ ભાજપ હાઇકમાન્ડે વિસ્તૃત ચચા કરી હોવાનું કહેવાય છે અને વિવાદમાં કયાંકને કયાંક અતિરેક હોવાનું પણ હાઇકમાન્ડે સ્વિકાર્યુ છે.

# ગુજરાતમાં રૂપાલા સામે ક્ષત્રિયોના પ્રચંડ વિરોધ વચ્ચે મુખ્ય પ્રધાન દિલ્હી જવા રવાના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રૂપાલા સામે ક્ષત્રિયોનો પ્રચંડ વિરોધ સતત સામે આવી રહ્યો છે અને હવે પાટીદાર સમાજ રૂપાલાના સમર્થનમાં આવ્યો છે. રાજ્યમાં હાલ ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર સામે વિરોધ ચાલી રહ્યો છે ત્યારે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ દિલ્હી જવા રવાના થયા હતા. દિલ્હીમાં ભાજપની ચૂંટણી ઢંઢેરાની બેઠક મળવાની છે આ બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે તેઓ દિલ્હી ગયા છે. એવી પણ શક્યતાઓ છેકે તેઓ ફરી એકવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી શકે છે.

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરષોત્તમ રુપાલા દ્વારા થોડા સમય પહેલા ક્ષત્રિય સમાજને લઇને એક વિવાદિત ટિપ્પણી કરવામાં આવી હતી. આ ટિપ્પણીને લઇને ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. રૂપાલાએ માફી માગી લીધી હોવા છતાં પણ વિરોધ ચાલુ છે. તાજેતરમાં ભાજપની બેઠક મળી હતી. એ બેઠક પછી પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે પણ ક્ષત્રિયોની માફી માગી હતી અને મન મોટું રાખીને રૂપાલાને માફ કરી દેવાની વાત કરી હતી. ત્યારબાદ ભાજપ અને ક્ષત્રિય આગેવાનો વચ્ચે પણ બેઠક થઇ હતી પરંતુ તેમાં પણ આ મામલે કોઇ નિવેડો આવ્યો નથી. ક્ષત્રિયો બસ એકજ માગ કરી રહ્યાં છેકે, રૂપાલાની ટિકિટ કાપવામાં આવે. બીજી તરફ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના પ્રધાનમંડળ સાથે દિલ્હીમાં બેઠક કરી હતી અને ચૂંટણી બાદ ફરી ભાજપની સરકાર બને ત્યારે ૧૦૦ દિવસ જે કામગારી કરવાની છે તેની ચર્ચા કરી હતી. પ્રધાન મંડળની જે બેઠક મળી હતી. તેમાં પરષોત્તમ રૂપાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. હવે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દિલ્હી ગયા છે. દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રિયકક્ષાની ચૂંટણી ઢંઢેરાની બેઠક મળી રહી છે આ બેઠકમાં તેઓ ઉપસ્થિત રહેવાના છે. આ પહેલા પણ તેઓ ચૂંટણી ઢંઢેરા સંબંધિત બેઠકમાં ગયા હતા અને તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક કરી હતી. ગુરુવારે ફરીથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત થઇ શકવાની શક્યતાઓ સેવાઈ રહી છે. જેમાં રાજ્યમાં આગામી રણનીતિ અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી શકે છે.

# દાહોદ લોકસભા બેઠક પર કૉંગ્રેસે નવ વખત જીત મેળવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ લોકસભા બેઠકમાં સંતરામપુર, ફતેપુર, ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબડા, દેવગઢબારીયા વિધાનસભાનો સમાવેશ થાય છે. આ આદિવાસી માટે અનામત બેઠક છે. આ બેઠક અત્યાર સુધી કૉંગ્રેસ હસ્તક હતી. કૉંગ્રેસ દાહોદ લોકસભા બેઠક પર અત્યાર સુધીમાં નવ વાર જીત મેળવી છે. જ્યારે ભાજપે ચાર વાર જીત મેળવી છે. આ લોકસભા બેઠક આદિવાસી વિસ્તારને આવરી લે છે. ખાસ કરીને આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળે છે. આ ઉપરાંત રોજગારને લઇને વર્ષોથી સમસ્યા આ વિસ્તારમાં જોવા મળે છે. દાહોદ લોકસભા બેઠક પર સોમાભાઇ ડામોરે સૌથી વધુ ૬ વાર જીત મેળવી હતી. જેના કારણે કૉંગ્રેસ આ વિસ્તારમાં પોતાનું પ્રભુત્વ જમાવી શકી હતી. વર્ષ ૨૦૨૪માં ભાજપે જસવંતસિંહ ભાભોરને ટિકિટ આપી મેદાને ઉતાર્યા છે.

દાહોદ લોકસભા બેઠક આદિવાસી વિસ્તારને આવરી લે છે. આ બેઠક પર અત્યાર સુધીમાં કૉંગ્રેસે નવ વાર જીત મેળવી છે. દાહોદ લોકસભા બેઠક પર કૉંગ્રેસે સૌ પ્રથમ ૧૯૬૭ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. આ ચૂંટણીમાં કૉંગ્રેસમાંથી બી.આર પરમાર ચૂંટણી લડી રહ્યા હતા. બી.આર પરમારે એસડબલ્યુએ પક્ષના એલ બી પટેલને હરાવીને જીત મેળવી હતી. ત્યાર બાદ વર્ષ ૧૯૭૭ થી ૧૯૯૮ સુધી કૉંગ્રેસ સતત આ બેઠક પર જીત મેળવી છે. જ્યારે વર્ષ ૧૯૯૯ની ચૂંટણીમાં દાહોદ લોકસભા બેઠક પર ભાજપની પ્રથમ વાર જીત થઇ હતી. જો કે, છેલ્લા બે ટર્મથી આ બેઠક પર ભાજપ વિજેતા બન્યુ હતુ. દાહોદ બેઠક પર ભાજપને માત્ર ચાર વાર જીત મળી છે. વર્ષ ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પ્રથમ વાર દાહોદ લોકસભા બેઠક પર જીત મેળવી શક્યુ હતું.

ભાજપના ઉમેદવાર બાબુભાઇ કટારાએ કૉંગ્રેસના ઉમેદવાર સોમજીભાઇ ડામોરને હરાવ્યા હતા. ત્યાર બાદ વર્ષ ૨૦૦૪, ૨૦૧૪ અને ૨૦૧૯માં દોહોદ લોકસભા બેઠક પર ભાજપની જીત થઇ હતી. વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાંભોરે કૉંગ્રેસના ઉમેદવાર બાબુભાઇ કટારાને હરાવ્યા હતા. જો કે, વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપે ફરી એક વાર જશવંતસિંહ ભાભોરને દાહોદ બેઠક પર ઉમેદવાર બનાવ્યા છે. સોમાભાઇ ડામોર દાહોદ બેઠક પરથી સૌથી વધુ વાર જીત મેળવનાર સાંસદ હતા. તેમને દાહોદ લોકસભા બેઠક પર પ્રથમ વર્ષ ૧૯૮૦માં ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં સોમાભાઇ ડામોરે જેએનપી પક્ષના ગોવિંદસિંહ નિનામાને હરાવીને પ્રથમ જીત મેળવી હતી. ત્યાર બાદ સોમાભાઇ ડામોર વર્ષ ૧૯૮૦ થી લઇને ૧૯૯૮ સુધી દાહોદ બેઠક પર જીતતા આવ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર બાબુભાઇ કટારાએ સોમાભાઇ ડામોરને હરાવીને જીત મેળવી હતી.

# ભાજપે ૧૦ વર્ષમાં ₹ ૮૨.૫૨ અબજનું દાન મેળવ્યું પણ કૉંગ્રેસનાં ખાતાં ફ્રીઝ કર્યાઃ શક્તિસિંહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપે છેલ્લા ૧૦ વર્ષમાં ૮૨.૫૨ કરોડ રૂપિયાનું દાન મેળવ્યું છે. સત્તામાં હોય તેમની પાસે શસ્ત્ર, શાસ્ત્ર, સત્તા સંપત્તિ બધું જ હોય. જેથી તે પોતાનું ધાર્યું કરી શકે, આજે સત્તાના મદમાં કૉંગ્રેસના ખાતા સિઝ કરી કૉંગ્રેસ ચૂંટણી લડી ન શકે રૂપિયા વગર એવી સ્થિતિમાં મુકવા પ્રયાસ કર્યો છે, પરંતુ અમે તો પણ ચૂંટણી લડીશું અને જીતીશું, તેવું ભાવનગર ખાતે ભાજપ પર શાબ્દિક પ્રહાર કરતા કૉંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે,

ભાવનગર ખાતે આમ આદમી પાર્ટીના લોકસભાના ઉમેદવાર ઉમેશ મકવાણાના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે યોજાયેલી સભામાં શક્તિસિંહે ભાજપ પર શાબ્દિક પ્રહારો કરતા કહ્યું હતું કે, ભાજપે આ ૧૦ વર્ષમાં ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયા જેટલું દાન મેળવ્યું છે.

આજે સત્તાના મદમાં કૉંગ્રેસના ખાતા સિઝ કરી કૉંગ્રેસ ચૂંટણી લડી ન શકે રૂપિયા વગર એવી સ્થિતિમાં મુકવા પ્રયાસ કર્યો પરંતુ અમો તો પણ ચૂંટણી લડીશું અને જીતીશુ. તેમણે કહ્યું હતું કે, ભાજપ હાલ કહી રહ્યું છે કે ૪૦૦ પાર, પરંતુ આ સીટોની વાત નથી. ભાજપના લોકો પેટ્રોલ-ડીઝલના ભાવની વાત કરી રહ્યા છે. મનમોહન સિંહની સરકાર વખતે ભાજપના લોકોને રૂપિયો ૪૦૦નો ગેસ સિલિન્ડર મોંઘો લાગતો હતો અને આજે તેઓએ ગેસ સિલિન્ડરનો ભાવ ૧૧૦૦ રૂપિયા કરી નાખ્યો છે. જો આવી જ પરિસ્થિતિ રહી તો વર્ષ ૨૦૨૯માં ગેસ સિલિન્ડરનો ભાવ ૨૧૦૦ રૂપિયા હશે. આ પ્રસંગે ભાવનગરના માર્ગો પર ભવ્ય રેલી પણ યોજવામાં આવી હતી.

# નડિયાદ રેલવે પોલીસે પરપ્રાંતીય ઈસમ પાસેથી ૪.૪૦ કિલો ગાંજો ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નડિયાદ રેલવે સ્ટેશને કલકત્તા અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી ઉતરી બેગમાં રૂપિયા ૬૦,૪૦૦ની કિંમતનો ચાર કિલો ૪૦ ગ્રામ ગાંજોનો જથ્થો છુપાવી લઈને જતાં એક પરપ્રાંતિય ઈસમને નડિયાદ રેલવે પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસ પ્રાથમિક તપાસમાં ગાંજાનો જથ્થો અમદાવાદમાં સાબરમતી ખાતે રહેતા વિપુલ સુથાર નામના ઇસમને પહોંચાડવાનો હોવાનું જણાવ્યુ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ રેલવ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર બે ખાતે વહેલી સવારના સમયે કલકત્તા અમદાવાદ એક્સપ્રેસ ટ્રેન આવીને ઊભી રહી હતી જેથી સાબદી બનેલી નડિયાદ રેલવે પોલીસ ટ્રેનમાંથી ઉતારતા પેસેન્જર ઉપર વોચ શરૂ કરી હતી. તે દરમિયાન રેલ્વે સ્ટેશન ખાતે આવેલા પાર્સલ ઓફિસ પાસેના વચ્ચેના બ્રિજ પરથી ખભે બેગપેગ ભરવી શકમંદ હાલતમાં ઉતરેલા લલન પ્રમોદ સિંહ રહે મધુબાની બિહાર પોલીસને જોઈ ગભરાઈ ગયો હતો પોલીસે તેને અટકાવ્યો હતો અને પોલીસે તેની પાસેની બેગની તલાસી હાથ ધરી હતી તે દરમિયાન પોલીસને બેગમાંથી સેલોટેપ મારેલા ત્રણ પાર્સલમાં છુપાવીને રાખવામાં આવેલા ગાંજાનો ચાર કિલો ૪૦ ગ્રામ કિંમત રૂપિયા ૬૦૪૦૦નો જથ્થો મળી આવ્યો હતો જેથી પોલીસે લલન પ્રમોદ સિંહની અટકાયત કરી નશીલો ગાંજો તેમ જ એક મોબાઇલ અને રોકડા રૂપિયા ૯૪૦ સહિત કુલ રૂપિયા ૬૬,૪૪૦ની કિંમતનો મુદ્દા માલ કબજે કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ગાંજાનો જથ્થો બિહારના કરનારગઢ રેલવે સ્ટેશન ખાતેથી નયન બંગાળી નામના ઈસમે આપ્યો હતો જે જથ્થો તેના કહેવા મુજબ અમદાવાદ સાબરમતીના વિપુલ સુથાર નામના ઇસમને પહોંચાડવાનો હોવાનું ખુલાસો થયો હતો પોલીસે નાર્કોટિક્સનો ગુનો નોધી વોન્ટેડ આરોપી ઝારખંડ ધનબાદના નયન બંગાળી અને અમદાવાદ સાબરમતીના વિપુલ સુથાર નામના ઇસમોની શોધખોળ હાથ ધરી હતી.

# કેજરીવાલ અને હેમંત સોરેનનાં પત્ની ગુજરાતમાં પ્રચાર માટે આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટી દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના પત્ની સુનિતા કેજરીવાલ અને ઝારખંડના પૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનના પત્ની કલ્પના સોરેનને ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં પ્રચાર માટે લાવવા તૈયારી કરી રહ્યું છે. આપના કેજરીવાલ સહિતના ટોચના નેતાઓ જેલમાં છે અને અન્ય નેતાઓ દિલ્હીની પળોજણમાં ગુજરાતમાં પ્રચાર માટે આવી શકે તેવી સંભાવના ઓછી છે ત્યારે બન્ને મહિલાઓને મતદારો સમક્ષ લઇ જવામાં આવશે.

ઇન્ડિયા ગઠબંધનના નેજા નીચે કૉંગ્રેસ સહિત અન્ય પક્ષના નેતાઓ પણ રાજ્યમાં પ્રચાર માટે આવે અને આપના ઉમેદવારો માટે પ્રચાર કરે તે માટે પક્ષ દ્વારા આયોજન કરાઇ રહ્યું છે. આપને ગઠબંધન હેઠળ ભરૂચ અને ભાવનગરની બે બેઠક ફાળે આવી છે. તે માટે મુખ્યત્વે આ નેતાઓ પ્રચાર કરશે. ભાવનગરમાં બુધવારે આપના ઉમેદવાર ઉમેશ મકવાણાના કાર્યાલયના ઉદ્ઘાટનમાં પણ કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિત કૉંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ગોહિલે જણાવ્યું હતું કે, કેન્દ્રની ભાજપની સરકારને દેશના લોકોની ચિંતા નથી. તેઓ ફક્ત ૩૨ ટકા વોટના સહારે રાજ કરી રહ્યા છે કારણ કે, બાકીના વોટ વહેંચાઈ જાય છે. જો ૬૭ ટકા વોટોનું સંકલન થાય તો ૩૨ ટકાને આધારે રાજ ન કરી શકે તે માટે ઇન્ડિયા ગઠબંધનની રચના કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપના વિધાનસભામાં પાંચ ધારાસભ્ય ચૂંટાયા હતા. તેમાંથી વિસાવદરના ભૂપત ભાયાણી રાજીનામું આપીને ભાજપમાં ભળી ગયા છે. આપને લોકસભાની ચૂંટણીની બે બેઠકો ઉપર તેમના બે ધારાસભ્યોને જ ટિકિટ આપી ચૂંટણી લડાવવાની ફરજ પડી છે.

# અમદાવાદમાં મહિલાઓને પેસેન્જર તરીકે બેસાડી સોનાના દાગીનાની ચોરી કરતી ગેંગ ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પોશ વિસ્તારમાં રિક્ષામાં પેસેન્જર તરીકે મહિલાઓને બેસાડીને કટરથી સોનાના દાગીના કાપીને ચોરી કરતી ગેંગની પોલીસે ધરપકડ કરી હતી. ગેંગના સભ્યો અગાઉથી રિક્ષામાં પેસેન્જર તરીકે બેસતા હતા અને બાદમાં મહિલા પેસેન્જરને ભીડ હોવાથી આગળ પાછળ થવાનું કહીને ચોરી કરતા હતા. પોલીસે પકડેલી આ ગેંગે નવરંગપુરા અને અડાલજમાં ગુના આચર્યા હોવાનું બહાર આવ્યું હતું. આરોપીઓ પકડાઇ ન જાય તે માટે રિક્ષાની નંબર પ્લેટમાં લીંબુ મરચાં કે ફૂલનો હાર લગાવી દેતા હોવાની મોડસ ઓપરેન્ડી તપાસમાં બહાર આવી હતી. પોલીસે બાતમી આધારે મહિલાઓને રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી ભીડનો લાભ લઇને સોનાની ચેઇન કટરથી કાપીને ચોરી કરતી ગેંગની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી લાલા પટણી, જીગ્નેશ મસ્કે અને કનુ પટણીની ધરપકડ કરી નવરંગપુરા અને અડાલજમાં બનેલા ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી બે સોનાની ચેઇન, પેંડન્ટ મળીને કુલ રૂ. ૨.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ તપાસમાં આરોપીઓની ગેંગના સભ્યો મહિલાઓને જ પેસેન્જર તરીકે બેસાડતા હતા. જેમાંથી ત્રણ લોકો પહેલાથી રિક્ષામાં પેસેન્જર તરીકે બેસી જતા બાદમાં ભીડ થતાં મહિલાને આગળ પાછળ થવાનું કહીને વાતોમાં ભોળવીને સોનાની ચેઇન કટરથી કાપી નાખી રસ્તામાં ઉતરીને ભાગી જતા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદમાં કૅફેની આડમાં હુક્કાબાર ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી હુકકાબાર પર કોર્ટે પ્રતિબંધ ફરમાવતા તમામ હુક્કાબાર બંધ હતા. શહેરના સરખેજ વિસ્તારમાં કેફેની આડમાં હુક્કાબાર ચાલતા હોવાનું પોલીસના ધ્યાને આવતા રેડ કરી ગેરકાયદેસર હુકકાબાર પકડ્યું હતું. પોલીસે ગુનો નોંધી ૩૭ હુકકાઓ અને અલગ અલગ ફ્લેવર્સ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

સરખેજ વિસ્તારના જાણીતા કેફે બહારથી કોઈને શંકા ન જાય તે પ્રકારે કેફે ચલાવવામાં આવતું હતું. હુકકા બારના રસિકો માટે ખાસ આયોજન કેફેની અંદરના ભાગે કરવામાં આવ્યું હતું. હર્બલ હુક્કાના નામે નિકોટીનયુક્ત હુક્કાઓ અહીંયા ખાસ સવલતો સાથે પીરસવામાં આવતા હતા. પોલીસ મોડી રાત્રે આ કેફેમાં ત્રાટકી હતી. દરમિયાન સંખ્યાબંધ ગ્રાહકો હુકકા પીતા નજરે પડ્યા હતા. આ તમામ હુક્કાઓ અને ફલેવર પોલીસે કબજે કરી એફએસએલમાં તપાસ અર્થે મોકલી આપી હતી. પોલીસે કેફે પરથી સીલબંધ હાલતના ૧૪૬ હર્બલ ફ્લેવરના પેકેટ, નાના મોટા હુક્કા નંગ-૩૭ સહિત કુલ ૬૨ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે પ્રાથમિક તપાસ કેફની આડમાં છેલ્લા બે માસથી આરોપી અને કેફે માલિક ભાવિન પટેલ રૂપિયા બે લાખના ભાડેથી સરખેજ રોડ પર કેફે ચલાવતો હતો અને એક હુક્કાના ગ્રાહકો પાસેથી ૮૦૦ રૂપિયા વસૂલતો હતો.

# ગુજરાતમાં ભરઉનાળે બે જિલ્લામાં વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભર ઉનાળે વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાજ્યના અરવલ્લી અને કચ્છ જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડ્યો હતો. જેના પગલે એરંડી, ઘઉં સહિતના ઉતારા પર આવેલા પાકને ભારે નુકશાન થતાં જગતનો તાત ભારે ચિંતિત બન્યો છે.

રાજ્યના અનેક જિલ્લાઓમાં ગુરુવારે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. રાજ્યમાં એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ વરસાદનું આગમન થયું હતું. ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને શામળાજી ભિલોડા સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. જ્યારે કચ્છ જિલ્લામાં પણ કમોસમી વરસાદનું આગમન થયું હતું. ગુરુવાર વહેલી સવારથી સરહદી જિલ્લા કચ્છમાં વાદળો ઘેરાયાં હતાં અને કેટલાક વિસ્તારોમાં હળવા છાંટા પડ્યા હતા. રાજ્યમાં કમોસમી વરસાદ અને વાદળછાયા વાતાવરણને પગલે લોકોને આકરી ગરમીથી થોડી રાહત મળી હતી. જોકે, કમોસમી માવઠાથી ઘાસચારો અને ઘઉંના પાકને નુકસાન થવાના ભયથી ધરતીપુત્રો ચિંતામાં મૂકાયા છે.

# સુરતમાં બૅંક મેનેજરે ફાંસો ખાઈ આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કાપોદ્રા વિસ્તારમાં બેંક મેનેજરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસે ગુનો નોંધી આપઘાત પહેલા લખેલી સ્યૂસાઈડ નોટ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ અમરેલી જિલ્લાના વતની અને હાલમાં સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલા સુખસાગર એપાર્ટમેન્ટમાં રહેતા અપરણિત રાકેશ નવાપરીયા (ઉ.વ.૩૨) ખાનગી બેંકમાં મેનજર તરીકે નોકરી કરતા હતા. તે ભાઈ અને ભાભી સાથે રહેતો હતો. દરમિયાન રાકેશે સુસાઈડ નોટ લખી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. રાકેશે સ્યૂસાઈડ નોટમાં લખ્યું હતું કે, ''સોરી..સોરી.. ભાઈ હું માનસિક રીતે એટલો કંટાળી ગયો હતો કે મારે આ પગલું ભરવું પડ્યું, વંશીને હું બવ મીશ કરીશ, જે મને રોજ રમાડવાની મજા આવતી અને બાનું ધ્યાન રાખજો અને ભાભીનું પણ, મારી એક ભૂલ બધાને નડી આથી હું આ પગલું ભરું છું, મારા બધાયને જય શ્રી ક્રિષ્ના બેંકમાં ૨૦ લાખનું ઇન્સયોરન્સ કવર છે.'' પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# જેલમાં સજા કાપી રહેલા ચાર કેદી પરીક્ષામાં કોપી કરતાં ઝડપાયા

અમદાવાદઃ ગુજરાતમાં તાજેતરમાં પૂર્ણ થયેલી ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં વર્ગખંડોના સીસીટીવી તપાસવાની કામગીરી શરૂ કરાઇ હતી. અમદાવાદ શહેરની શાળાઓના સીસીટીવી તપાસતા ૨૧ કોપી કેસના બનાવો બહાર આવ્યા હતા. વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય તે દરમિયાન વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ જેલમાં પરીક્ષા આપતા ચાર કેદી પણ કોપી કરતા ઝડપાયા હતા. ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં વર્ગખંડોના સીસીટીવી તપાસવાની કામગીરી શરૂ કરાઇ હતી. અમદાવાદ શહેરની શાળાઓના સીસીટીવી તપાસતા ૨૧ કોપી કેસના બનાવો બહાર આવ્યા હતા. વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય ત્યારે વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ જેલમાં પરીક્ષા આપતા ચાર કેદી પણ કોપી કરતા ઝડપાયા હતા. બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ ડીઈઓ કક્ષાએથી દરેક વર્ગના સીસીટીવી તપાસવામાં આવ્યા હતા. તપાસમાં જે વિદ્યાર્થીઓની હલનચલન શંકાસ્પદ દેખાય તેમને ફરીથી ચેક કરવામાં આવતા હતા.વિદ્યાર્થીઓ એકબીજામાંથી જોઈને લખતા હોય, કાપલી, મોબાઈલ લાવ્યા હોય તેમની ઓળખ કરવામાં આવી હતી. તમામની ઓળખ કરી ડીઈઓ કચેરી સીડી મોકલવામાં આવી હતી. જેનું જિલ્લા શિક્ષણ અધિકારી કક્ષાએથી હિયરિંગ કર્યા બાદ કોપીકેસના ૧૬ બનાવો બહાર આવ્યા છે. બોર્ડની પરીક્ષામાં અમદાવાદમાં પાંચ વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા બાદ તેમની સામે કોપી કેસ કરાયા હતા. જેમાં અમદાવાદ શહેર ડીઈઓ હેઠળ આવતી શાળાઓમાં ગેરરીતિ કરતા ૧૬ બનાવો સીસીટીવીમાં સામે આવ્યા છે. કુલ ૨૧ પૈકી ધોરણ ૧૦ના ૧૦ વિદ્યાર્થીઓ, ૧૨ સાયન્સના છ અને સામાન્ય પ્રવાહના પાંચ વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા હતા. વિદ્યાર્થીઓ એક બીજાને પૂરવણી આપતા, કાપલી લઈને બેઠા હોય, કપડા પર લખાણ લઈને આવ્યા હોય અને આજુબાજુમાં જોઈને લખતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું હતું. અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા ૪૯ કેદીઓ આપી રહ્યા હતા. જેમાં ૪ કોપીકેસ સીસીટીવીની તપાસ કરતા બહાર આવ્યા છે. જેમાં ૪ પરીક્ષાર્થીઓ એકબીજાને પુરવણીની અદલા બદલી કરતા હોવાનું બહાર આવ્યું છે.આ ચારેય કેદીઓ ધોરણ ૧૦ની પરીક્ષા આપી રહ્યા હતા.

# અમદાવાદની એસવીપી હૉસ્પિટલમાં વિરોધઃ હાઉસકિપિંગના ૧૫૦થી વધુ કર્મી હડતાળ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આવેલી એસવીપી હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ પ્રથા મામલે હાઉસકિપિંગમાં કામ કરતા ૧૫૦થી વધુ કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને હડતાળ પર ઉતર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની એસવીપી હોસ્પિટલમાં ખાનગી કંપનીનો કોન્ટ્રાક્ટ હતો. આ કંપનીમાં કામ કરતા કર્મચારીઓને રાતોરાત બદલાયેલા કોન્ટ્રાક્ટ બીજી ખાનગી એન્ટરપ્રાઇઝમાં સમાવેશ કરવામાં આવતા કર્મચારીઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. હાઉસકિપિંગના કર્મચારીઓના સમર્થનમાં કૉંગ્રેસના અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના ઉમેદવાર ભરત મકવાણા પણ આવ્યા છે. હાઉસકિપિંગમા કામ કરતા કોન્ટ્રાક્ટ કામદારોને કાયમી દરજ્જો આપવામાં આવે અને કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવાની માગ કરી છે.

# અમદાવાદ પોલીસ કમિશનરે માર્ચમાં ૮૯ ગુનેગારને પાસા કર્યા

અમદાવાદઃ શહેર પોલીસ કમીશનરે માર્ચ મહિનામાં ૮૯ માથાભારે તત્ત્વોને પાસા કરી ને જુદી જુદી જેલના હવાલે કરી દીધા છે. શહેર પોલીસે કડકાઇથી કામગીરી શરૂ કરતાં ગુનેગારો પણ દોડતા થઇ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં શાંતિ રહે અને ગુનાખોરી અટકે તેના માટે પોલીસ કમિશનર દ્વારા ગુનેગારો સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. માર્ચ મહિનામાં પોલીસ કમિશનરના આદેશથી ૮૯ના પાસા કરી દેવામાં આવ્યા છે જેમાં સૌથી વધુ પ્રોહિબિશનના ૪૩ ગુનેગારોનો સમાવેશ થાય છે. મારામારીના રીઢા ૨૩ ગુનેગારો સામે અને મિલકત સંબંધી ગુનામાં સંડોવાયેલા ૨૧ આરોપી સામે પાસા કરાયા છે. સાયબર ક્રાઇમ કરનાર એક સામે અને ક્રૂરતાવાળા એક આરોપીને પાસા કરાઇ છે. પાસા કરાયેલા આરોપીઓ પૈકી ૧૯ને વડોદરા, ૧૯ને ભૂજ, ૨૬ને રાજકોટ તથા ૨૫ને સુરત જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. આવી જ રીતે અન્ય શહેરોના રીઢા ગુનેગારોને પાસા કરીને અમદાવાદ જેલમાં પણ રવાના કરવામાં આવ્યા છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 81 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 April 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૫ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u






## પ્રકલ્પની વિશેષતાઓ

- પ્રકૃતિના ૫ તત્ત્વોથી પ્રેરિત
- વસઈ સ્ટેશનથી ચાલવાના અંતરે
- પ્રીકાસ્ટ ટેક્નોલોજીથી બનેલું
- ૨૩ માળનો ટાવર
- ફોરેસ્ટ થીમ ગાર્ડન
- ૫૦+ વિશ્વસ્તરીય સુવિધાઓ

### લૉંચિંગ સીમિત ફ્લેટ્સ

**૧ BHK @ ₹ ૧૯,૯૯,૯૯૯#**

₹ ૨.૫ લાખ* સરકારી અનુદાનની પછી પ્રભાવી મૂલ્ય

સ્પોટ એલોટમેંટ

પાત્રતાઃ વાર્ષિક કૌટુંબિક આવક ₹ ૬ લાખ* સુધી

પ્રથમ આવનારને પ્રથમ પ્રાથમિકતા | ₹ ૧,૦૦૦* મુદ્રાંક શુલ્ક

તમારી અરજી અહીં રજીસ્ટર કરો
https://lottery.surakshasmartcity.com
લોટરી અરજીની છેલ્લી તારીખ : ૧૨મી મે ૨૦૨૪

SCAN FOR BROCHURE

શો ફ્લેટ તૈયાર

સેલ્સ અને સાઈટ ઓફિસઃ સુરક્ષા સ્માર્ટ સિટિ, રાજાવલી, સ્ટેશન રોડ, વસઈ (પૂર્વ) ૪૦૧૨૦૮.

प्रधान मंत्री आवास योजना-शहरी
Pradhan Mantri Awas Yojana-Urban
PROJECT WAS APPROVED AT THE 52nd CSMC MEETING HELD ON 20/01/2021 AND THE 60th CSMC MEETING HELD ON 30/03/2022 IN NEW DELHI.

SURAKSHA SMART CITY PHASE 1 has been registered via MahaRERA registration number: P99000023396 and is available on the website: https://maharera.mahaonline.gov.in under registered projects.

*The benefits outlined are in accordance with the current government notification and are subject to change. These benefits apply to buyers who meet the eligibility criteria under PMAY. The applicant and/or his/her family should not own a pucca house either in his/her name or in the family name of any member of his/her family in any part of India. The allocation of houses is restricted to eligible beneficiaries.

'300+ acres is the size of the entire plot which shall be developed in phases. The common township amenities and facilities that may come up in the project are as per the currently approved layout and are subject to change in the future as per developer's discretion. The common township amenities and facilities indicated herein pertain to the entire layout and will be constructed when all the phases are developed. The location and the provision of the amenities and facilities are at the proposal stage and are subject to approval from the competent authorities. The developer reserves the right to make additions, deletions, alterations, or amendments to the layout, plans, designs, specifications, or features as and when it deems fit and proper without any prior notice. This advertisement is merely conceptual and is not a legal document. It does not constitute part of an offer and/or contract between the developer and the recipient. Any purchase of this development shall be governed by the terms and conditions of the agreement for sale entered into between parties. Recipients are advised to apprise themselves of the necessary and relevant information about the project before making any purchase decisions. The official website of Suraksha Smart City is www.surakshasmartcity.com. Please do not rely on the information provided on any other website. "Suraksha Smart City" is a brand name for the larger project and the information given herein also pertains to the larger project. *T&C Apply.

☎ 80870 94474
www.surakshasmartcity.com
અમને ફોલો કરોઃ

ANOTHER IDEA Millennium

### બુલેટ ટ્રેન માટે બ્લાસ્ટ નહીં કરાય

## સરફેસ માઈનર મશીનનો થશે ઉપયોગ: બીકેસીમાં ભૂગર્ભ સ્ટેશન માટે ખોદકામને મળી ગતિ

મુંબઈ: બુલેટ ટ્રેનના બીકેસીમાં બની રહેલા ભૂગર્ભ સ્ટેશનના કામ માટે ધ્વનિ અને પ્રદૂષણ ન થાય એ માટે બ્લાસ્ટને બદલે સરફેસ માઇનર મશીનનો ઉપયોગ કરીને ખોદકામ કરવામાં આવશે. બીકેસીમાં સતત ઊડતી ધૂળને કારણે વાયુ પ્રદૂષણ મોટા પ્રમાણમાં નોંધાય છે. આમાં વધુ મુશ્કેલી ન થાય એ માટે નવી તરકીબ શોધવામાં આવી છે.

મુંબઈમાં બુલેટ ટ્રેનના કામને ગતિ મળી રહી હોઇ બીકેસીમાં ચાલી રહેલા સ્ટેશનના કામમાં ઉત્તરોત્તર પ્રગતિ થઇ રહી છે. બુલેટ ટ્રેન માટે જમીનની નીચે ૩૨ મીટર ઊંડું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં બુલેટ ટ્રેનનાં ચાર સ્ટેશનો હોઇ એમાં બીકેસી, થાણે, વિરાર અને બોઈસરનો સમાવેશ થાય છે. આમાંનું બીકેસી સ્ટેશન ભૂગર્ભમાં બની રહ્યું છે, જ્યારે બાકીનાં ત્રણ સ્ટેશનો જમીન પર બાંધવામાં આવી રહ્યાં છે.

બીકેસીથી શરૂ થતી બુલેટ ટ્રેન શિલફાટા સુધી ભૂગર્ભમાં દોડશે, જ્યારે શિલફાટાથી થાણે સુધીનો બુલેટ ટ્રેનનો પ્રવાસ જમીન પર દોડશે. હાલની સ્થિતિમાં બ્લાસ્ટિંગ માત્ર ઘણસોલી અને વિક્રોલી ખાતે થવાનું છે. અહીં ટનલ બોરિંગ મશીન જમીનમાં ઉતારવામાં આવશે. દરમિયાન મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટનું કામ નેશનલ હાઈસ્પીડ રેલવે કોર્પોરેશન કરી રહ્યું છે.

થાણે અને પાલઘર જિલ્લામાં પ્રોજેક્ટના સ્થળે માટીના પરીક્ષણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. માટીના નમૂના લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હોઇ પરીક્ષણને અંતે પ્રોજેક્ટમાં કયા ઠેકાણે કઇ પદ્ધતિથી બાંધકામ કરવું તેનો ખયાલ આવશે. ■

**રાજ્યની જમીન પર કામ શરૂ**

રાજ્યમાં બુલેટ ટ્રેન કોરિડોરની જમીન પર બાંધકામની શરૂઆત થઇ ગઇ છે. બીકેસીથી શિલફાટા દરમિયાન ૨૧ કિમી ટનલ પૈકી પાણીની નીચેથી જનારી ૭ કિમી લાંબી ટનલનું કામ શરૂ થઇ ગયું છે. મુંબઈ, થાણે, વાપી, સુરત, વડોદરા, આણંદ અને અમદાવાદને પ્રોજેક્ટને કારણે ફાયદો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે નવેમ્બર, ૨૦૨૧થી આ કામ શરૂ થઇ ગયું છે.

## હવે આરટીઈ હેઠળ એડમિશન મળવામાં થશે મુશ્કેલી

મુંબઈ: રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (આરટીઈ) હેઠળ મુંબઈની ખાનગી સ્કૂલોમાં એડમિશન મળવાનું હવે મુશ્કેલ બની શકે છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ ડિરેક્ટોરેટ બુધવારે આરટીઈ હેઠળ સ્કૂલોમાં એડમિશન માટે સર્ક્યુલર બહાર પાડ્યું છે. આમાં એવું કહેવામાં આવ્યું છે કે આરટીઈ હેઠળ ૨૫ ટકા રિઝર્વ સીટ પર બાળકોને તેમના નિવાસસ્થાનથી એક કિમીની અંદર અનુદાનિત, સરકારી અને સ્થાનિક સંસ્થાની સ્કૂલ નહીં હોય, તો તેને એક કિમીની અંદર સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોમાં પ્રવેશ આપવામાં આવશે. મુંબઈમાં આમાં સૌથી વધારે ખાનગી સ્કૂલો આરટીઆઈ ક્ષેત્રની બહાર થઇ જશે. આરટીઈ એક્ટિવિસ્ટ વિજય કનોજિયાના જણાવ્યા અનુસાર સર્ક્યુલરમાં જે શરતો મૂકવામાં આવી છે તેનાથી મુંબઈની ખાનગી સ્કૂલ આરટીઈથી બહાર થઇ જશે. રાજ્ય સરકારની આ શરતોથી આરટીઈની પાછળના ઉદ્દેશોને ઝટકો લાગશે. સર્ક્યુલર અનુસાર જો એક કિમીમાં સ્કૂલ નહીં હોય તો વિદ્યાર્થીના ઘરથી ત્રણ કિમીમાં આવતી સ્કૂલોમાં એડમિશન માટે પ્રાથમિકતા આપવામાં આવશે.

કેન્દ્ર સરકારે આરટીઈ હેઠળ ગરીબ અને ધનવાન વિદ્યાર્થીઓ માટે એક સાથે શિક્ષણની વ્યવસ્થા કરી હતી, પણ હવે રાજ્ય સરકારે ખાનગી સ્કૂલોના દબાણમાં આવીને આરટીઈ હેઠળ ખાનગી સ્કૂલોમાં એડમિશન આપવા પર રોક લગાવવાની શરતો લગાવી છે, એવો દાવો કનોજિયાએ કર્યો છે. ■

### વાશી એપીએમસીની ઉપયોગિતા નજીકના સમયમાં જ પૂરી થશે

## જેએનપીટી નજીક આંતરરાષ્ટ્રીય દરજ્જાની માર્કેટ બનાવવાની સમિતિની ભલામણ

મુંબઈ: એપીએમસીની ઉપયોગિતા નજીકના સમયમાં જ પૂરી થવાની શક્યતા છે. શહેરના ભૌગોલિક સ્થાન અને વેપારી મહત્ત્વને ધ્યાનમાં લઇને જવાહરલાલ નેહરુ પોર્ટ વિસ્તાર (જેએનપીટી)માં આંતરરાષ્ટ્રીય દરજ્જાની પાયાભૂત સુવિધા ધરાવતી એપીએમસી વિકસિત કરવાની ભલામણ રાજ્ય સરકારને સ્થાપવામાં આવેલા અભ્યાસુ જૂથે કરી છે.

બજાર સમિતિની પરિસ્થિતિ અને તેનો ખેડૂતોને કેટલો લાભ થાય છે એ અંગે અભ્યાસ કરીને ઉપાયયોજના સૂચવવા માટે સરકારે ભૂતપૂર્વ કૃષિ કમિશનર ઉમાકાંત દાંગટની અધ્યક્ષતા હેઠળ અભ્યાસુ જૂથની સ્થાપના કરી હતી. માર્કેટિંગ ડિરેક્ટર કેદારી જાધવ, જોઈન્ટ સેક્રેટરી સુગ્રીવ ધપાટે સહિતના અનેક લોકો સમિતિમાં સભ્ય હતા. સમિતિએ હાલમાં જ પોતાનો અહેવાલ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને રજૂ કર્યો હોઇ એમાં વૈશ્વિક દરજ્જાની એપીએમસી જેએનપીટી નજીક વિકસિત કરવાની ભલામણ કરી છે. મુંબઈ એપીએમસીનું કામકાજ ૧૯૯૦-૯૧ સુધી ભાયખલા, દાણાબંદર, રે રોડ વગેરે ઠેકાણે ચાલતું હતું. જગ્યાની ઊણપ અને ટ્રાફિકમાં થતી મુશ્કેલીનો વિચાર કરીને તમામ માર્કેટને વાશી ખાતે સિડકોની જગ્યામાં સ્થળાંતર કરવામાં આવી હતી. આ માર્કેટમાં રાજ્ય તેમ જ અન્ય રાજ્ય અને વિદેશના માલની આવક થાય છે. ખાસ વાત તો એ છે કે સમિતિનું કાર્યક્ષેત્ર મુંબઈ, નવી મુંબઈ અને ઉરણ તાલુકાનાં અમુક ગામોમાં વસતિ વધવાને કારણે અહીં કોઇ પણ ખેતીનો માલ આવતો નથી. અમુક પ્રમાણમાં ફળો, શાકભાજી અને કાંદાની આવક ખેડૂતો દ્વારા થતી હોઇ બાકીનો ૭૦થી ૭૫ ટકા માલ વેપારી વર્ગ પાસેથી મોકલવામાં આવતો હોય છે. બજાર સમિતિમાં આ તમામ પ્રકારની ખેતીપેદાશ માર્કેટિંગ થયા બાદ એ માલ મુંબઈ અને અન્ય ઠેકાણે વેચવા માટે જતો હોય છે. મુંબઈ બજાર સમિતિનું કામકાજ અન્ય બજાર સમિતિ કરતાં જુદું, વેપારીથી વેપારી એવું છે. આને કારણે આ બજાર સમિતિની ઉપયોગિતા હવે પૂરી થઇ ગઇ હોઇ વાશી ખાતેની જગ્યા અપૂરતી થવા લાગી છે.

દરમિયાન વાશીમાં બજાર સમિતિ વિસ્તારમાં વસતિ વધી ગઇ હોવાથી આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વધી ગઇ છે. આનાથી ઊલટું જેએનપીટી વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય દરજ્જાની માર્કેટ વિકસાવવામાં આવે તો અટલ સેતુ પરથી મુંબઈમાં ગણતરીના કલાકોમાં ખેતીપેદાશ પહોંચાડી શકાશે. આ ઉપરાંત ખેતપેદાશની નિકાસને પણ ફાયદો થશે, એવું અભ્યાસ જૂથના અધ્યક્ષ ઉમાકાંત દાંગટે સરકારને જણાવ્યું હતું. ■

### શું તમારી બેગમાં બ્લેક મની તો નથીને?

## ચૂંટણીની પાર્શ્વભૂમિ પર રેલવે વિસ્તાર અને માર્ગો પર બેગનું ચેકિંગ થશે

મુંબઈ: રેલવે અને મુંબઈ પોલીસ બંનેએ રેલવે અને માર્ગો પર તપાસ અભિયાનને વધુ કડક બનાવવામાં આવ્યું છે. બોરીવલી રેલવે ફ્લાયઓવર બ્રિજ પર સામાન્ય લોકોની બેગોની પણ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અમને હાયર ઓથોરિટીએ એવો આદેશ આપ્યો છે કે કોઇ પણ વ્યક્તિની બેગની તપાસ કરો અને એ ધ્યાન રાખો કે શું એમાં ડ્રગ્સ કે પછી દારૂ તો નથી લાવવામાં આવી રહ્યોને, એવું એક અધિકારીએ જણાવ્યું હતું. અગર જો કોઇની બેગમાં વધુ પડતી રોકડ મળે તો તેનો હિસાબ પણ એ વ્યક્તિએ આપવો જરૂરી બની રહેશે.

મુંબઈમાં એ રેલવે સ્ટેશનો પર બેગો અને સૂટકેસનું વધુ પ્રમાણમાં ચેકિંગ થઇ રહ્યું છે જ્યાં મેલ ટ્રેનો ઊભી રહેતી હોય છે, એવું અધિકારીએ જણાવીને વધુમાં ઉમેર્યું હતું કે બોરીવલીમાં આંગડિયાઓ વધુ મુસાફરી કરતા હોય છે. ચૂંટણીની મોસમ ચાલી રહી છે એટલે તેઓ પાસે વધુ રોકડ હોવાની શંકા રહેતી હોય છે. રાતે ટોલનાકાં પર પોલીસનું ચેકિંગ અભિયાન ચાલી રહ્યું છે.

અમુક કાર્યવાહી તો અમે અમારી ઈનપુટ પર પણ કરી રહી રહ્યા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું, પણ મોટા ભાગની કાર્યવાહી તો અમે ચૂંટણી પંચના આદેશ પર જ કરી રહ્યા છીએ. પાંચ-પાંચ જણની ટીમમાં આ કામ થઇ રહ્યું છે. આમાં પોલીસ અને ચૂંટણી પંચના કર્મચારીનો સમાવેશ થાય છે. જો સી-વિજિલ એપ પર કોઇ નાગરિક ફરિયાદ કરે તો ચૂંટણી પંચની ફ્લાયિંગ સ્ક્વોડ ટીમ એ ઠેકાણે તાબડતોબ પહોંચી જતી હોય છે. બાકીનું ચેકિંગ ચૂંટણી પંચની સ્ટેંડિંગ સ્ક્વોડ ટીમ કરે છે, એવું અધિકારીએ જણાવ્યું હતું. ■

## શહીદની પત્નીને લાભ આપવામાં વિલંબ: હાઈ કોર્ટની તીખી પ્રતિક્રિયા

મુંબઈ: કેટલાક નિર્ણયો વીજળીની ગતિએ લેનારી મહારાષ્ટ્ર સરકાર શહિદની પત્નીને નાણાકીય સહાય આપવામાં વિલંબ કરી રહી હોવા બદલ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર સરકારની કડક શબ્દોમાં ટીકા કરી હતી. ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણી અને ન્યાયમૂર્તિ ફિરદોસ પુનીવાલાની ખંડપીઠે તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે 'અત્યંત મહત્ત્વના નિર્ણય લેવા બદલ સરકાર જે વિલંબ કરી રહી છે એ યોગ્ય નથી. શહીદના પરિવાર અંગે નિર્ણય લેવાથી સરકારની કીર્તિ વધે. વિશાળ ફલકના મુદ્દાઓ પર સરકાર ઝડપભેર નિર્ણય લેતી હોય છે. શહીદના પરિવારને સરકારી સહાય મુખ્ય પ્રધાન માટે મામુલી મુદ્દો લાગે છે.'

આતંકવાદીઓ સાથેની લડતમાં જમ્મુ - કાશ્મીરના કુપવાડા જિલ્લામાં શહીદ થયેલા મેજર અનુજ સુદનાં પત્ની આક્રિતિ સુદે ૨૦૧૦ અને ૨૦૨૦માં ભૂતપૂર્વ લશ્કરી કર્મચારીઓ માટે સરકારે રજૂ કરેલ બે ઠરાવ અંતર્ગત નાણાકીય સહાય માંગી હતી. બંદીવાન નાગરિકોને આતંકવાદીઓની ચુંગાલમાંથી છોડાવવાના પ્રયાસમાં મેજર સુદ બીજી મે, ૨૦૨૦ના દિવસે શહીદ થયા હતા. તેમને મરણોત્તર શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર સરકારે જણાવ્યા અનુસાર જેમનો જન્મ મહારાષ્ટ્રમાં થયો છે અથવા સાત ૧૫ વર્ષ સુધી જે રાજ્યમાં રહ્યા છે એ મદદ અને ભથ્થા માટે પાત્ર છે. જોકે, અદાલતે સુદના કેસને સ્પેશિયલ કેસ ઠેરવી તેમના પરિવારને લાભ આપી શકાય કે કેમ એવો સવાલ અદાલતે ગયા મહિને અદાલતને કર્યો હતો. (પીટીઆઈ) ■

### ખેડૂતોને રાહત

## યુએઇ ખાતે ૧૦ હજાર ટન કાંદા નિકાસ કરવાનો કેન્દ્રનો નિર્ણય

પુણે: કેન્દ્ર સરકાર દ્વારા કાંદા ઉત્પાદકો અને વેપારીઓને ૧૦,૦૦૦ ટન કાંદા યુનાઇટેડ અરબ એમીરેટ્સ (યુએઇ)માં નિકાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ખેડૂતો અને વેપારીઓમાં આનંદનો માહોલ સર્જાયો છે. નિકાસ રાષ્ટ્રીય સહકારી નિકાસ લિ. (એનએસએલએ) હેઠળ આ નિકાસને કરીને પરદેશી વેપારી વિભાગ દ્વારા બુધવારે કાંદાની નિકાસ બાબતે સૂચના જાહેર કરવામાં આવી હતી.

ભારત અને યુએઇ વચ્ચેની ગાઢ મિત્રતાને કારણે યુએઇ સરકાર દ્વારા ભારત સરકારને ૧૦,૦૦૦ ટન કાંદા નિકાસ કરવાની વિનંતી કરી હતી. ભારત સરકારે આ વિનંતીને સ્વીકારીને સરકાર હેઠળની એનએસએલએ દ્વારા કાંદા નિકાસ કરવાનો નિર્ણય લીધો હતો. નિકાસમાં કોઈપણ ગેરપ્રકાર ન સર્જાય તે માટે સરકારે એનએસએલએ દ્વારા નિકાસ કરવાનું પગલું ભર્યું છે, એવી માહિતી એક અધિકારીએ આપી હતી.

દેશમાં કાંદાના ભાવને કાબૂમાં મૂકવા માટે સરકાર દ્વારા કાંદા નિકાસ પર પૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પણ સરકારના નિર્ણયને કારણે ખેડૂતોની સાથે નિકાસ ક્ષેત્રથી જોડાયેલા દરેક વેપારીઓ અને કામગારોને મોટું આર્થિક નુકસાન થતું હતું. મહારાષ્ટ્રમાં બુધવારે કાંદાને પ્રતિ ક્વિન્ટલનો ભાવ ૧૧૦૦થી ૧૪૦૦ રૂપિયા નોંધવામાં આવ્યો હતો. તેમ જ કાંદાના પાકની કાપણીમાં વેગ આવતા કાંદાની આવકમાં વધારો થવાની સાથે કિંમતમાં વધુ ઘટાડો આવે એવી શક્યતા છે. સરકારે અનેક સમયથી કાંદાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો, પણ નિકાસ પર પ્રતિબંધ ન હત હાલના સમયમાં દેશમાં કાંદાનો ભાવ સરેરાશ ત્રણ હજાર રૂપિયા પ્રતિ ક્વિન્ટલ પહોંચ્યો હતો અને કાંદા નિકાસની માહિતી ખેડૂતોને હોવી જોઈએ જેથી સરકારે કોની પાસેથી કેટલા કાંદાની ખરીદી કેટલા દરમાં કરી એ બાબતની માહિતી મળશે, એવી માગણી કરવામાં આવી રહી છે. ■

# દેશ-વિદેશ

## ઈડીએ સોરેનની 'માલિકી'ના પ્લોટને ટાંચ મારી

રાંચી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનની કથિત માલિકીના ૮.૮૬ એકરની જમીન પર ટાંચ મારી છે, એવી માહિતી કેન્દ્રિય એજન્સીએ આપી હતી. ઈડીએ ૩૦ માર્ચે સ્પેશ્યલ પ્રીવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) કોર્ટમાં ઝારખંડ મુક્તિ મોરચાના નેતા સોરેન અને બીજા ચાર- ભાનુ પ્રતાપ પ્રસાદ, રાજકુમાર પહાન, હિલેરીયાસ કછાપ અને બિનોદ સિંહ સામે તહોમતનામું નોંધાવ્યું હતું. ઈડીએ નિવેદનમાં કહ્યું હતું કે કોર્ટે ગુરુવારે ફરિયાદી પક્ષની ફરિયાદની નોંધ લીધી હતી. ઈડીએ કોર્ટને ૮.૮૬ એકરના પ્લોટને ટાંચ મારવાની વિનંતી કરી હતી. ઈડીએ જાન્યુઆરીમાં રાંચીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાનમાં પૂછપરછ કર્યા બાદ તેમની ધરપકડ કરી હતી. જોકે એ અગાઉ તેમણે રાજીનામું આપી દીધું હતું. હાલમાં તેમને રાંચીની બિરસા મુંડલ સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રખાયા છે. (એજન્સી) ■

## હેમા માલિનીએ મથુરાથી ત્રીજી વખત ઉમેદવારી નોંધાવી

મથુરા: ભાજપનાં સાંસદ હેમા માલિનીએ ગુરુવારે મથુરા લોકસભા સીટ પરથી પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું.૨૦૧૪ અને ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં મથુરાથી સાંસદ તરીકે ચૂંટાયેલા હેમાને સતત ત્રીજી વખત આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

હેમા દ્વારા ઉમેદવારી પત્ર ભરવા દરમિયાન રાજ્યના જલ શક્તિ પ્રધાન સ્વતંત્ર દેવ સિંહ પણ હાજર હતા.પત્રકારો સાથે વાત કરતા હેમાએ કહ્યું કે, હું જનતાને કહીશ કે હું અહીં વધુ વિકાસ માટે ત્રીજી વખત આવી છું અને બાકી રહેલા તમામ કામ પૂર્ણ કરીશ. દરેકના સહયોગથી અહીં વિકાસ થશે.

તેમણે કહ્યું કે આ વખતે લોકસભાની ચૂંટણીમાં મથુરામાં યમુના નદીની સફાઈનું કામ પૂર્ણ કરવું, ૮૪ કોસી પરિક્રમા માર્ગનું નિર્માણ અને રેલવે ટ્રેક મુખ્ય મુદ્દા હશે.

છેલ્લા ૧૦ વર્ષમાં નદીની સફાઈ કેમ ન થઈ શકી તે અંગે પૂછવામાં આવતા માલિનીએ કહ્યું, ''આ એટલું સરળ નથી. ૫૦ વર્ષમાં પણ કોઈએ કર્યું નથી... ૧૦ વર્ષમાં કરવું મુશ્કેલ છે. બીજા ૫૦ વર્ષ આ માટે જરૂરી છે. તેમ છતાં, અમે તે કરી રહ્યા છીએ. મોદીજી ત્યાં છે, યોગીજી છે, આપણે બધા સાથે મળીને તે ઝડપથી કરીશું.''

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં મથુરામાં ૨૬ એપ્રિલે મતદાન થશે. આ તબક્કા માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ ચાર એપ્રિલ છે. ઉમેદવારી પત્રોની ચકાસણી પાંચ એપ્રિલે થશે જ્યારે આઠ એપ્રિલ સુધી નામો પરત ખેંચી શકાશે. ■

## ગૌરવ વલ્લભ કૉંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા

નવી દિલ્હી: લોકસભા ચૂંટણી પહેલા કૉંગ્રેસને સતત ઝટકાઓ લાગી રહ્યા છે. કૉંગ્રેસને રામરામ કર્યાના કલાકો પછી વરિષ્ઠ નેતા ગૌરવ વલ્લભ ગુરુવારે ભાજપમાં જોડાયા હતા.

બિહાર કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અનિલ શર્મા અને આરજેડી નેતા ઉપેન્દ્ર પ્રસાદ પણ તેના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડેની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. કૉંગ્રેસના સ્પષ્ટ પ્રવક્તા તરીકે ઓળખાતા વલ્લભે અગાઉ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને લખેલા રાજીનામાનો પત્ર શેર કર્યો હતો. તેમણે કહ્યું કે પાર્ટી જે દિશાવિહીન રીતે આગળ વધી રહી છે તેનાથી તેઓ આરામદાયક અનુભવતા નથી.

વલ્લભે કહ્યું કે હું ન તો સનાતન વિરોધી સૂત્રોચ્ચાર કરી શકું છું અને ન તો સંપત્તિ સર્જકોને ગાળો આપી શકું છું. તેથી હું પક્ષના તમામ પદો અને પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપું છું. ભાજપમાં જોડાવાના સમારોહમાં તેમણે કૉંગ્રેસની આર્થિક નીતિઓને લઇને આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ દ્વારા અનુસરવામાં આવેલા સુધારાઓ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની નીતિઓની મજાક ઉડાવે છે કારણ કે તે મોદી પ્રત્યે અણગમો દર્શાવે છે.

વલ્લભે કહ્યું કે તેઓ હંમેશા મુદ્દા આધારિત રાજનીતિને અનુસરે છે અને મોદીના એજન્ડા 'વિકસિત ભારત' તરફ આકર્ષાયા હતા. તેમણે કહ્યું કે તેઓ હંમેશાથી અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ઇચ્છે છે અને અભિષેક સમારોહમાં ન જવાના કૉંગ્રેસના નિર્ણયને સ્વીકારી શકતા નથી. કૉંગ્રેસના નેતાઓ અને સહયોગીઓએ સનાતન ધર્મ પર પ્રશ્નો ઉઠાવ્યા પરંતુ પાર્ટીએ કોઇ જવાબ આપ્યો ન હોવાનું તેમણે કહ્યું હતું. ■

## ૧૯૯૧થી ૯૯% થી વધુ અપક્ષ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી છે

નવી દિલ્હી: પાછલા વર્ષોના ડેટા દર્શાવે છે કે સ્વતંત્ર ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે, ૧૯૯૧થી ૯૯ ટકાથી વધુ અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝિટ ગુમાવી છે.

૨૦૧૯માં, ૮૦૦૦થી વધુ અપક્ષ ઉમેદવારોએ લોકસભાની ચૂંટણી લડી હતી, અને માત્ર ચાર જ જીત્યા હતા. ૯૯.૬ ટકાથી વધુ અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી હતી અને ભાજપનાં નવનિત રાણા સહિત ફક્ત ચાર જણ જીત્યા હતા.

ભારતના ચૂંટણી પંચ દ્વારા સંકલિત ડેટા દર્શાવે છે કે આઝાદી પછી, સ્વતંત્ર ઉમેદવારોની સંખ્યા વધુ રહી હોવા છતાં, ચૂંટણી જીતનારાઓની સંખ્યા ૧૯૫૧માં છ ટકાથી વધુ અને ૧૯૫૭માં આઠ ટકા હતી એ ૨૦૧૯માં ઘટીને લગભગ ૦.૧૧ ટકા ટકા થઈ ગઈ છે.

અપક્ષ ઉમેદવાર તે છે જે કોઈપણ માન્યતાપ્રાપ્ત પક્ષ સાથે જોડાયેલા નથી.

૧૯૫૧-૫૨ની પ્રથમ ચૂંટણીમાં ૫૩૩ અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી અને તેમાંથી ૩૭ જીત્યા હતા, જે લગભગ ૬.૯૦ ટકા થાય.

ચૂંટણીપંચના નિયમોમાં એવી જોગવાઈ છે કે જે ઉમેદવારો કુલ માન્ય મતોમાંથી ઓછામાં ઓછા છઠ્ઠા ભાગના મત મેળવવામાં નિષ્ફળ જાય છે તેમની ડિપોઝિટ ટ્રેઝરીમાં જમા કરવામાં આવશે.

૧૯૫૧માં સામાન્ય ઉમેદવારો માટે સિક્યોરિટી ડિપોઝિટની રકમ રૂ. ૫૦૦ અને એસસી/એસટી સમુદાયના ઉમેદવારો માટે રૂ. ૨૫૦ હતી. ત્યારથી આ રકમ સામાન્ય અને એસસી/એસટી ઉમેદવારો માટે રૂ. ૨૫૦૦૦ અને રૂ. ૧૨૫૦૦ સુધી વધી છે.

૧૯૫૭માં, ૧૫૧૯ અપક્ષ ઉમેદવારો લોકસભા ચૂંટણી લડ્યા હતા, જેમાંથી ૪૨ (૮.૭%) જીત્યા હતા. જો કે, ૬૭ ટકા અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝિટ ગુમાવી હતી. ■

## રાહુલ ગાંધી આઇયુએમએલના સમર્થનથી શરમ અનુભવે છે: કેન્દ્રીય મંત્રી ઇરાનીનો આક્ષેપ

વાયનાડ: કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાનીએ ગુરુવારે કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પર આરોપ મૂકતા કહ્યું કે તેઓ પક્ષના સહયોગી ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ(આઇયુએમએલ)થી શરમ અનુભવે છે, કારણ કે આ પહાડી જિલ્લામાં તેમના રોડ શૉ દરમિયાન તેના ધ્વજની ગેરહાજરી જોવા મળી હતી.

વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં અમેઠીમાં ગાંધીને પરાજિત કરનાર કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રીએ કહ્યું કે જો તેઓ ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઇયુએમએલ)થી શરમ અનુભવતા હોય તો તેમણે તેમનું સમર્થન નકારી કાઢવું જોઇએ. તેણીએ એમ પણ કહ્યું કે તેણે પ્રતિબંધિત પોપ્યુલર ફ્રન્ટ ઑફ ઇન્ડિયા(પીએફઆઇ)ની રાજકીય શાખા, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઇન્ડિયા (એસડીપીઆઇ)નું સમર્થન સ્વીકાર્યું હતું, તે વાતનો પણ તેણીને આઘાત લાગ્યો છે.

સ્મૃતિ ઇરાનીએ વાયનાડ લોકસભા બેઠક પરથી ભાજપના પ્રદેશ પ્રમુખ કે સુરેન્દ્રનનું નામાંકન દાખલ કર્યા પછી પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે તેમનું સમર્થન સ્વીકારીને તેમણે (ગાંધી) નામાંકન ફાઇલ કરતી વખતે લીધેલા બંધારણના શપથનું પણ ઉલ્લંઘન કર્યું છે. ઇરાનીએ એવો પણ પ્રશ્ન કર્યો હતો કે ઇન્ડિયા બ્લોકના વડા પ્રધાન પદના ઉમેદવાર કોણ છે અને શું ગાંધી તે પદ માટે સ્વીકાર્ય પસંદગી છે.

તેણીએ કહ્યું કે આ એ ગઠબંધન છે જેમાં 'નેતા' નથી, તેની પાસે 'નીતિ' નથી અને તેની 'નિયત'(ઇરાદો) લૂંટવાની છે જે ભારતના દરેક નાગરિક જાણે છે. ઇરાનીએ એવો પણ દાવો કર્યો હતો કે ભારત બ્લોક વિખેરાઇ ગયું હતું, કારણ કે સાથી પક્ષો-કૉંગ્રેસ અને ડાબેરીઓ-જોડાણની અંદર વાયનાડ લોકસભા મતવિસ્તારમાં તેમ જ સમગ્ર રાજ્યમાં એકબીજા સાથે યુદ્ધ કરી રહ્યા હતા. ■

## ઈરાનમાં બે અથડામણમાં ૧૦ સુરક્ષાકર્મી સહિત ૨૮નાં મોત, ૧૦ ઘાયલ

દુબઇ: દક્ષિણ-પૂર્વ ઇરાનમાં બે અલગ-અલગ ઘટનામાં અથડામણમાં ૧૮ બંદૂકધારી અને ઇરાની સુરક્ષા દળોના ૧૦ સભ્ય મૃત્યુ પામ્યા હોવાનું રાજ્ય મીડિયાએ ગુરુવારે જણાવ્યું હતું. સુરક્ષા દળના ૧૦ સભ્ય ઘાયલ થયા હોવાનું સત્તાવાર આઇઆરએનએ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું. એજન્સીના જણાવ્યા અનુસાર સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં રાજધાની તેહરાનથી લગભગ ૧૪૦૦ કિમી દક્ષિણપૂર્વમાં રાસ્ક શહેરમાં રિવોલ્યુશનરી ગાર્ડ પોસ્ટ અને ચાબહાર શહેરમાં કોસ્ટ ગાર્ડ સ્ટેશન ખાતે બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો ત્યારે રાતોરાત લડાઇ ફાટી નીકળી હતી. આઇઆરએનએએ જણાવ્યું હતું કે છ હુમલાખોર ઘેરાબંધી હેઠળ હતા અને બે સ્થળોએ બંધકોને પકડી રાખ્યા હતા. તેણે બંધકો વિશે વિસ્તૃત માહિતી આપી ન હતી, પરંતુ તેણે આતંકવાદી જૂથ જૈશ અલ-અદલને હુમલા માટે દોષી ઠેરવ્યો હતો, જે કથિત રીતે વંશીય બલુચ લઘુમતી માટે વધુ અધિકારો માગે છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સરહદે આવેલો અશાંત વિસ્તાર આતંકવાદી જૂથ, સશસ્ત્ર ડ્રગ સ્મગલરો અને ઇરાની સુરક્ષા દળોને સંડોવતા પ્રસંગોપાત ઘાતક અથડામણનું સ્થળ છે. ડિસેમ્બરમાં આતંકવાદીઓએ પ્રાંતના એક પોલીસ સ્ટેશન પર હુમલામાં લગભગ એક ડઝન પોલીસ અધિકારીઓની હત્યા કરી હતી. ■

## ગંભીર ગુનાનો ખટલો ચલાવવામાં વિલંબ જામીનનું કારણ ન બની શકે: હાઈકોર્ટ

### ૩૮ વર્ષીય આરોપીના જામીન નકાર્યા

મુંબઈ: નક્સલવાદીઓ સાથેની કથિત સ્વરૂપની સાઠગાંઠ તેમ જ ૧૫ પોલીસકર્મી માર્યા ગયા હતા એ પહેલી મે, ૨૦૧૯ના બોમ્બ ધડાકા કેસને કથિત સ્વરૂપે અંજામ આપવા બદલ ધરપકડ કરવામાં આવેલી ૩૮ વર્ષીય આરોપીના જામીન નકારતી વખતે બોમ્બે હાઈ કોર્ટે સ્પષ્ટતા કરી જણાવ્યું હતું કે ગંભીર ગુના અંગેનો ખટલો ચલાવવામાં થયેલો વિલંબ જામીન આપવાનું કારણ ન બની શકે. ન્યાયમૂર્તિ રેવતી મોહિત ડેરે અને ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેની ખંડપીઠે જણાવ્યું હતું કે આરોપી કૈલાશ રામચંદાની ઇરાદાપૂર્વક આતંકવાદી પ્રવૃત્તિને મદદરૂપ થયો હતો. અપકૃત્યના આ કેસમાં તેમની સંડોવણીનો પ્રથમદર્શી પુરાવો પણ છે. પાંચમી માર્ચે અદાલતે રામચંદાનીની અરજી ફગાવી દીધી હતી. આ આદેશની નકલ (કોપી) ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી.

બોમ્બ ધડાકામાં ૧૫ પોલીસકર્મી માર્યા ગયા હતા એ હકીકત સામે આંખ આડા કાન કરી શકાય એમ નથી. નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા અનુસાર આ કાવતરામાં રામચંદાનીની સંડોવણી હોવાનો પ્રથમદર્શીય પુરાવો છે' એમ અદાલતે જણાવ્યું છે. (પીટીઆઈ) ■

## રાજકોટ બાદ ગોંડલમાં પુરુષોત્તમ રૂપાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ: ગુજરાતમાં હાલ પુરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદનો ક્ષત્રિયોનો ગુસ્સો શમવાનો નામ નથી લેતો ત્યાં તેમને માથે વધુ એક મુશ્કેલી આવી પડે છે. રૂપાલા વિરુદ્ધ હવે રાજકોટની માફક ગોંડલમાં પણ ફરિયાદ નોંધાવામાં આવી છે. રૂપાલા વિરુદ્ધ આ ફરિયાદ ચોરડી ગામના હર્ષદસિંહ ઝાલા દ્વારા નોંધાવવામાં આવી છે.

રાજકોટની માફક ગોંડલમાં પિટિશન ફાઈલ કરવામાં આવી છે. રાજકોટ કોર્ટ ખાતે દાખલ કરવામાં આવેલી પિટિશન મામલે તા.૧૫મી એપ્રિલના રોજ વધુ સુનવણી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ક્ષત્રિય સમાજની નારાજગી બાદ બુધવારે રાજપૂત સમાજ સંકલન સમિતિના સભ્યો અને ભાજપના ક્ષત્રિય નેતાઓ વચ્ચે અમદાવાદના ગોતામાં બેઠક મળી હતી. જેમાં ક્ષત્રિય સમાજે એક જ વાત કરી, માફી નહીં રૂપાલાની ટિકિટ રદ કરો. સાથે જ ક્ષત્રિય સમાજના દેખાવો અને વિરોધ યથાવત્ રાખવાની પણ જાહેરાત કરાઈ છે. આ સાથે તેમણે રૂપાલાની ટિકિટ રદ કરવાની આ છેલ્લી બેઠક છે તેમ પણ જણાવ્યું હતું. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 81 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 April 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૫ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શૅરબજાર તેજીના ઉછાળા સાથે નવા વિક્રમી શિખરે

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

બાલટાલ માર્ગથી બરફ હટાવવાનું કામ શરૂ ૨

## દેશનો સર્વિસ પીએમઆઇ લગભગ ૧૪ વર્ષની ઊંચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શૅરબજારે નવી વિક્રમી ઊંચી સપાટી નોંધાવી છે. અર્થતંત્રના વિકાસના સારા સંકેત સાથે મજબૂત કોર્પોરેટ પ્રદર્શનની અપેક્ષાઓ સેન્સેક્સ અને નિફ્ટી બંને બેન્ચમાર્કે ગુરુવારના સત્રમાં નવી ઐતિહાસિક ઊંચી સપાટીએ સ્થાન મેળવ્યું છે. રોકાણકારોની નજર રિઝર્વ બેન્કની બેઠક પર છે, પરંતુ ફુગાવાની સ્થિતિ જોતાં વ્યાજદરમાં ફેરફાર થવાની આશા નથી.

સેન્સેક્સ ૩૫૦.૮૧ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ગુરુવારે ૭૪,૨૨૭.૬૩ પોઇન્ટની સર્વોચ્ચ સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી પણ ૮૦ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૨૨,૫૧૪.૬૫ પોઇન્ટની નવી વિક્રમી ટોચે પહોંચ્યો હતો.

સેન્સેક્સ અગાઉ સાતમી માર્ચે ૭૪,૧૧૯.૩૯ પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો હતો અને નિફ્ટીએ ૨૨,૪૯૩.૫૫ પોઇન્ટની સર્વોચ્ચ સપાટી નોંધાવી હતી.

આ સત્રમાં ખાસ કરીને આઇટી, કન્ઝયુમર ડ્યુરેબલ્સ, ફાઇનાન્શિયલ અને બેન્કિંગ સેક્ટરના શૅરોમાં જોરદાર લેવાલી જોવા મળી હતી. આ સત્રમાં પણ સ્મોલ કેપ શેરોમાં તેજીનો સળવળાટ યથાવત્ રહ્યો હતો.

એ જ સાથે, દેશનો સર્વિસ પીએમઆઇ લગભગ ૧૪ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. માર્ચમાં વેચાણ અને બિઝનેસ એક્ટિવિટીમાં વધારો થવાને કારણે દેશના સેવા ક્ષેત્રની કામગીરીમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો છે. એચએસબીસી ઇન્ડિયા સર્વિસિસ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ ફેબ્રુઆરીમાં ૬૦.૬ના સ્તરે હતો તે માર્ચમાં ૬૧.૨ની સપાટીએ પહોંચ્યો છે. આ ઉપરાંત, રોકાણકારોએ આરબીઆઈની મોનેટરી પોલિસિ કમિટીના વ્યાજ દરના નિર્ણયમાં યથાસ્થિતિની અપેક્ષા રાખતા પસંદગીના બેન્કિંગ શેરોમાં પણ સારી લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો. આરબીઆઇની છ સભ્યોની રેટ સેટિંગ પેનલે બુધવારે બેઠક શરૂ કરી (જુઓ પાનું ૨) ▶▶

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 64,710/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## જાપાનમાં ફરી મોટો ધરતીકંપ

### સુનામીનો ભય, પણ અણુઊર્જા મથક સુરક્ષિત

ટોક્યો (જાપાન): પૂર્વ જાપાનના હોન્શુ ટાપુના કાંઠાની નજીક ગુરુવારે ૬.૩ની તીવ્રતાવાળો ભૂકંપ થતાં સુનામીનો ભય ઊભો થયો હતો.

યુરોપિયન - મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટરે જણાવ્યું હતું કે જાપાનમાં ગુરુવારે ૩૨ કિલોમીટર (૧૯.૮૮ માઇલ)ની ઊંડાઇએથી ભૂકંપના આંચકા લાગ્યા હતા. આમ છતાં, ટોક્યોમાં આવેલા ધરતીકંપના આંચકાનું ઉદ્ભવ કેન્દ્ર ૪૦ કિલોમીટર (પચીસ માઇલ) ઊંડે હતું.

ફુકુશીમા અણુઊર્જા મથકની સંચાલક કંપની 'ટીઇપીસીઓ'એ જણાવ્યું હતું કે ભૂકંપને લીધે અણુઊર્જા મથકને કે તેના રિએક્ટરોને કોઇ નુકસાન નથી થયું અને બધું સલામત છે.

દ્વીપસમૂહના બનેલા આ રાષ્ટ્રની વસતિ ૧૨.૫ કરોડની છે અને ત્યાં અવારનવાર ધરતીકંપ આવે છે.

અમેરિકાના જિયોલોજિકલ સર્વેના (જુઓ પાનું ૨) ▶▶



**ભૂકંપઃ** પૂર્વ તાઈવાનના હૂઆલિન શહેરમાં આવેલા શક્તિશાળી ભૂકંપના એક દિવસ બાદ એટલે કે ગુરુવારે ઢળી પડેલી ઈમારતોની આસપાસ કાટમાળ. (એજન્સી)

## સીએએનો અમલ થશે જઃ મોદી

જમુઇ (બિહાર) અને કૂચ બિહાર (પશ્ચિમ બંગાળ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના કૂચ બિહાર ખાતે ચૂંટણી માટેની જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે વિપક્ષો નાગરિકત્વ સુધારા ધારા (સીએએ) અંગે અફવા ફેલાવી રહ્યા છે. અમે સીએએનો અમલ કરાવવા અને 'મા ભારતી'માં વિશ્વાસ રાખનારા લોકો (શરણાર્થીઓ)ને નાગરિકત્વ આપવા કટિબદ્ધ છીએ.

મોદીએ જણાવ્યું હતું કે વિપક્ષો પોતાના ભ્રષ્ટ નેતાઓને બચાવવા બનતા પ્રયાસ કરી રહ્યા છે. તેઓ સીએએ અંગે અફવા ફેલાવી રહ્યા છે, પરંતુ 'મા ભારતી'માં શ્રદ્ધા રાખનારા લોકો (શરણાર્થીઓ)ને ભારતનું નાગરિકત્વ આપવાની 'મોદીની ગૅરન્ટી' છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે હું ભ્રષ્ટાચારને નાબૂદ કરવા કહું છું, જ્યારે વિપક્ષો (પોતાના) ભ્રષ્ટ નેતાઓને બચાવવાની માગણી કરે છે.

તેમણે અગાઉ બિહારના જમુઇમાં જાહેરસભાને સંબોધતા આક્ષેપ કર્યો હતો કે અગાઉની કૉંગ્રેસ પક્ષની સરકાર પાકિસ્તાન દ્વારા ભારતમાં ફેલાવાતા ત્રાસવાદને રોકવામાં નિષ્ફળ ગયો હતો અને તેને લીધે ભારતની ગણના (જુઓ પાનું ૨) ▶▶

## ચૂંટણી પહેલા ફ્લાઈંગ સ્ક્વૉડે રોકડ, સોનું-ચાંદી અને પ્રતિબંધિત ₹ ૬૬ કરોડની વસ્તુઓ જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)


અમદાવાદઃ ગુજરાતમાં ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ફ્લાઈંગ સ્કવૉર્ડસ દ્વારા રોકડ, સોનું-ચાંદી અને પ્રતિબંધિત વસ્તુઓ મળી કુલ રુ.૬૬.૦૯ કરોડની ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. તેમજ રાજ્યભરમાંથી ૬૯૦૦થી વધુ ફરિયાદો મળી છે. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૪ તેમજ ત્યાર બાદ આવેલી અરજીઓ પૈકી ૧૪ લાખથી વધુ ફોટો ઓળખકાર્ડનું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફલાઈંગ સ્કવોડ્ર્સ દ્વારા અત્યાર સુધીમાં રુ.૫.૭૨ કરોડ રોકડ, રુ. ૯.૨૬ કરોડની કિંમતનો ૨.૯૭ લાખ લીટર કરતાં વધુ દારૂ, રૂ. ૨૦.૧૩ કરોડની કિંમતનું ૩૪.૫૯ કિલો સોનું અને ચાંદી, રૂ.૫૦ લાખની કિંમતના ૪૩૬.૯૮ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સિગારેટ, લાઈટર, અખાદ્ય ગોળ સહિતની રુ.૩૦.૪૭ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રુ.૬૬.૦૯ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

તા.૦૪/૦૪/૨૦૨૪ થી તા.૦૮/૦૪/૨૦૨૪ દરમિયાન રાજ્યના તમામ જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં ઈવીએમનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે. ફર્સ્ટ રેન્ડમાઇઝેશન બાદ રેન્ડમાઇઝ્ડ ઈવીએમની યાદી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને પૂરી પાડવામાં આવશે. રેન્ડમાઇઝ્ડ ઈવીએમ જિલ્લા ચૂંટણી (જુઓ પાનું ૨) ▶▶



**ચાંચિયાઃ** ભારતીય નૌકાદળે ગુરુવારે મુંબઈ પોલીસને નવ ચાંચિયા સોંપ્યા હતા. ૨૯ માર્ચે ભારતીય નૌકાદળના આઈએનએસ ત્રિશૂલ અને આઈએનએસ સુમેધાએ મધદરિયે સફળતાપૂર્વક ઑપરેશન પાર પાડીને અલ કામ્બર ફિશિંગ જહાજ અને તેનાં પર સવાર ૨૩ પાકિસ્તાની ક્રૂ મેમ્બરને છોડાવ્યા હતા. (એજન્સી)



**બચાવ કામગીરીઃ** બાલ્ટીમૉરમાં કન્ટેઈનર જહાજ દાલીને ટેકે ટકી રહેલા ફ્રાન્સિસ સ્કૉટ કી બ્રિજનો કાટમાળ ખસેડી રહેલી ક્રેન. (એજન્સી)

## સોનિયા ગાંધી, અશ્વિની વૈષ્ણવ સહિત ૧૪ જણાએ રાજ્યસભાના સભ્યપદનાં સોગંદ લીધા

નવી દિલ્હી : કૉંગ્રેસનાં ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવ સહિત ૧૪ વ્યક્તિએ ગુરવારે રાજ્યસભાના સભ્યપદનાં સોગંદ લીધાં હતાં. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડરે નવા સંસદભવનમાં તેમને સોગંદ લેવડાવ્યા હતા. સોનિયાએ રાજસ્થાનમાંથી જીતીને રાજ્યસભાના સભ્ય બનવાનાં સોગંદ લીધા હતા, જ્યારે અશ્વિનીએ ઓડિશાથી જીતીને સોગંદ લીધા હતા. કૉંગ્રેસના નેતાઓ અજેય માકેન અને સૈયદ નઝીર હુસૈન કર્ણાટકનું, ભાજપના નેતા આર. પી. એન. સિંહ ઉત્તર પ્રદેશનું અને ભાજપના સમિક ભટ્ટાચાર્ય બંગાળનું પ્રતિનિધિત્વ કરશે. કુલ ૧૪ (જુઓ પાનું ૨) ▶▶

## તેલંગણામાં ઉનાળામાં પીવાના પાણીના પુરવઠા પર દેખરેખ રાખવા ૧૦ આઈએએસ અધિકારીની નિમણૂક

હૈદરાબાદઃ દિવસે દિવસે ગરમીના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો હોવા વચ્ચે તેલંગણા સરકારે ઉનાળામાં ગ્રામીણ તેમ જ શહેરી વિસ્તારમાં પીવાના પાણીના પુરવઠા પર દેખરેખ રાખવા ૧૦ આઈએએસ અધિકારીની નિમણૂંક કરી છે.

આ તમામ અધિકારીઓને અલગ અલગ જિલ્લા ફાળવી દેવામાં આવ્યા છે.

આ અધિકારીઓને જિલ્લા કલેક્ટર તેમ જ રાજ્યકક્ષાના વિભાગો સાથે તાત્કાલિક સંપર્ક સાધવાનું તેમ જ જુલાઈ ૨૦૨૪ના અંત સુધી જે તે વિસ્તારમાં પીવાના પાણીના પુરવઠાની સ્થિતિ કેવી છે તેની જાણકારી મેળવવા જણાવવામાં આવ્યું હોવાનું મુખ્ય સચિવ શાંતિકુમારી દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું હતું.

તાજેતરમાં જ વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે જિલ્લા કલેક્ટરો સાથે યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવે ગ્રામીણ વિસ્તારમાં પાણીનો પુરવઠો ખોરવાય તેવા સંજોગોમાં કૂવાઓમાંથી પાણી ખેંચવાની જિલ્લા કલેક્ટરોને સૂચના આપી હતી.

ગામડાંઓમાં આવેલા બોરવેલનું સમારકામ કરાવવાની તેમ જ ટેન્કરો મારફતે પાણી પહોંચાડવાની પણ તેમણે સૂચના આપી હતી.

પાણીની પાઈપલાઈનમાંથી થતાં ગળતરને પણ તાત્કાલિક અટકાવવાનું તેમણે જણાવ્યું હતું. (એજન્સી) ■

## ઉત્તર પ્રદેશમાં પાકિસ્તાનના બે સહિત ત્રણ ત્રાસવાદી પકડાયા

લખનઊ (ઉત્તર પ્રદેશ): અહીંના મહારાજગંજ જિલ્લાના સોનૌલી ખાતે આવેલી ભારત - નેપાળ સરહદે ઉત્તર પ્રદેશની ત્રાસવાદ-વિરોધી ટુકડીએ બે પાકિસ્તાની નાગરિક સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. તેઓ ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિ કરવાની યોજના ધરાવતા હોવાનું કહેવાય છે. આ ત્રણે જણ પાસે બનાવટી ભારતીય ઓળખપત્રો હતા. ભારત - નેપાળની સરહદે આ ત્રણ જણ ઘૂસણખોરી કરવાના હોવાની માહિતીને આધારે ગોરખપુરમાંની ત્રાસવાદ-વિરોધી ટુકડીને સતર્ક કરાઇ હતી. તેઓ સરહદ પરથી ભારતમાં ઘૂસણખોરી કરી રહ્યા હતા, ત્યારે જ તેઓને પકડી લેવાયા હતા.આરોપીઓમાં પાકિસ્તાનના રાવલપિંડીના મહંમદ અલ્તાફ ભટ્ટ, ઇસ્લામાબાદના (જુઓ પાનું ૨) ▶▶

## ભાજપના 'વાંધાજનક' હૉર્ડિંગ્સની સામે ચૂંટણી પંચને ફરિયાદ

નવી દિલ્હીઃ આમ આદમી પક્ષ (આપ)ના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ ગુરુવારે ચૂંટણી પંચના અધિકારીઓને મળ્યું હતું અને ભાજપના 'વાંધાજનક' હૉર્ડિંગ્સની સામે ફરિયાદ કરી હતી.

'આપ'નાં નેતા આતિશીએ જણાવ્યું હતું કે ભાજપે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના ફોટોગ્રાફવાળા અનેક વાંધાજનક પોસ્ટર્સ અને હૉર્ડિંગ્સ દેશની રાજધાનીમાં લગાડ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે દેશના ઇતિહાસમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ સૌપ્રથમ વખત મુખ્ય પ્રધાનની ધરપકડ કરાઇ છે. અનેક વિપક્ષના બૅન્ક ખાતાં સ્થગિત કરી દેવાયા છે અને આવકવેરા વિભાગ ઘણાં રાજકીય પક્ષોને નોટિસ મોકલી (જુઓ પાનું ૨) ▶▶

## ટોચના આઠ શહેરમાં ઘરોનું વેચાણ નવ ટકા વધ્યું

નવી દિલ્હી : આલિશાન ઘરોની અને પ્રીમિયમ વર્કપ્લેસની માગ વધતા આઠ મોટા શહેરોમાં ઘરોનું વેચાણ નવ ટકા વધ્યું હતું અને ઓફિસની માગ ૪૩ ટકા વધી હતી એવી માહિતી પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાએ કરી હતી. 'ઈન્ડિયા રીયલ એસ્ટેટ : ઓફિસ એન્ડ રેસિડેન્શિયલ રિપોર્ટ (જાન્યુઆરી-માર્ચ) મંગળવારે વેબિનારના માધ્યમથી બહાર પાડતાં નાઈટ ફ્રેન્કે કહ્યું હતું કે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન આઠ શહેરો- દિલ્હી-એનસીઆર, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા, હૈદરાબાદ, બેંગલૂરુ, પુણે અને અમદાવાદમાં ઘરોના ભાવ વાર્ષિક બેથી ૧૩ ટકા વધ્યા હતા, જ્યારે ઓફિસોના દર એકથી નવ ટકા વધ્યા હતા. ડેટામાં જણાવ્યા પ્રમાણે ઘરોનું વેચાણ આઠ મોટા શહેરોમાં જાન્યુઆરી-માર્ચ દરમિયાન ૮૬,૩૪૫ યુનિટ વધ્યું હતું જે એક (જુઓ પાનું ૨) ▶▶

## દેશમાં સરમુખત્યારશાહી શરૂ થઇ ગઇ છેઃ 'આપ'ના સાંસદ

નવી દિલ્હીઃ આમ આદમી પક્ષ (આપ)ના સાંસદ સંજય સિંહે તિહાડ જેલમાંથી છૂટ્યા બાદ બીજા દિવસે જણાવ્યું હતું કે દિલ્હી અને ઝારખંડના ચૂંટાયેલા મુખ્ય પ્રધાનોને જેલમાં મોકલાયા છે અને તે જ બતાવે છે કે દેશમાં સરમુખત્યારશાહી શરૂ થઇ ગઇ છે.

સંજય સિંહે દિલ્હીના કૉનૌટ પ્લેસમાંના હનુમાન મંદિરે જઇને પૂજા કરી હતી અને રાજઘાટ પર જઇને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ (સરકારી એજન્સીઓના અધિકારીઓ) અન્ય મુખ્ય પ્રધાનોને પણ જેલમાં મોકલવાની તૈયારી કરી રહ્યા છે. આવી પ્રવૃત્તિ દેશની લોકશાહી અને બંધારણ માટે જોખમી ગણાય. આપણે તેનો વિરોધ કરવો જોઇએ અને તેની સામે (જુઓ પાનું ૨) ▶▶

## કર્ણાટકના પાંચ એડિશનલ જજની નિમણૂકની સુપ્રીમની ભલામણ

નવી દિલ્હીઃ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની સુપ્રીમ કોર્ટની કૉલેજિયમે કર્ણાટક હાઈ કોર્ટના પાંચ એડિશનલ જજની તે જ કોર્ટમાં કાયમી જજ તરીકે નિમણૂંક કરવાની કેન્દ્ર સરકારને ભલામણ કરી હતી.

ત્રણ સભ્યની બનેલી કૉલેજિયમે ૧૬ ઑગસ્ટ ૨૦૨૪થી અમલી બને તે રીતે વધુ એક વર્ષની નવી મુદત માટે ન્યાયધીશ ગુરુસિદ્ધૈયા બાસવરાજની કર્ણાટક હાઈ કોર્ટના એડિશનલ જજ તરીકે નિમણૂંક કરવાની ભલામણ કરી હતી. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને બી. આર. ગવઈનો પણ સમાવેશ કરતી ત્રણ સભ્યની બનેલી સુપ્રીમ કોર્ટની કોલેજિયમના ૨૦ જાન્યુઆરીના ઠરાવમાં સર્વાનુમતીથી કર્ણાટક હાઈ કોર્ટના પાંચ એડિશનલ જજની તે જ કોર્ટમાં કાયમી જજ તરીકે નિમણૂંક કરવાની તેમ જ ન્યાયધીશ ગુરુસિદ્ધૈયા બાસવરાજની વધુ એક વર્ષ માટે કર્ણાટક હાઈ કોર્ટના એડિશનલ જજ તરીકે નિમણૂંક કરવાની ભલામણ કરી હતી. આ પ્રસ્તાવ અને તમામ બાબતોને ધ્યાન પર લેતાં ન્યાયાધીશ ચેપ્પુદિરા મોનાપ્પા પૂનાચા, અનિલ ભીમસેન કટ્ટી, ચંદ્રશેખર મૃત્યુંજય જોશી, ઉમેશ મંજૂનાથભાટ આડિગા અને તાલકડ ગિરિગોવડા અને શિવશંકર ગોવડાની કર્ણાટક હાઈ કોર્ટના કાયમી જજ તરીકેની નિમણૂક યોગ્ય હોવાનો મત કોલેજિયમ ધરાવે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ રાજકોટમાં રૂપાલાને બદલે એ વાતમાં માલ નથી

**ગુજરાતમાં** લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે મુખ્ય જંગ છે પણ કૉંગ્રેસ સાવ ડચકાં ખાઈ રહી છે તેથી ગુજરાતમાં લોકસભાની ચૂંટણી સાવ ફિક્કી રહેશે એવું લાગતું હતું પણ કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલાના એક નિવેદને એવી ગરમી લાવી દીધી છે કે, ગુજરાતના રાજકારણમાં પહેલાં કદી ના જોવા મળ્યો હોય એવો જબરદસ્ત ઉકળાટ જોવા મળી રહ્યો છે.

રૂપાલાને ભાજપે રાજકોટ લોકસભા બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા છે પણ પુરુષોત્તમ રૂપાલાના નિવેદનથી ઉકળેલો ક્ષત્રિય સમાજ રૂપાલાને બદલીને બીજા કોઈને ઉમેદવાર બનાવવાની જીદ પર આવી ગયો છે. ક્ષત્રિય સમાજ એ હદે વટે ચડ્યો છે કે કાં અમે નહીં કાં રૂપાલા નહીં એ વાત પર આવી ગયો છે તેમાં ભાજપના નેતા ઘાંઘા થઈને દોડતા થઈ ગયા છે.

ગુજરાતના રાજકારણમાં અચાનક પેદા થયેલા ઉકળાટની વાત કરતાં પહેલાં રૂપાલાએ શું કહ્યું એ પણ જાણી લઈએ. રાજકોટ બેઠકના ઉમેદવાર તરીકે રૂપાલા ઠેર ઠેર સભાઓ કરે છે. આવી જ એક સભામાં રૂપાલાએ કહેલું કે, બ્રિટિશ શાસન દરમિયાન રાજા-મહારાજાઓએ પણ માથું ઝુકાવીને તેમની સાથે રોટી-બેટીના સંબંધ બાંધ્યા હતા, પણ દલિત સમાજમાંથી આવતા રૂખી સમાજે માથુ નમાવ્યું ન હતું. હું તેના માટે તેમને સલામ કરું છું અને તે જ કારણ છે કે સનાતન ધર્મને જીવંત રાખ્યો હતો. જય ભીમ.

રૂપાલાનું આ નિવેદન સોશિયલ મીડિયામાં વાયરલ થયું તેમાં ભડકો થઈ ગયો. રૂપાલાના નિવેદન સામે ક્ષત્રિય સમાજના લોકો મેદાનમાં આવી ગયા. સૌરાષ્ટ્રમાં ક્ષત્રિય સમાજની વસતી મોટી છે તેથી સૌરાષ્ટ્રમાં રૂપાલાના નિવેદન સામે સૌથી ઉગ્ર વિરોધ શરૂ થયો ને પછી આ વિરોધ આખા ગુજરાતમાં ફેલાયો. સાબરકાંઠા, સુરેન્દ્રનગર, જૂનાગઢ, અમદાવાદ, સુરત એમ ઠેર ઠેર ક્ષત્રિય સમાજના લોકોએ સંમેલનો કર્યો ને રૂપાલા નિવેદન સામે વિરોધ નોંધાવીને જોરદાર દેખાવો પણ કર્યા. રૂપાલાના પુતળાનું દહન પણ કરવામાં આવ્યું.

વિવાદમાં કરણી સેના પણ કૂદી પડી ને તેણે રૂપાલાના રાજકોટમાંથી કાઢો તેનો ઝંડો ઉઠાવી દીધો તેમાં આખી વાતને નવો વળાંક વળી ગયો.

રાજસ્થાનમાં ભાજપ સાથે જોડાયેલા અને ગુજરાતમાં જેલવાસ ભોગલી ચૂકેલા ક્ષત્રિય સમાજના નેતા રાજ શેખાવતે તકનો લાભ લઈને વીડિયો જાહેર કરીને એલાન કરી દીધું કે, પોતે ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામું આપે છે કેમ કે ભાજપે પુરુષોત્તમ રૂપાલા સામે કોઈ કાર્યવાહી કરી નથી. રાજ શેખાવત ભાજપમાં ક્યા હોદ્દા પર હતા તેથી કોઈને ખબર નથી પણ તેમના વીડિયો પછી ગુજરાત બહાર પણ ક્ષત્રિય સમાજે પુરુષોત્તમ રૂપાલાના નિવેદન સામે વિરોધ શરૂ કરી દીધો તેમાં વિરોધ વધી ગયો.

આ હોહા પછી રૂપાલાને અહેસાસ થયો કે, ભાંગરો વટાઈ ગયો છે એટલે પુરુષોત્તમ રૂપાલાએ એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, તેઓ પોતાનું નિવેદન પાછું ખેંચે છે. ક્ષત્રિય સમાજ કે કોઈ રાજવી પરિવારનું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો નથી અને માત્ર અન્ય ધર્મના લોકો દ્વારા દલિતો પર કરેલા અત્યાચારો વિશે જણાવવા માંગતા હતા.

રૂપાલાની માફી પછી પણ હોહા ચાલુ રહી તેથી રૂપાલા ક્ષત્રિયોને સમજાવવા લીમડીના ડોન ને ભાજપના નેતા જયરાજસિંહ જાડેજાને લઈ આવ્યા. જાડેજા કોઈ પણ સમસ્યાનો ઉકેલ પોતાની રીતે લાવવામાં માને છે ને આ મામલે તેમણે એ જ કર્યું તેમાં રૂપાલાનો કેસ વધારે બગડી ગયો. જયરાજસિંહે રાજકોટમાં મિટિંગ બોલાવીને આખો ક્ષત્રિય સમાજ પોતે કહેશે એમ જ કરશે એમ માનીને કહી દીધું કે, હવે આ વિવાદ અહીં પૂરો થયો છે ને રૂપાલાએ માફી માગી લીધી છે તેથી કોઈએ કશું કરવાનું રહેતું નથી.

જયરાજસિંહે લુખ્ખી દાટી આપીને પાછું એવું કહ્યું કે, હજુય જેને વાંધો હોય એ મને કહે, એ કહેશે એ સમયે ને એ જગાએ આવીને હું તેને સમજાવી દઈશ.

જયરાજસિંહની દાટી પછી ક્ષત્રિય સમાજની બહેનો પણ મેદાનમાં આવી ગઈ ને જયરાજસિંહના નામનાં પોસ્ટર લાગ્યાં તેમાં જયરાજસિંહ તો છૂ થઈ ગયા પણ રૂપાલાની વાટ લાગી ગઈ છે. વાતને વાળવા રૂપાલાએ ત્રણ વાર માફી માગી, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે પણ માફી માગી પણ ક્ષત્રિય સમાજ કોઈ સંજોગોમાં રૂપાલાને માફ કરવા તૈયાર નથી. ભાજપે વખારમાં નાંખી દીધેલા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ને પ્રદીપસિંહ વાઘેલા જેવા નેતાઓને પણ ક્ષત્રિય સમાજને સમજાવવા દોડાવ્યા પણ ક્ષત્રિય સમાજ માનવા તૈયાર નથી. રૂપાલાને બદલો કાં ચૂંટણીમાં ગંભીર પરિણામો ભોગવવા પડશે તેવી ખુલ્લી ધમકી ક્ષત્રિય સમાજે આપી દીધી છે.

ભાજપ હવે શું કરશે તેના પર સૌની નજર છે પણ ભાજપ રૂપાલાને બેસાડીને બીજા કોઈને રાજકોટમાંથી ઉમેદવાર બનાવે એવી શક્યતા ઓછી છે. ભાજપ રૂપાલાની હારનું જોખમ લેશે પણ ઉમેદવાર નહીં બદલે કેમ કે ભાજપને ડોશી મરી જાય તેનો ભો નથી પણ ઘર જમ ભાળી જાય તેનો ભો છે. ભાજપ કોઈ સમાજના દબાણ સામે ઝૂકીને નિર્ણય લે તો તેના કારણે ખોટી પરંપરા સ્થાપિત થઈ જાય. કાલે બીજા સમાજ પણ આ રીતે દબાણ લાવીને ધાર્યું કરાવતા થઈ જાય.

ભાજપ એટલે પણ રૂપાલાને નહીં બદલે કે, આ મુદ્દો ભાજપના આંતરિક રાજકારણ સાથે જોડાયેલો છે. રૂપાલા રાજકોટના નથી પણ અમરેલીના છે તેના કારણે રૂપાલાને પોતાના માથે થોપી મરાયા એ વાતનો રાજકોટ ભાજપમાં અસંતોષ છે જ.

રાજકોટમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સહિતના દિગ્ગજ નેતા બહારના ઉમેદવાની પસંદગીથી નારાજ હોવાની વાત છે. રૂપાલા પાટીદાર છે અને સૌરાષ્ટ્રમાં પાટીદાર વર્સીસ ક્ષત્રિયની લડાઈ બહુ જાણીતી છે. રૂપાલાએ બફાટ કરીને ક્ષત્રિય સમાજ વિરુદ્ધ નિવેદન ફટકારી દીધું તેમાં તેમને તક મળી ગઈ છે. હવે રૂપાલાને બદલાય તો એ લોકો મૂછ પર તાવ દેતા થઈ જાય.

આ સંજોગોમાં ભાજપ ઉમેદવાર ના બદલે ને ક્ષત્રિય સમાજે પોતાની તાકાત પુરવાર કરવાની રહે. ક્ષત્રિય સમાજ રૂપાલાને હરાવી શકે તો તેનો વટ રહે, બાકી આ બધા હાકલાપડકારા કે ચીમકીઓનો કોઈ અર્થ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શુક્રવાર, તા. ૫-૪-૨૦૨૪
પાપમોચિની એકાદશી

- ભારતીય દિનાંક ૧૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૬મો મહેર , માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર :ધનિષ્ઠા સાંજે ક. ૧૮-૦૬ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર :મકરમાં સવારે ક. ૦૭-૧૧ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :સવારે ક.૦૯-૦૬, રાત્રે ક.૨૧-૫૪
- ઓટઃ બપોરે ક.૧૫-૦૨, મધ્યરાત્રિ પછી ક.૦૪-૦૩(તા.૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, ''શોભન'' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - એકાદશી. પાપમોચિની એકાદશી (ચારોળી), બુધ પશ્ચિમમાં અસ્ત, પંચક પ્રારંભ સવારે ક. ૦૭-૧૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુ કળશ,એકાદશી વ્રત ઉપવાસ,શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન,શ્રી સુક્ત,પુરુષ સુક્ત,શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક,શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્રોત્ર પાઠ વાંચન,મંગળ ગ્રહદેવતાનું,વસુદેવતાનું પૂજન,સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા,નવાં વસ્ત્રો,આભૂષણ,નોકરી,વાહન,સવારી,દુકાન,રત્ન ધારણ,વિદ્યારંભ,નામકરણ-દેવ દર્શન,અન્નપ્રાશન,ધાન્ય ભરવું, બી વાવવું,બગીચો બનાવવો,વૃક્ષ વાવવાં,નવી તિજોરીની સ્થાપના,પશુ લે-વેચ,
- આચમનઃ સૂર્ય-રાહુ યુતિ આંખની કાળજી લેવી.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ,વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

## અગ્નિ પ્રાઈમ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ ભારતે ઓડિશા પાસે આવેલા એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી નવા અગ્નિ પ્રાઈમ બેલેસ્ટિક મિસાઈલનું બુધવારે સાંજે સફળ પરીક્ષણ કર્યું હોવાનું સંરક્ષણ ખાતાએ જણાવ્યું હતું.

વિવિધ સ્થળે ગોઠવવામાં આવેલા સેન્સરથી એકઠાં કરવામાં આવેલાં ડેટા મુજબ પરીક્ષણમાં તમામ આશયોની પૂર્તિ થઈ હતી અને આ મિસાઈલની વિશ્વસનીયતાને સમર્થન મળ્યું હતું.

સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (એસએફસી)એ ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) સાથે મળીને આ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડના ચીફ અને ડીઆરડીઓ તેમ જ ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ આ પરીક્ષણ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે મિસાઈલના સફળ પરીક્ષણ બદલ સંબંધિત તમામ લોકોને અભિનંદન આપ્યા હતા. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને ડીઆરડીઓના અધ્યક્ષ સમીર વી. કામતે મિસાઈલના સફળ પરીક્ષણ બદલ એસએફસી અને ડીઆરડીઓના પ્રયાસની પ્રશંસા કરી હતી. (એજન્સી)

## ખોટ કરતી કંપનીઓએ ભાજપને દાનમાં કરોડો રૂપિયા કઈ રીતે આપ્યા?: કૉંગ્રેસ

નવી દિલ્હીઃ કૉંગ્રેસે ગુરુવારે સવાલ કર્યો હતો કે ખોટ કરતી કે નફો ન કરતી ૩૩ કંપનીએ શાસક ભાજપને રૂ. ૪૩૪.૨ કરોડથી વધુનું દાન કઇ રીતે આપ્યું?

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સોશિયલ મીડિયા 'એક્સ' પર પ્રસારમાધ્યમનો અહેવાલ શૅર કરીને દાવો કર્યો હતો કે ખોટ કરતી ૩૩ કંપનીએ રૂપિયા ૫૮૨ કરોડના ચૂંટણીલક્ષી બૉન્ડ્સ લીધા હતા અને તેમાંના ૭૫ ટકા ભાજપને દાનમાં આપ્યા હતા.

તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપે ભારતીય રિઝર્વ બૅન્કની સલાહની અવગણના કરીને કોઇ પણ ભોગે ચૂંટણીલક્ષી બૉન્ડ્સના સ્વરૂપમાં દાન મેળવ્યું હતું.

જયરામ રમેશે આક્ષેપ કર્યો હતો કે નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત ભ્રષ્ટાચાર આખા દેશમાં ફેલાઇ ગયો છે. જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ ભ્રષ્ટાચારના નવા દાખલા પ્રકાશમાં આવી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે ભાજપને દાન આપનારી આ ૩૩ કંપનીમાંની મોટા ભાગની શૅલ (બનાવટી) કંપનીઓ જ હતી. આ કંપનીઓ કાળાં નાણાં ધોળાં કરવા માટે જ શરૂ કરાઇ હતી. આ કહેવાતી શૅલ કંપનીઓની મૂળ કંપનીઓ તો અલગ જ હતી અને તેઓના નામ જાહેર નહોતા કરાયા.

કૉંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે ભાજપને દાન આપનારી અમુક કંપનીનો કુલ નફો દાનની રકમ કરતાં ઓછો હતો. (એજન્સી) ■

## લોકસભા ચૂંટણીઃ 'બ્રાન્ડ મોદી' અને 'બ્રાન્ડ વિરોધી' વચ્ચેનો જંગ

નવી દિલ્હીઃ આવનારી લોકસભા ચૂંટણી 'બ્રાન્ડ મોદી' અને 'બ્રાન્ડ વિરોધી' વચ્ચેનો જંગ હોવાનું જણાવતાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અજય આલોકે કહ્યું હતું કે દેશની જનતા જે રીતે નરેન્દ્ર મોદી સાથે ભાવનાત્મક રીતે જોડાયેલી છે તે જોતાં કોનો વિજય થશે એ અંગે કોઈ શંકા રહેતી નથી.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં આલોકે કહ્યું હતું કે વડા પ્રધાને આપેલું ૩૭૦ બેઠકના લક્ષ્યને દક્ષિણના રાજ્યો તેમ જ પ. બંગાળની બેઠકોનું પીઠબળ મળશે.

પરંપરાગત રીતે જે રાજ્યોમાં ભાજપનું વર્ચસ્વ નથી ત્યાં બેઠકની ફાળવણીને મામલે વિપક્ષમાં જોવા મળી રહેલો વિવાદ ભાજપને વિજય અપાવશે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસ તેમ જ ડાબેરી પક્ષના વર્ચસ્વવાળા રાજ્યમાં ભાજપે લોકસભાની બેઠક પર ક્યારેય વિજય ન મેળવ્યો હોવા છતાં તેમણે વિશ્વાસપૂર્વક કહ્યું હતું કે આવનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપને તમિળનાડુમાં સાતથી આઠ, તેલંગણામાં આઠ, આંધ્ર પ્રદેશમાં ચાર અને કેરળમાં પણ થોડીક બેઠક મળવાની ખાતરી છે. તમારી આ ધારણા વધારેપડતી આશાવાદી છે એ પ્રકારના પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે બિલકુલ નહીં.

દ્રવિડિયન રાજકારણની મર્યાદા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે લોકોમાં હિન્દુત્વ અંગે વધારે જાગૃતિ આવી છે.

નરેન્દ્ર મોદીના એક દાયકા કરતા પણ વધુ સમયના શાસનકાળ દરમિયાન લોકોમાં હિન્દુત્વ પરત્વેની આસ્થા અને ગૌરવ વધ્યા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે લોકો હવે હિન્દુ તરીકેની પોતાની ઓળખ આપવામાં શરમ કે સંકોચ અનુભવતા નથી.

મોદીના શાસનકાળ દરમિયાન દેશના થયેલા વિકાસ અને દેશમાં થયેલા વિકાસના કાર્યો અંગે ભારપૂર્વક જણાવતાં તેમણે કહ્યું હતું કે હિન્દુ અને ભારતીય હોવું બંને એકસમાન જ છે.

આ ચૂંટણીમાં તમે કાં તો મોદીતરફી અથવા મોદીવિરોધી હશો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અન્ય કોઈ પક્ષ કે નેતા બ્રાન્ડ નહીં હોય. માત્ર 'બ્રાન્ડ મોદી' અને 'બ્રાન્ડ વિરોધી' જ હશે, એમ તેમણે કહ્યું હતું.

૩૭૦ બેઠકના લક્ષ્ય માટે ક્યા રાજ્યમાં ભાજપ ગયા વખતની સરખામણીએ વધુ બેઠક મેળવશે એવી તમારી અપેક્ષા છે એ પ્રકારના પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે કહ્યું હતું કે પ. બંગાળમાં ભાજપને ગયા વખતની ચૂંટણીમાં ૧૮ બેઠક મળી હતી જે આ વખતે બમણી થવાની શક્યતા છે. ઉત્તર પ્રદેશ અને ઓડિશા ઉપરાંત દક્ષિણ ભારતમાં પણ ભાજપને વધુ બેઠક મળવાની શક્યતા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## સાપ પર વિશ્વાસ કરી શકાય પણ ભાજપ પર નહીંઃ મમતા

કૂચ બિહારઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરુવારે ભાજપ પર લોકસભા ચૂંટણી માટે આદર્શ આચાર સંહિતાનું પાલન ન કરવાનો આરોપ મૂક્યો હતો અને ભારપૂર્વક કહ્યું હતું કે ઝેરી સાપ પર વિશ્વાસ કરી શકાય છે, પરંતુ ભગવા છાવણી પર નહીં.કૂચ બિહારમાં એક રેલીને સંબોધતા બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્રીય તપાસ એજન્સીઓ, બોર્ડર સિક્યોરિટી ફોર્સ અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ ભાજપના ઈશારે કામ કરી રહી છે અને ચૂંટણી પંચને વિનંતી કરી હતી કે તે તેની તપાસ કરે.

મમતાએ કહ્યું કે ભાજપ તમને આવાસ યોજના માટે ફરીથી નામ નોંધણી કરવા માટે કહી રહ્યું છે. શા માટે નામો ફરીથી નોંધવામાં આવશે? તેઓ વધુ નોંધણી ઈચ્છે છે જેથી કરીને તેઓ તેને હડપ કરી શકે. તમે ઝેરી સાપ પર વિશ્વાસ કરી શકો; તમે તેને પાલતુ પણ કરી શકો છો, પરંતુ તમે ભાજપ પર ક્યારેય વિશ્વાસ ન કરો. ભાજપ દેશને બરબાદ કરી રહી છે.

મમતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી ટીએમસી ''કેન્દ્રીય એજન્સીઓની ધમકી'' આગળ ઝૂકશે નહીં.મમતાએ કૂચ બિહારની મહિલાઓને ૧૯ એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણી પહેલા ''બીએસએફ દ્વારા સ્થાનિકોને ત્રાસ આપવાના કિસ્સાઓ હોય તો'' પોલીસ ફરિયાદો દાખલ કરવા વિનંતી કરી હતી.

## બાલટાલ માર્ગથી બરફ હટાવવાનું કામ શરૂ

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં સીમા સડક સંગઠન (બીઆરઓ)એ બાલટાલ દોમેલ રોડ પરથી બરફ હટાવવાનું અભિયાન શરૂ કર્યું છે. પવિત્ર અમરનાથ ગુફાની યાત્રા કરતા શ્રદ્ધાળુઓ માટે આ મહત્ત્વનો રૂટ છે. બીઆરઓના એક અધિકારીએ કહ્યું હતું કે તીર્થયાત્રાને નિર્વિઘ્ન અને સુવિધાજનક બનાવાની અમારી પહેલ છે અને શ્રદ્ધાળુઓને સુરક્ષિત માર્ગ આપવાનો અમારો હેતુ છે. પ્રશાસન દ્વારા વર્ષ ૨૦૨૨માં શરૂ કરાયેલી બાલટાલથી દોમેલ સુધીની સડક નિર્માણયોજના શરૂઆતમાં સડક અને ભવન (આર એન્ડ બી) વિભાગના દાયરામાં આવતી હતી. ત્યાર બાદ આ કામમાં ખાસ કૌશલ જોઈએ છે એટલે એની જવાબદારી બીઆરઓને અપાઈ. બીઆરઓના અધિકારીએ કહ્યું હતું કે હાલના પ્રયાસોમાં બાલટાલ દોમેલ ટ્રેક પરથી બરફ હટાવાના કામ પર અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે અધિકારીઓ અને મજૂરો ગયા અઠવાડિયાથી અથાક સંયુક્ત પ્રયાસો કરી રહ્યા છે.

## રાહુલમાં હિંમતનો અભાવ છે : વિજયન

તિરુવનંતપુરમ : કૉંગ્રેસના સંસદસભ્ય રાહુલ ગાંધીએ ગઈકાલે રોડ શો કરીને વાયનાડ લોકસભા બેઠક માટે પ્રચાર શરૂ કર્યો એના એક દિવસ બાદ કેરળના મુખ્ય પ્રધાન પિનારાઈ વિજયને ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી ભાજપથી ગભરાય છે. એ ઈવેન્ટ દરમિયાન તેના અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ)ના ધ્વજ દેખાડ્યા નહીં. મુખ્ય પ્રધાને રાહુલ પર પ્રહારો કરતાં કહ્યું હતું કે કૉંગ્રેસે પોતાના પક્ષના ધ્વજ ન બતાડ્યા એ રાહુલમાં હિંમતનો અભાવ બતાડે છે. વિજયને દલીલ કરી હતી કે કૉંગ્રેસનું વલણ એ છે કે એને ઈન્ડિયન મુસ્લિમ લીગના મત જોઈએ છે, પરંતુ એનો ધ્વજ બતાડવો નથી. કૉંગ્રેસ એવા સ્તરે પહોંચી ગઈ છે કે એને કોમી પરિબળોથી ડર લાગે છે અને લોકસભા ચૂંટણીમાં લોકોના પ્રતિનિધિનો દાવો કરનાર પક્ષ તરફથી આ અપેક્ષિત નથી. રાહુલ ગાંધીનો ૨૦૧૯નો રોડ શો હાલ કરતાં અલગ હતો. ત્યારે મુસ્લિમ લીગના ધ્વજ કૉંગ્રેસ કરતાં પણ વધારે હતા. ભાજપે આની ટીકા કરતાં કહ્યું હતું કે એ નક્કી કરવું મુશ્કેલ છે કે આ ભારત છે કે પાકિસ્તાન. આ વખતે મુસ્લિમ લીગ અને કૉંગ્રેસ બન્નેના ધ્વજો ગાયબ હતા. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ચૂંટણી પહેલાં

અધિકારીઓ દ્વારા તેઓના જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવશે. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા ઈવીએમનો વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં નિયત પ્રોટોકોલ મુજબ સંગ્રહ કરવામાં આવશે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાતથી આજદિન સુધીમાં રાજ્યભરમાંથી લાઇસન્સવાળા કુલ ૪૭,૯૦૦ થી વધુ હથિયારો જમા કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૨૭,૩૦૦થી વધુ બિન જામીનપાત્ર વોરંટની બજવણી કરવામાં આવી છે. ■

### ટોચના આઠ શહેરોમાં

વર્ષ પહેલાં ૭૯,૧૨૬ યુનિટ વધ્યું હતું. જાન્યુઆરી-માર્ચના સમયગાળામાં ઓફિસ જગ્યાને લીઝ પર આપવાનું ૪૩ ટકા વધીને ૧૬.૨ મિલિયન સ્કેવર ફીટ થયું હતું જે ગયા વર્ષે આ સમયગાળામાં ૧૧.૩ મિલિયન સ્કેવર ફીટ હતું. અહેવાલ પર ટીપ્પણી કરતાં નાઈટ ફ્રેન્કના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિષિર બૈલે કહ્યું હતું કે ઓફિસ અને રહેઠાણોના સેક્ટરમાં ઉત્કૃષ્ટ દેખાવને લીધે રિયલ એસ્ટેટ માર્કેટે ફરી અપવાદરૂપ ભવ્ય દેખાવ કર્યો છે. એક કરોડ રૂપિયા અને એનાથી વધારેના ભાવની કેટેગરીમાં વેચાણ વધતાં હાઉસિંગ ક્ષેત્રમાં તેજી જોવા મળી હતી. આ બતાડે છે કે ઘરોની મોટી માગ છે અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતામાં ખરીદદારોનો વિશ્વાસ છે. (એજન્સી) ■

### દેશમાં

લડત ચલાવવી જોઇએ.આમ આદમી પક્ષના સાંસદે જણાવ્યું હતું કે ગુલામીના સમયે અંગ્રેજ શાસકો ભારતીયોને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા નહોતા આપતા અને તેથી ગાંધીજીએ તેઓની સામે લડત ચલાવી હતી. દેશની સ્વતંત્રતાના ૭૭ વર્ષ પછી ફરી એવી પરિસ્થિતિ ઊભી થઇ રહી છે.તેમણે જણાવ્યું હતું કે હું ઇચ્છું છું કે સરકાર ચલાવતા નેતાઓમાં સદ્બુદ્ધિ આવે અને લોકોની સ્વતંત્રતા, લોકશાહી તેમ જ બંધારણનું રક્ષણ થાય.દિલ્હીની દારૂને લગતી આબકારી જકાત નીતિ દ્વારા આચરવામાં આવેલી ગેરરીતિના સંબંધમાં પકડાયેલા સંજય સિંહને છ મહિના પછી જેલમાંથી જામીન પર છોડાયા હતા.તેમણે જણાવ્યું હતું કે મને ભગવાન હનુમાનજીની કૃપાથી જામીન મળ્યા છે. (એજન્સી) ■

### સીએએનો અમલ

'નબળા અને સહેલાઇથી લક્ષ્ય' બનાવી શકાય એવા દેશ તરીકે થતી હતી.મોદીએ જણાવ્યું હતું કે એક સમયે વિપક્ષના જે નેતાઓ એકબીજાની સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતા હતા, તેઓ હવે અમારી સામે એક થઇને લડી રહ્યા છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે નવું ભારત હવે ત્રાસવાદીઓ અને રાષ્ટ્ર-વિરોધી તત્ત્વોને જડબાતોડ જવાબ આપી રહ્યું છે. તેમણે જનતાને સવાલ પૂછ્યો હતો કે શું ભ્રષ્ટ લોકોને જેલમાં નાખવા જોઇએ કે નહિ? મોદીએ જણાવ્યું હતું કે વિપક્ષના નેતાઓ તો અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો પણ વિરોધ કરતા હતા, પરંતુ અમારી સરકારે તે દર્શનાર્થે ખૂલ્લું મુકાવ્યું છે. વિપક્ષો અન્ય પછાત જાતિ (ઓબીસી)ના નેતા કર્પૂરી ઠાકુરને ભારતરત્ન પુરસ્કાર આપવાનો તેમ જ 'દલિત' રામનાથ કોવિંદને અને 'આદિવાસી મહિલા' દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિ બનાવવાનો પણ વિરોધ કરતા હતા. (એજન્સી) ■

### જાપાનમાં ફરી

અહેવાલ મુજબ જાપાનમાં આવેલા ધરતીકંપની તીવ્રતા ૬.૧ હતી અને તેનું ઉદ્ગમ કેન્દ્ર ૪૦.૧ કિલોમીટરની ઊંડાઇએ હતું.તાઇવાનમાં બુધવારે અંદાજે ૭.૭ની તીવ્રતાવાળા ધરતીકંપને લીધે જાપાન અને ફિલિપાઇન્સમાં સુનામીનો ભય સર્જાયો હતો. અગાઉ, જાપાનમાં ૨૦૧૧ના માર્ચમાં દરિયામાં નવની તીવ્રતાવાળા આવેલા ભૂકંપને લીધે આશરે ૧૮,૫૦૦ લોકો માર્યા ગયા હતા અથવા ગુમ થયા હતા. ફુકુશીમા અણુઊર્જા મથકના ત્રણ રિએક્ટરને નુકસાન થતાં કિરણોત્સર્ગી પદાર્થોના ફેલાવાનું જોખમ થયું હતું. (એજન્સી)

### સોનિયા ગાંધી,

વ્યક્તિએ રાજ્યસભાના સભ્યપદ મેળવવા સોગંદ લીધા હતા. જનતા દળ (યુનાઈટેડ)ના સંજય કુમાર ઝાએ બિહારના સભ્ય તરીકે, બીજુ જનતા દળના સુભાશિષ ખુનટિયા અને દેબાશિષ સમંતરાયે ઓડિશાના સભ્ય તરીકે સોગંદ લીધા હતા. ભાજપના મદન રાઠોડ રાજસ્થાનનું પ્રતિનિધિત્વ કરશે. વાયએસઆરસીપીના નેતાઓ ગોલ્લા બાબુરાવ, મેદા પધુનાથ રેડ્ડી અને યેરામ વેંકટ સુબ્બા રેડ્ડી તથા બીઆરએસના નેતા રવિચંદ્ર વડ્ડીરાજુએ આંધ્ર પ્રદેશમાંથી સભ્યપદના સોગંદ લીધા હતા. આ નવોદિત સભ્યોએ રાજ્યસભાના અધ્યક્ષ સાથે ફોટો પડાવ્યો હતો. રાજ્યસભાના સચિવાલયે કહ્યું હતું કે ઓડિશા અને રાજસ્થાનના સભ્યોની મુદત ગુરુવારથી શરૂ થઈ છે, જ્યારે બીજા સભ્યોની મુદત બુધવારથી શરૂ થઈ. પ્રથમ વાર રાજ્યસભાનાં સભ્ય બનનાર સોનિયા ગાંધીએ ગૃહના નેતા પિયુષ ગોયેલ તથા કૉંગ્રેસના પ્રમુખ તથા રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં સોગંદ લીધા હતા. તેમનાં પુત્રી પ્રિયંકા ગાંધી-વાડ્રા આ વખતે હાજર રહ્યાં હતાં. રાજ્યસભાના નાયબ અધ્યક્ષ હરિવંશ અને સેક્રેટરી જનરલ પી. સી. મોદી પણ હાજર હતા. (એજન્સી) ■

### શૅરબજાર તેજીના

દીધી છે અને શુક્રવારે નિર્ણય જાહેર કરશે.

સેન્સેક્સના શેરોમાં એચડીએફસી બૅન્ક, ટાઇટન, ટેક મહિન્દ્રા અને એશિયન પેઈન્ટ્સ મુખ્ય ગેનર્સમાં સામેલ હતા. ટીસીએસ, મારૂતિ, કોટક મહિન્દ્રા બૅન્ક અને બજાજ ફિનસર્વ અન્ય શેરોમાં વધારો થયો હતો. આનાથી વિપરીત એસબીઆઇ, ભારતી એરટેલ, જેએસડબલ્યુ સ્ટીલ, પાવરગ્રીડ, આઇટીસી અને રિલાયન્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા.

### ઉત્તર પ્રદેશમાં

સૈય્યદ ગજનફર તેમ જ જમ્મુ અને કાશ્મીરના નાસીર અલીનો સમાવેશ થાય છે.રાવલપિંડીનો મહંમદ અલ્તાફ ભટ્ટ નેપાળના કાઠમંડુમાં સૈય્યદ ગજનફરના સંપર્કમાં આવ્યો હતો. તેઓને ત્યાં ભારતીય આધારકાર્ડ સહિત બનાવટી ભારતીય દસ્તાવેજો મળ્યા હતા. બાદમાં, તેઓ નાસીર અલીને મળ્યા હતા, જે આ બે પાકિસ્તાનીને નેપાળમાંથી ભારતમાં ઘુસાડીને તેઓને કાશ્મીર લઇ જવા સહમત થયો હતો.મહંમદ અલ્તાફ ભટ્ટે ત્રાસવાદ-વિરોધી ટુકડી સમક્ષ કબૂલ કર્યું હતું કે મને મુઝફ્ફરાબાદમાંના હિઝબુલ મુજાહિદીનની છાવણીમાં આઇએસઆઇની સહાયથી તાલીમ અપાઇ હતી. તેઓનું લક્ષ્ય કાશ્મીરને ભારતથી અલગ કરવાનું હતું. આ ત્રણ જણ પાસેથી બનાવટી ભારતીય દસ્તાવેજો, પાકિસ્તાની દસ્તાવેજો અને પાસપોર્ટ મળ્યા હતા. (એજન્સી) ■

### ભાજપના

રહ્યો છે.

દિલ્હીનાં પ્રધાને જણાવ્યું હતું કે લોકસભાની ૨૦૨૪માં યોજાનારી ચૂંટણી 'ખોટા કારણસર' ઐતિહાસિક બની જવાની છે. દેશની લોકશાહીનું રક્ષણ કરવાની જવાબદારી ચૂંટણી પંચની પણ છે. ચૂંટણી પંચે કેન્દ્ર સરકારના 'હથિયાર' તરીકે કામ કરવું ન જોઇએ. ચૂંટણી પંચ વિપક્ષોના અનેક નેતાને મળવાની અપૉઇન્ટમેન્ટ પણ નથી આપતું. (એજન્સી) ■

# ગોખલે અને બર્ફીવાલા પુલને જોડવાનું કામ ચોમાસા પહેલા થશે પૂર્ણ

## આઈઆઈટીનો અંતિમ અહેવાલ રવિવાર સુધી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસા પહેલા અંધેરીનો સીડી બરફીવાલા ફ્લાયઓવર સાથે ગોપાલકૃષ્ણ ગોખલે બ્રિજને જોડવાનું કામ હાથ ધરવાનું મુંબઈ મહાનગરપાલિકાએ આયોજન કર્યું છે. ઈન્ડિન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-બોબે (આઈઆઈટી) દ્વારા આગામી બેથી ત્રણ દિવસમાં તેમનો અંતિમ રિપોર્ટ સબમીટ કર્યા બાદ તુરંત કામ ચાલુ કરવામાં આવશે.

પાલિકાના અધિકારીઓએ તાજેતરમાં આઈઆઈટી-બોમ્બે અને વીરમાતા જીજાબાઈ ટેક્નોલોજી ઈન્સ્ટિટયૂટ (વીજેટીઆઈ)ના નિષ્ણાતો સાથે ગોખલે બ્રિજને બરફીવાલા ફ્લાયઓવર સાથે જોડવા બાબતે સંયુક્ત બેઠ કરી હતી. આઈઆઈટીએ બંને પુલને જોડવા માટે વીજેટીઆઈની ભલામણને મંજૂરી આપી દીધી છે, છતાં કેટલાક ફેરફારો સાથે તેમનો અંતિમ અહેવાલ રવિવાર સુધીમાં અપેક્ષિત હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.ગોખલે અને બરફીવાલાનું નિરીક્ષણ કર્યા બાદ વીજેટીઆઈએ ફ્લાયઓવરના હાલના માળખાને સંપૂર્ણપણે તોડી પાડ્યા બાદ બરફીવાલા ફ્લાયઓવરની ઉત્તર બાજુને ગોખલે બ્રિજ સાથે જોડવા માટે જેકનો ઉપયોગ કરીને તેના સ્લેબને એલિવેટ કરવાની દરખાસ્ત રાખી હતી. જોકે પાલિકાએ બીજો અભિપ્રાય આઈઆઈટી-બોમ્બે પાસેથી લેવાનો નિર્ણય લીધો હતો. તે મુજબ આઈઆઈટી-બોમ્બેના નિષ્ણાતોએ ગયા અઠવાડિયે પુલના સ્થળની મુલાકાત લીધી હતી.

બંને પુલને જોડવા માટે અલગ અલગ ટેન્ડર મંગાવ્યા વગર કામ કરવામાં આવશે, તે માટે ચૂંટણીપંચની મંજૂરીની આવશ્યકતા નથી અને કામ પણ સમયમર્યાદા પહેલા પૂરી કરી દેવાશે. પરંતુ હાલ આઈઆઈટીના અહેવાલની રાહ હોવામાં આવી રહી હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ■



**‘પોસ્ટ’ દ્વારા ‘પ્રિ ઈલેક્શન’ તૈયારી:** લોકસભાની ચૂંટણી બારણે છે અને પ્રશાસન દ્વારા વધુમાં વધુ લોકો મતદાનમાં ભાગ લે તે માટે જાગરૂકતા ફેલાવવા બધા જ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પ્રશાસનના આ જ પ્રયાસરૂપે પોસ્ટ ઓફિસમાં આવતા તમામ પત્રો ઉપર મતદાનમાં ભાગ લેવા લોકોને જાગરૂક કરતો સ્ટેમ્પ મારવામાં આવે છે, જેથી મતદાર પોતાની ફરજ બજાવતા ચૂકે નહીં. (અમય ખરાડે)

# સુપ્રીમ કોર્ટની નવનીત રાણાને મોટી રાહત

## જાતિ પ્રમાણપત્ર અમાન્ય કરતો હાઈ કોર્ટનો આદેશ રદ

મુંબઈ: સુપ્રીમ કોર્ટે અમરાવતીના સાંસદ નવનીત રાણાને મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે અમરાવતીના સાંસદ નવનીત રાણાનું જાતિ પ્રમાણપત્ર રદ કરતા બોમ્બે હાઈ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને રદ કર્યો છે. સુપ્રીમ કોર્ટે નવનીત રાણાના અનુસૂચિત જાતિ પ્રમાણપત્રને માન્ય કર્યું છે.

રાણા પર અમરાવતીના અનામત મતવિસ્તારમાંથી અપક્ષ તરીકે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડવા માટે અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવવા માટે દસ્તાવેજો બનાવવાનો આરોપ હતો. આઠ જૂન, ૨૦૨૧ ના રોજ, હાઇ કોર્ટે કહ્યું હતું કે રાણા દ્વારા બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ‘મોચી’ જાતિ પ્રમાણપત્ર કપટી રીતે મેળવવામાં આવ્યું હતું. હાઇ કોર્ટે બોમ્બે હાઈકોર્ટે જાતિ પ્રમાણપત્ર નકલી હોવાનો ચુકાદો આપ્યો હતો અને અમરાવતી સાંસદ પર રૂ. બે લાખનો દંડ પણ લગાવ્યો હતો. નવનીત રાણાએ ૨૦૨૧ના બોમ્બે હાઈ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો.

નવનીત રાણાને ભાજપે અમરાવતી લોકસભા મતવિસ્તારમાંથી ઉમેદવાર બનાવ્યા છે. દરમિયાન નવનીત રાણાના નકલી જાતિ પ્રમાણપત્ર કેસમાં સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને રદિયો આપ્યો હતો. નવનીત રાણાનું જાતિ પ્રમાણપત્ર બોમ્બે હાઈ કોર્ટ દ્વારા ૨૦૨૧માં અમાન્ય કરવામાં આવ્યું હતું. જે બાદ નવનીત રાણાએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ત્યારે સુપ્રીમ કોર્ટે હાઈ કોર્ટના ચુકાદા પર સ્ટે આપ્યો હતો. નકલી જાતિ પ્રમાણપત્ર ચકાસણી કેસ પર બંને જૂથોની દલીલો ૨૮ ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થઈ હતી.

સુપ્રીમ કોર્ટે આ મામલામાં ચુકાદો અનામત રાખ્યો હતો. બોમ્બે હાઈ કોર્ટે નવનીત રાણાનું જાતિ પ્રમાણપત્ર નકલી હોવાનો ચુકાદો આપ્યો હતો. આ સામે નવનીત રાણા સુપ્રીમ કોર્ટમાં ગયા હતા. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને રદિયો આપી નવનીત રાણાના અનુસૂચિત જાતિ પ્રમાણપત્રને સાચું માન્યું છે.

સુપ્રીમ કોર્ટના આ ચૂકાદા બાદ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય ખુશીની વાત છે. જે લોકો નવનીત રાણાના જાતિ પ્રમાણપત્ર પર આંગળી ઉઠાવી રહ્યા હતા અને રાજકારણ રમી રહ્યા હતા. ■

### અમરાવતીમાં ભાજપ તરફથી ઉમેદવારી પત્ર ભર્યું

મુંબઈ: લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા ચાલી રહી છે એ દરમિયાન અમરાવતીમાં હાલમાં જ ભાજપમાં જોડાયેલા નવનીત રાણાએ ઉમેદવારી પત્ર ભરીને પોતાની ઉમેદવારી નોંધાવી હતી. નવનીત રાણા હાલ અમરાવતીના સાંસદ છે અને તે અપક્ષ ચૂંટાઇ આવ્યા હતા. જોકે, હાલમાં જ તેમણે ભાજપમાં પ્રવેશ કર્યો હતો અને અમરાવતીમાં તે મહાયુતિ તરફથી ચૂંટણી લડશે.

જ્યારે બીજી બાજુ અકોલામાં મહાવિકાસ આઘાડીથી છૂટા પડી એકલહથ્થે ચૂંટણી લડવાનો નિર્ણય લેનારા વંચિત બહુજન આઘાડીના પ્રમુખ પ્રકાશ આંબેડકરને પણ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. બેઠકોની વહેંચણી બાબતે મહાવિકાસ આઘાડીમાં ભંગાણ પડતા અને પોતાને મનગમતી તેમ જ પૂરતી બેઠકો ન મળતા વંચિત બહુજન આઘાડીએ મહાવિકાસ આઘાડીમાંથી છૂટા પડવાનો નિર્ણય લીધો હતો. પ્રકાશ આંબેડકર વંચિત બહુજન આઘાડીના પ્રમુખ હોવાના કારણે તેમના માટે અકોલાની બેઠક ઉપર જીત હાંસલ કરવી અત્યંત જરૂરી છે. કારણ કે જો પક્ષ પ્રમુખ પોતાની બેઠક હારી જાય તો પક્ષનું અસ્તિત્વ પણ જોખમમાં મૂકાઇ શકે તેવી શક્યતા હોવાનું રાજકીય વિશ્લેષકોનું માનવું છે. એટલે કે ગુરુવારના દિવસે અમરાવતી અને અકોલા આ બે બેઠકો ઉપરથી બે મહત્ત્વના ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી પત્ર ભરીને સત્તાવાર રીતે ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. ■

# આરોપીને જામીન અપાવવા બોગસ દસ્તાવેજો બનાવી આપનારી ટોળકી પોલીસના સકંજામાં

મુંબઈ: આરોપીને જામીન અપાવવા બોગસ દસ્તાવેજો બનાવી આપનારી અને બોગસ જામીનદારને કોર્ટમાં હાજર કરનારી ટોળકીના પાંચ સભ્યને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી મોટા પ્રમાણમાં બનાવટી દસ્તાવેજો તથા લેપટોપ અને પ્રિન્ટર જપ્ત કરવામાં આવ્યાં હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૬ના અધિકારીઓએ ઝડપી પાડેલા આરોપીઓની ઓળખ અમિત નારાયણ ગિજે (૪૪), બંડુ વામન કોરડે (૪૪), અહમદ કાસિમ શેખ (૪૪), સંજીવ સોહનલાલ ગુપ્તા (૩૪) અને ઉમેશ અર્જુન કાવલે (૪૮) તરીકે થઇ હતી.માનખુર્દના મહાત્મા ફૂલે નગરમાં અમુક લોકો મુંબઈ, નવી મુંબઈ, થાણે તથા અન્ય જિલ્લામાંનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં દાખલ ગુનામાંના આરોપીઓને જામીન અપાવવા બોગસ દસ્તાવેજો બનાવી આપે છે. ઉપરાંત બોગસ જામીનદારને પણ કોર્ટમાં હાજર કરીને તેમને જામીન અપાવે છે, એવી માહિતી ક્રાઇમ બ્રાન્ચના અધિકારીને મળી હતી.

આ માહિતીને આધારે પોલીસ ટીમે બુધવારે મહાત્મા ફૂલે નગરમાં છાપો મારીને અમિત ગિજે અને બંડુ કોરડેને તાબામાં લીધા હતા. બંનેની પૂછપરછમાં તેમના ત્રણ સાથીદારનાં નામે સામે આવ્યાં હતાં. પોલીસે બાદમાં છેડાનગરથી અહમદ શેખ, ભિવંડીથી સંજીવ ગુપ્તા અને કલ્યાણથી ઉમેશ કાવલેને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી બોગસ રેશનકાર્ડ, વિવિધ કંપનીનાં ઓળખપત્રો, પેનકાર્ડ, એક જ વ્યક્તિના વિવિધ નામે તૈયાર કરાયેલા આધાર કાર્ડ, પાલિકાની ટેક્સની રસિદો તથા અન્ય મતા જપ્ત કરાઇ હતી. પાંચેય આરોપી વિરુદ્ધ માનખુર્દ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■




**ચૂંટણી પંચની અચૂક નજર:** લોકસભાની ચૂંટણી માટેની આચારસંહિતા લાગુ થઈ ગઈ ત્યારબાદ કોઈપણ રાજકીય પક્ષ દ્વારા ન્યુઝ ચેનલો પર પઈડ-ન્યુઝ, જાહેરાતો કે પછી પ્રચાર સામગ્રી નથી દર્શાવવામાં આવતી તેના ઉપર નજર રાખવા માટે ફોર્ટ ખાતે આવેલી જૂની કસ્ટમ્સ ઓફિસમાં મીડિયા મોનીટરીંગ રૂમ ઊભો કરવામાં આવ્યો છે. જેમાં ચૂંટણી અધિકારીઓ તેના પર દર્શાવાતી તમામ સામગ્રી ઉપર અચૂક બાજનજર રાખી રહ્યા છે. (અમય ખરાડે)

# વિક્રોલીમાં દૂષિત પાણીપુરવઠાની ફરિયાદ બાદ ૫૦૦ ઘરમાં આરોગ્ય સર્વેક્ષણ

## પાણીના નમૂના લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા, પાઈપલાઈન બદલવાની મ્હાડાને સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિક્રોલી (પૂર્વ)માં કન્નમવાર નગરમાં દૂષિત પાણી પુરવઠો થવાની ગંભીર નોંધ લેવામાં આવી છે. દૂષિત પાણીની ફરિયાદ આવ્યા બાદ આ પરિસરમાં રહેલા ૫૦૦ ઘરમાં આરોગ્ય સર્વેક્ષણ કરવામાં આવ્યા હતા. તો પાણીના નમુના લેબોરેટરીમાં તમામ માટે મોકલવામાં આવ્યા છે.

કન્નમવાર નગરમાં અનેક દિવસોથી દૂષિત પાણીપુરવઠો થઈ રહ્યો હતો. છેવટે પાલિકાએ તેની નોંધ લીધી હતી. આ વિસ્તારમાં અસ્તિત્વમાં રહેલી પાણીની પાઈપલાઈનના જાળા એ ‘મ્હાડા’ની માલિકીના હોવાથી તેની જાળવણી અને મેઈનટેન્સની જવાબદારી મ્હાડા દ્વારા કરવામાં આવે છે, છતાં સાર્વજિનક હિતને ધ્યાનમાં રાખીને પાલિકાએ જાતે જ દૂષિત પાણીપુરવઠાની જગ્યા શોધવાની કાર્યવાહી હાથમાં લીધી છે.

પાણીની પાઈપલાઈનમાં ગળતર, દૂષિત સ્રોત શોધવા માટે અત્યાધુનિક ક્રાઉલર કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ફૂટી ગયેલી સીવરેજ લાઈનના સમારકામ માટે સ્યુએજ ડિપાર્ટમેન્ટના ખાતાને કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું છે. તો તકેદારીના પગલારૂપે પરિસરમાં લગભગ ૫૦૦ ઘરના કુલ ૨,૬૫૮ રહેવાસીઓના આરોગ્ય સર્વેક્ષણ કરવામાં આવ્યા હતા, જેમાં બે-ત્રણ નાગરિકને બાદ કરતા કોઈને પણ દૂષિત પાણીને કારણે કોઈ આરોગ્ય સમસ્યા થઈ નથી. આ દરમિયાન દૂષિત પાણીપુરવઠાની નોંધ લઈને ‘મ્હાડા’ને પોતાના અખત્યાર હેઠળના વિસ્તારમાં આવશ્યક ઉપાયયોજના તાત્કાલિક લાવવા માટેની સૂચના પાલિકાએ આપી છે.

કન્નમવાર નગરમાં બિલ્ડિંગ નંબર ૧૪ અને આજુબાજુનો પરિસર મ્હાડા હેઠળ આવે છે. આ ઠેકાણે અસ્તિત્વમાં રહેલી પાઈપલાઈનના જાળા મ્હાડાની માલિકીના છે. પાલિકાની મુખ્ય પાઈપલાઈનમાંથી મ્હાડા ઓથોરિટી અંતર્ગત પાણીપુરવઠો માટે રહેલી અંડરગ્રાઉન્ડ ટાંકીમાં પાણીપુરવઠો કરવામાં આવે છે, ત્યારબાદ પરિસરમાં મ્હાડા ક્ષેત્રમાં રહેલી તમામ બિલ્ડિંગોને મ્હાડા ઓથોરિટી દ્વારા તેમના પાણી વિતરણ વ્યવસ્થા દ્વારા પુરવઠો કરવામાં આવે છે. મ્હાડા અંતર્ગત પાણીની પાઈપલાઈનના જાળા એ મ્હાડાની માલિકીની હોવાથી તેની દેખરેખ અને મેઇન્ટેન્સની જવાબદારી તેમના દ્વારા કરવામાં આવે છે. આ વિસ્તારમાં દૂષિત પાણીપુરવઠો થતો હોવાની ફરિયાદ બાદ પાલિકાએ અહીં દુષિત પાણીપુરવઠાનું કારણ અને જગ્યા શોધવાની કાર્યવાહી ચાલુ કરી હતી. મ્હાડાના પંપ રૂમ નંબર એક પાસે દૂષિત પાણી મળી આવ્યું હતું. એ બાબતે ઉપાયયોજના કરવા માટે પાલિકાના ‘એસ’ વોર્ડ દ્વારા મ્હાડાને જાણ કરવામાં આવી છે. જોકે મ્હાડા પાસેથી પ્રતિસાદ નહીં આવતા પાલિકાએ રાહ નહીં જોતા દૂષિત પાણી ગળતરનું સ્થળ શોધવાનું ચાલી કરી દીધું હતું અને હવે મ્હાડાને યોગ્ય પગલા લેવાની સૂચના આપી છે.■

# કલ્યાણમાં ખાલી રેકના પેન્ટોગ્રાફમાં સર્જાઈ ખામી, ડોંબિવલીના પ્રવાસીઓ બેહાલ

મુંબઈ: સબર્બન રેલવેમાં લોકલ ટ્રેનની રફતારમાં દિવસે દિવસે ટેક્નિકલ સમસ્યામાં વધારાને કારણે ટ્રેનસેવા પર અસર થવાનું પ્રમાણ વધ્યું છે. વહેલી સવાર હોય કે નોન-પીક અવર્સમાં ટ્રેનસેવા ખોટકાતા પ્રવાસીઓને ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં હાલાકી વધી રહી છે. મધ્ય રેલવેમાં કલ્યાણ રેલવે સ્ટેશન નજીક પેન્ટોગ્રાફમાં ખામી સર્જાતા અપ એન્ડ ડાઉન ફાસ્ટ લાઈનની લોકલ ટ્રેનસેવા પર અસર પડી હતી, જેમાં ગઈકાલે પણ ટ્રેનસેવા ખોરવાઈ હતી.મધ્ય રેલવેમાં કલ્યાણ રેલવે સ્ટેશન નજીક ખાલી રેકના પેન્ટોગ્રાફમાં ખામી સર્જાતા ટ્રેનસેવા પર અસર પડી હતી. બપોરના ૧૨.૩૦ વાગ્યાના સુમારે કલ્યાણ રેલવે સ્ટેશન નજીક પેન્ટોગ્રાફમાં ખામી સર્જાતા ટ્રેનસેવાને રોકવાની નોબત આવી હતી, પરિણામે ફાસ્ટ લાઈનની લોકલ ટ્રેનોને સ્લો ટ્રેક પર ડાઈવર્ટ કરવામાં આવી હતી. ત્યારબાદ લોકલ ટ્રેનની સર્વિસીસ અડધો કલાક મોડી દોડતા ભર બપોરે ટ્રેનની રાહ જોવામાં પ્રવાસીઓને હાલાકી પડી હતી.

કલ્યાણથી સીએસએમટીની લોકલ ટ્રેનોને સ્લો ટ્રેક પર ડાઈવર્ટ કરવામાં આવતા ડોંબિવલીમાં સૌથી વધુ પ્રવાસીઓને હાલાકી પડી હતી. રોજેરોજ પ્લેટફોર્મ ચેન્જ કરવામાં પ્રવાસીઓને હાલાકી પડે છે. છેલ્લી ઘડીએ સિનિયર સિટિઝન સહિત વિકંલાગ લોકોને પણ દોડાદોડી કરવાની નોબત આવે છે. ■

# મેટ્રો-૧ માર્ગમાં ટેક્નિકલ ખામીને લીધે સેવા ખંડિત, પ્રવાસીઓને હાલાકી

મુંબઈ: વર્સોવા-અંધેરી-ઘાટકોપર મેટ્રો-૧માં ગુરુવારે સવારે લગભગ ૯.૩૦ વાગ્યે ટેકનિકલ ખામી સર્જાતા માર્ગની મેટ્રો સેવા ૧૦થી ૧૫ મિનિટ સુધી મોડી દોડતા પ્રવાસીઓને ઘસરાના સમયે અવરમાં જ ભારે ભીડનો સામનો કરવો પડ્યો હતો.

મેટ્રો સેવામાં અચાનકથી ખામી સર્જાતા પ્રવાસીઓની ભારે ભીડ સ્ટેશનો પર જોવા મળી હતી. આ દરમિયાન લગભગ ૧૧ કિલોમીટરના મેટ્રો કોરિડોરમાં ટેકનિકલ ખામી આવવાને લીધે ઘાટકોપર, અંધેરી અને માર્ગના અન્ય સ્ટેશનો પર પ્રવાસીઓની ભારે ભીડ જામી હતી. આ સાથે માર્ગમાં ખરાબીને લીધે મેટ્રો પ્રશાસન દ્વારા પ્રવાસીઓને આ બાબતે માહિતી આપી કામ પૂર્ણ થયા બાદ મેટ્રો સેવાને શરૂ કરવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી હતી.આ સાથે મુંબઈ મેટ્રો દ્વારા સોશિયલ મીડિયા પર પણ પોસ્ટ કરીને વર્સોવા-અંધેરી-ઘાટકોપર મેટ્રો-એકમાં ટેકનિકલ ખામી સર્જવાને લીધે મેટ્રો સેવા મોડેથી દોડી રહી છે, એવું જણાવી તેમની અસુવિધા માટે ક્ષમા પણ માગી હતી. આ મેટ્રો લાઇનમાં દરરોજ લગભગ ત્રણ લાખ જેટલા પ્રવાસીઓ મુસફારી કરે છે, જેથી મોટા પ્રમાણમાં મેટ્રો સેટશન પર પ્રવસીઓની ભીડ જોવા મળી હતી. ■

# વીજળીના ધાંધિયા: ‘બેસ્ટ’ દક્ષિણ મુંબઈમાં કેબલ બદલશે

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં વીજ પુરવઠો વહન કરતા બ્રિટિશ શાસન વખતે બેસાડવામાં આવેલા ૮૦ વર્ષ જૂના વીજળીના કેબલ હવે બૃહદ મુંબઇ ઈલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) અન્ડરટેકિંગને તકલીફ આપી રહ્યા છે. મુંબઈ શહેર ગરમીમાં ધગધગી રહ્યું છે ત્યારે વીજળીના ધાંધિયા થવાથી જનતાએ વારંવાર પાવર કટની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આ અઠવાડિયામાં બીજી વખત બુધવારે ભુલેશ્વર સહિત દક્ષિણ મુંબઈના કેટલાક વિસ્તારમાં વીજળી ગુલ થઈ હતી. જમીનની સપાટીથી ૨ - ૪ મીટર નીચે રહેલા અનેક વર્ષ જૂના ઈલેક્ટ્રિક કેબલને કારણે આ સમસ્યા નિર્માણ થઈ છે. બેસ્ટના અધિકારીઓએ આપેલી જાણકારી અનુસાર બુધવારે સવારે અગિયાર વાગ્યાની આસપાસ ભુલેશ્વર તેમજ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ વિસ્તારમાં થોડી મિનિટો માટે પાવર કટની સમસ્યા નિર્માણ થઈ હતી અને કેબલ ફોલ્ટની સમસ્યા દૂર કરવા કર્મચારીઓને તાત્કાલિક કામે લગાડવામાં આવ્યા હતા. આ સમસ્યાનો કાયમ માટે નિવેડો લાવવા ‘બેસ્ટ’એ પાંચ વર્ષની યોજના ઘડી છે. આ સમય દરમિયાન છ હજાર કરોડ રૂપિયાના રોકાણથી ૮૦ વર્ષ જૂના પાવર સપ્લાય નેટવર્કને આધુનિક બનાવવામાં આવશે. ■

# અલિબાગનું નામ બદલવાની માગણી

અલિબાગ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઔરંગાબાદ, અહમદનગર, ઉસ્માનાબાદનું નામ બદલાવ્યા બાદ હવે અલિબાગનું નામ પણ બદલવાની માગણી કરવામાં આવી છે.

વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર દ્વારા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને અરજી કરી અલિબાગનું નામ માયનાક નગરી કરવાની માગણી કરી છે, પણ આ માગણીનો અલિબાગમાંથી જ વિરોધ શરૂ થયો છે. મહારાષ્ટ્રના આવેલા આ દરિયાઈ કિનારા ભાગનું રક્ષણ કરવા માટે મરાઠા અને અહીંના દરિયાઈ કિલ્લાએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

અલિબાગના કિલ્લા અને માયનાક ભંડારીએ વિસ્તારની રક્ષા કરવા માટે અંગ્રેજો અને બીજા વિદેશી આક્રમણકારીઓથી બચાવવા પરાક્રમ કર્યું છે જેથી અલિબાગ શહેર સાથે તાલુકાને ‘માયનાક નગરી’ નામ આપવામાં આવે અને અલિબાગ શહેરમાં તેમનું એક ભવ્ય સ્મારક બનાવવામાં આવે, એવો પત્ર વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને લખ્યો હતો. ■

# ચેઉરમાં મંકી ટોપી પહેરીને આવેલી સશસ્ત્ર ટોળકીએ બિલ્ડરના ફાર્મહાઉસમાં લૂંટ ચલાવી

## બિલ્ડરના પરિવારને બાંધી દીધા પછી ૨૦ લાખના દાગીના-રોકડ સાથે સાત જણ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મુલુંડના બિલ્ડરના થાણે જિલ્લાના ચેઉર સ્થિત ફાર્મહાઉસમાં મંકી ટોપી પહેરીને આવેલી ટોળકીએ શસ્ત્રોની ધાકે લૂંટ ચલાવી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. મળસકે ફાર્મહાઉસમાં ઘૂસેલા સાત જણ બિલ્ડરના પરિવારને બાંધી દીધા પછી અંદાજે ૨૦ લાખના દાગીના-રોકડ સાથે ફરાર થઈ ગયા હતા.

વર્તકનગર પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ ચેઉર સ્થિત રોનાચા પાડા ખાતે આવેલા બિલ્ડર સુધીર મહેતા (૫૦)ના પુષ્પા ફાર્મહાઉસમાં બની હતી. આ પ્રકરણે પોલીસે સાત લૂંટારા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પોલીસ ફરિયાદ અનુસાર મુલુંડ પરિસરમાં રહેતા મહેતા છેલ્લા કેટલાક સમયથી પરિવાર સાથે હિલ સ્ટેશન ચેઉર સ્થિત પુષ્પા ફાર્મહાઉસમાં રહેવા ગયા હતા. મળસકે મહેતા પરિવાર ભરઊંઘમાં હતો ત્યારે લૂંટારા ફાર્મ હાઉસમાં ઘૂસ્યા હતા. પિસ્તોલ અને છરા જેવાં શસ્ત્રોની ધાકે મહેતા પરિવારને બાનમાં લેવામાં આવ્યો હતો. પછી પરિવારના સભ્યોને બાંધી દઈ ફાર્મહાઉસમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ લૂંટી લૂંટારા ફરાર થઈ ગયા હતા. ■






# ‘ગુડ ન્યૂઝ’ પછી ગુડ ન્યૂઝ...

## અક્ષય કુમાર સાથેની કોમેડી ડ્રામા ફિલ્મને દર્શકોનો પ્રેમ મળ્યો એના પાંચ વર્ષ પછી થિયેટરમાં રિલીઝ થયેલી કરીના કપૂરની આ ફિલ્મને પણ સફળતા મળી છે

**કવર સ્ટોરી**

**હેમા શાસ્ત્રી**

કરીના કપૂર હવે હરવા ફરવામાં, મોડલિંગ અસાઈન્મેન્ટ કરવામાં તેમજ બે બાળકોના ઉછેરમાં વધુ ધ્યાન આપી રહી હોવાથી ફિલ્મમાં કામ કરવાની તેની રુચિ ઓછી થઈ ગઈ છે એવો ગણગણાટ કેટલાક સમયથી સંભળાઈ રહ્યો હતો.

૨૦૧૯માં અક્ષય કુમાર સાથેની હિટ ફિલ્મ ‘ગુડ ન્યૂઝ’ પછી કરીના કપૂરની પાટી પર ફિલ્મોનું ઝાઝું ચિતરામણ નજરે નથી પડ્યું. બે સુપર ફ્લોપ ફિલ્મ ‘અંગ્રેજી મીડિયમ’ (૨૦૨૦) અને લાલ સિંહ ચઢ્ઢા’ (૨૦૨૨) પછી એની એક ફિલ્મ (‘જાને જાન’ ) આવી પણ ઓટીટી પ્લેટફોર્મ પર અને બીજી( ‘ધ બકિંગહામ મર્ડર્સ’) ‘નેટફ્લિક્સ’ પર આવવાની તૈયારીમાંછે.

આમ પાંચ વર્ષથી સફળતા કરીનાને હાથતાળી આપી રહ્યા હતા. જો કે, ગયા સપ્તાહે રિલીઝ થયેલી ‘ક્રૂ’ની સફળતા કરીના માટે ‘હમ હૈ વહીં હમ થે જહાં’નો પડઘો પાડનારી સાબિત થઈ છે. પહેલા ચાર દિવસમાં ફિલ્મ ૩૭ કરોડનો વકરો (બોક્સ ઓફિસ કલેક્શન) કરવામાં સફળ રહી છે. તાજેતરમાં રિલીઝ થયેલી ‘મડગાંવ એક્સપ્રેસ’ અને ‘સ્વાતંત્ર્યવીર સાવરકર’ના પહેલા અઠવાડિયાનો વકરો કરીનાની ફિલ્મ કરતાં ખાસ્સો ઓછો હતો.

‘ક્રૂ’ની પ્રારંભિક સફળતા કરીના કપૂર માટે ‘ગુડ ન્યૂઝ’ પછીના પહેલા ગુડ ન્યૂઝ - સારા સમાચાર છે. ક્રિતી સેનન તો અત્યારે જ ફિલ્મની સિક્વલની વાત કરી રહી છે. સરખામણીનો ઉદ્દેશ નથી, પણ જો ‘ક્રૂ’ની સિક્વલ બને તો જેમ પુરુષ કલાકાર (પરેશ રાવલ, અક્ષય કુમાર અને સુનીલ શેટ્ટી)ની ત્રિપુટીને લઈ ‘હેરાફેરી’ અને ‘ફિર હેરાફેરી’ બની એવું પુનરાવર્તન અભિનેત્રી ત્રિપુટીની બાબતે બની શકે. સોશિયલ મીડિયા પર ખાસ્સી પ્રવૃત્ત રહેતી કરીના કપૂરએ ફિલ્મની સફળતાથી પોરસાઈ યંગસ્ટર્સના ફેવરિટ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકી જણાવ્યું છે કે ‘મહિલાઓ ભેગી થાય ત્યારે મેજિક જોવા મળે. બોક્સ ઓફિસ પર સારો આવકાર મેળવી રહેલી ફિલ્મ ‘ક્રૂ’માં મેં પણ કામ કર્યું છે એનો મને અદકેરો આનંદ છે. રિયા કપૂર અને એકતા કપૂર સાથે મારી આ બીજી હિટ ફિલ્મ છે. (પહેલી હતી ‘વીરે દી વેડિંગ’ - ૨૦૧૯). બીજી વાર સફળતાનો સ્વાદ ચાખ્યા પછી લાગે છે કે આપણે ટ્રીની ફિલ્મ સાથે કરી હેટ - ટ્રીક પૂરી કરવી જોઈએ.’ રાજેશ ક્રિષ્ણન દિગ્દર્શિત અને શોભા કપૂર, એકતા કપૂર, અનિલ કપૂર અને રિયા કપૂર નિર્મિત ‘ક્રૂ’માં કરીના કપૂર ઉપરાંત તબ્બુ અને ક્રિતી સેનન પણ છે અને દિલજિત દોસાંજ અને કપિલ શર્માના નાનકડા રોલ છે. આ બધા જાણીતા કલાકાર વચ્ચે એક અજાણ્યું નામ, એક અજાણ્યો ચહેરો નાનકડો એવો રોલ (સબ ઇન્સ્પેક્ટર માલા) કરી દર્શકોનું ધ્યાન ખેંચી પોતાની હાજરીની નોંધ લેવાની ફરજ પાડનારી અભિનેત્રી છે તૃપ્તિ ખામકર.



ફિલ્મની વાર્તા ત્રણ યુવતી ફરતે આકાર લેતી હોય અને ત્રણેય અભિનેત્રી દમદાર પર્ફોર્મન્સ માટે મશહૂર હોય એ પરિસ્થિતિમાં ’તૃપ્તિએ મસ્ત કામ કર્યું છે’ એવું સિને રસિકોને યાદ રહી જાય એ બહુ મોટી સિદ્ધિ કહેવાય.

અલબત્ત, ફિલ્મમાં સબળા પાસાની સરખામણીએ નબળા પાસા વધારે છે. ત્રણ એર હોસ્ટેસ જે સહેલાઈથી સોનાના સ્મગલિંગના કેસમાં સફળતા મેળવે છે એ હાસ્યાસ્પદ વધુ લાગે છે. જો કે, આજના દર્શકને લોજિક સાથે ઝાઝી નિસ્બત નથી હોતી. એન્ટરટેઇન્મેન્ટ મળે એટલે ભયો ભયો. ફિલ્મ એ બાબતમાં નિશાન સાધ્યું છે. સામાન્ય બોલચાલમાં સાંભળવા મળે એ શૈલીના ડાયલોગ, ત્રણ યુવતીઓની સેક્સ અંગે કોઈ પણ છોછ વિના ચર્ચા અને ટાઈમપાસ મનોરંજન ફિલ્મનું જમા પાસુ છે. ફિલ્મની વાર્તામાં છબરડા અને અરાજકતા વારંવાર નજરે પડે છે અને એ ફિલ્મને હળવીફુલ બનાવી દર્શકોને ગમ્મત કરાવે છે.

મુખ્ય પાત્ર મહિલાના અને પુરુષના પાત્ર શોભાના ગાંઠિયા જેવા અથવા પૂરક હોવા છતાં ફિલ્મને ઠીક ઠીક આવકાર મળ્યો એ ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે આનંદની વાત છે. જો આ ફિલ્મ નફાકારક સાબિત થશે તો અન્ય ફિલ્મમેકરો પણ અખતરા કરવાની હિંમત કરશે.

મહિલા પ્રધાન તરીકે ઓળખાતી ફિલ્મોનો ઈતિહાસ ૫૦ વર્ષથી વધુ જૂનો છે. જો કે, ૨૦૧૮માં રિલીઝ થયેલી ‘વીરે દી વેડિંગ’ પછી એના સ્વરૂપમાં ‘ક્રાંતિકારી ફેરફાર’ આવ્યો એમ કહેવાય છે. પહેલી વાર ફિલ્મના સ્ત્રી પાત્રો ‘પરમ સુખ’ (ઓર્ગેઝમ)ની ચર્ચા કરતા જોવા મળ્યા. દિગ્દર્શક શશાંક ઘોષે અત્યંત કાળજી રાખી રજૂઆતને છીછરી કે હલકી નથી બનવા દીધી. એમાં કોમિક ફ્લેવર ઉમેરી શિષ્ટ મનોરંજન કર્યું છે. અલબત્ત, આવા પ્રયોગ કે આવી રજૂઆતને સ્વીકૃતિ મળવી શરૂઆતમાં આસાન તો ન જ હોય. જો કે, એક રાહતની વાત એ હતી કે વિશાળ પાયે સ્વીકાર ભલે ન થયો, પણ મોં મચકોડવાની કે હાય હાય ફિલ્મમાં કેવું દેખાડ્યું છે જેવો વિરોધનો સૂર પ્રગટ ન થયો. જોગાનુજોગ આ ફિલ્મના થોડા મહિના પછી કરણ જોહરની ‘ધ લસ્ટ સ્ટોરીઝ’ આવી અને સેક્સ્યુઅલ ફ્રીડમને થોડું વધુ મોકળું મેદાન મળ્યું. એમાં જે પ્રકારની સ્ટોરી આવરી લેવામાં આવી હતી એમાં એક પગથિયું આગળ વધી ‘લસ્ટ સ્ટોરીઝ ૨’ની રજૂઆત કરવામાં આવી. ૨૦૧૮માં ‘વીરે દી વેડિંગ’ વખતની સરખામણીએ ૨૦૨૪ની ‘ક્રૂ’ના સંવાદો વખતની દર્શકોની પ્રતિક્રિયા વધુ સહજ અને સામાન્ય રહી છે એવું કહેવાય છે. આવા અખતરા કરતાં દ્રશ્યોની ખાસિયત એ છે કે જેમ જેમ એ વધુ જોવા મળે એમ એ સામાન્ય અને સહજ બનતા જાય. એક સમય હતો જ્યારે હિન્દી ફિલ્મમાં હીરો - હિરોઇનનું ચુંબન દ્રશ્ય બે ફૂલ એકબીજામાં ગૂંથાઈ જાય એ પ્રતીકથી દર્શાવવામાં આવતું. વાત ધીરે ધીરે આગળ વધી સિરિયલ કિસર ઈમરાન હાશ્મી સુધી પહોંચી. હવે તો પડદા પર લિપ લોક (પહેલા ચુંબન, પછી કિસ અને હવે લિપ લોક કહેવાય છે) એટલા સ્વાભાવિક બની ગયા છે કે એ પ્રકારના સીન રાબેતા મુજબના લાગે છે.

# સવાલ ૧... નોખા-અનોખા જવાબ ૬ સેલેબ્સના!

*નાટક-ફિલ્મ-ટેલિવિઝન-વેબ સિરિઝ-શોની આપણી મનોરંજનની દુનિયાના વિખ્યાત અને વ્યસ્ત એવા કેટલાક મહારથીને ચીલાચાલુ નહીં, પણ માત્ર એક જ ચુનંદો સવાલ પૂછવામાં આવ્યો ત્યારે એ દરેકે એમની લાક્ષણિક શૈલી સાથે ઉત્સાહભેર એનો પડઘો પણ પાડ્યો.. કેવો છે એ એક સવાલ અને કેવા છે આ સેલિબ્રિટીના દિલચસ્પ જવાબ?*

**ડ્રેસ-સર્કલ**

**ભરત ઘેલાણી**

**ઓવર ટુ એ છ સેલિબ્રિટી !**

પ્રશ્ન : (૧) કોઈ એવી મશહૂર વ્યક્તિ, જેનાથી તમે બહુ પ્રભાવિત હો- એના વિશે બહુ સાંભળેલું -વાંચેલું હોય,પણ તમે કદી એને રૂબરૂ મળ્યા ન હો અથવા તો કોઈ કથા-વાર્તા કે પછી ઈતિહાસનું તમારુ ગમતું પાત્ર હોય એ તમને અચાનક રૂબરૂ મળી જાય તો તમે એને શું પૂછો-શું વાત કરો? (દાખલા તરીકે, તમને કસ્તૂરબા-હિટલર-નવાબ ઓફ પટૌડી- બિરબલ- જગ્ગા ડાકુ ,ઈત્યાદિ.આ નામ તો માત્ર ઉદાહરણ છે વ્યક્તિ્ત- પાત્ર તમારે પસંદ કરવાના)

આ રહ્યા એમનાં જવાબ



**પ્રતીક ગાંધી :** (અનેક ગુજરાતી નાટકો-ફિલ્મો-વેબ શોઝના કુશળ યુવા અદાકાર)

**જવાબ :** કોઈ પણ એવી મશહૂર વ્યક્તિ જેના વિશે બહુ સાંભળ્યું હોય-વાંચ્યું હોય-જોયું હોય અને જેનાથી હું બહુ પ્રભાવિત થયો હોઉં એ છે

બ્રુસ લી - દુનિયાના સર્વશ્રેષ્ઠ માર્સલ આર્ટિસ્ટ એમનું એક પુસ્તક પણ વાંચ્યું છે. એમની જે ફિલોસોફી હતી-એણે જે રીતે જીવનને માર્સલ આર્ટ સાથે સાંકળી લીધું એ બહુ જ અદભુત હતું..અને જો કોઈ ચમત્કારથી આજે એમને રૂબરૂ મળવાનું થાય તો મારે એમને એ જ પૂછવું છે કે પૂછ્યું હોત ..હકીકતમાં તો પૂછવા કરતાં મારે એમની સાથે અમુક દિવસ રહેવું હતું. એ કઈ રીતે પ્રેકટિસ કરતા ..કઈ રીતે એ જીવનને જોતાં હતા એ બધું એમની સમીપ રહીને ખુદ એમના જ મોઢે સાંભળવું હતું.



**દિલીપ જોશીઃ** (એમનો આટલો જ પરિચય પૂરતો છે : છેલ્લાં ૧૫-૧૬ વર્ષથી અવિરત ચાલતી ધારાવાહિક ટેલિવિઝન ‘તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા’ના જેઠાલાલ’ ! )

**જવાબ :** જે આજે હયાત નથી - ઈતિહાસનાં પૃષ્ઠોમાં સમાઈ ગઈ છે એવી કોઈ મશહૂર વ્યક્તિને આજે મળવાનું થાય તો મારે સંગીતકાર આર.ડી. બર્મનને મળવું છે. એમણે જે જે યાદગાર-લોકપ્રિયો ધૂન-તર્જ કઈ રીતે-કેવા માહોલમાં સર્જી અને એમનાં ઐતિહાસિક કોમ્પોઝિશન પાછળની-એને લગતી બધી જ વાત- એમની પાસેથી જ જાણવાની મને ખાસ્સી ઉત્સુકતા છ કાશ, આ તક એમની હયાતિમાં મળી હોત.!



**સ્નેહા દેસાઈઃ** (અભિનય ઉપરાંત અનેક પારિતોષિક વિજેતા નાટકો- ટેલિવિઝન સિરિયલ્સ-ફિલ્મોની કથા-પટકથા-સંવાદ-ગીતકાર વધુ સક્રિય છે એવાં ‘ઓલરાઉન્ડર સર્જક’)

**જવાબઃ** બહુ જ મશહૂર વ્યક્તિ,જેમનાથી હું બહુ પ્રભાવિત છું- જેમને મળવાની વિશેષ ઈચ્છા પણ છે એ છે અમિતાભ બચ્ચન. એ મળે પછી નિખાલસ પ્રકારનો જો સંવાદ સર્જી શકાય તો હું એમને ચોક્ક્સ પૂછીશ કે આ પ્રકારની અત્યંત ચંચળ અને સમજી ન શકાય એવી આ ફિલ્મ ઈન્ડ્સ્ટ્રીઝમાં રહીને પોતાનું ટેમ્પરામેન્ટ આટલું સ્વસ્થ કઈ રીતે જાળવી રાખે છે..? આટલાં વર્ષે પણ એ કામ માટેનો જુસ્સો-જનૂન કઈ રીતે ટકાવી રાખે છે ઉપરાંત એ કઈ રીતે સ્ક્રિપ્ટ-વાર્તાની પસંદગી કરે છે અને એ જો કોઈ ફિલ્મમાં અભિનય કરવા રાજી થાય છે તો એ પ્રોજેકટની ચકાસણી કરવા માટે એના પેરામીટર - માપદંડ શું હોય છે એ હું જરૂર એમની પાસેથી જાણવા ઈચ્છીશ.



**સંજય ગોરડિયાઃ** (ઢગલાબંધ નાટકો- ફિલ્મો અને ટીવી સિરિયલોના નિર્માતા-દિગ્દર્શક અને હળવી,છતાં અર્થપૂર્ણ ભૂમિકાના નિપુણ અદાકાર )

**જવાબ :** ગાંધીજીહા,ઇતિહાસનું મારું સૌથી ગમતીલું પાત્ર છે ગાંધીજી એમને હું ક્યારેય મળી નથી શક્યો. ખરેખર એ ‘મહામાનવ’ હતા એમાં કોઈ શંકાને સ્થાન નથી. એ ‘મહામાનવ’ શબ્દમાં માનવ એટલે કે માણસ આવી જાય અને માણસનો મતલબ જ એની માનવસહજ નબળાઈઓ હોઈ શકે અને એ જ નબળાઈઓ વિશે મારે ગાંધીબાપુ સાથે મુલાકાત થાય તો એમને પૂછવું હતું કે ખિલાફત આંદોલન વખતે તમે કેમ એને સમર્થન આપ્યું ? ’

આ ખિલાફત આંદોલન એટલે આમ બીજી રીતે જોવા જઇએ એ શબ્દ ખોટી રીતે વપરાય છે. ખિલાફત’ એટ્લે કોઈની ‘ખિલાફ’ નહીં..હકીકતમાં એ ‘ખલિફત’ આંદોલન હતું, જેમાં તુર્કીનો રાજા હોય એ જ ઇસ્લામનો ખલીફા દર વખતે જાહેર થતો એટલે બીજાં મુસ્લિમ રાષ્ટ્રેએ એનો સખત વિરોધ કર્યો કે ત્યાંનો જ રાજા કેમ ખલીફા બને? આ વિવાદમાં ગાંધીજીએ ઝુકાવી દીધું હતું, જ્યારે આમાં એ વખતે આપણા ઇન્ડિયાને કશું લાગતું-વળગતું નહતું. હકીકતમાં એ ઈસ્લામી રાષ્ટ્રો વચ્ચેની લડાઈ હતી કે કોણ ખલીફા બને..આ આંદોલનમાં ગાંધીજી સામેલ થયા એટલે મારે એમને એ સવાલ પૂછવો છે કે તમે કેમ આવું કર્યું ને એની પાછળની તમારી શું ગણતરી હતી ? મને એમ લાગે છે કે ગાંધીજીની એ એક ખૂબ મોટી ભૂલ હતી ગાંધીજીને મારે બીજો સવાલ એ પૂછવો છે કે ‘સરદાર વલ્લભભાઈ પટેલને તમે વડાપ્રધાન કેમ ન બનાવ્યા?’ અલબત્ત, આનાં ઘણાં બધાં કારણ કે જવાબ આપણને ઈતિહાસમાંથી મળી રહે છે,પણ ટૂંકમાં કહું તો ગાંધીજી એ કરી શક્યા હોત

જો હું એમને મળી શકું તો આ છે ગાંધીબાપુને મારા બે સવાલ..



**જેડી (જમનાદાસ મજીઠિયા) :** (અનેક સફળ ગુજરાતી નાટકો-ફિલ્મો-ટીવી સિરિયલો-શોના કુશળ અભિનેતા- દિગ્દર્શક-નિર્માતા)

**જવાબ :** મારે જો કોઈ વ્યક્તિ કે પાત્ર પસંદ કરવાનું હોય તો મારી પહેલી પસંદગી છે બાદશાહ અકબરના સલાહકાર-મંત્રી એવા બિરબલ..કારણ કે બિરબલ હાજરજવાબી-હોશિયાર અને ચતુર.. બિરબલને મળવા મળે તો એને મળીને મારે એક જ વાત જાણવી છે કે અકબરને એ જે જવાબ આપતા હતા એ કદાચ એક નહીં-બે નહીં પણ ત્રીજી -ચોથી વારમાં તો બાદશાહને એની ખરાઈ ખબર પડી પણ જાય,છતાં બિરબલ એવી ગજબની ચતુરાઈ સાથે જવાબ વાળતા કે અકબર ધારે તો પણ એમને પકડી ન શકે ! મારે બિરબલને મળીને એ ખાસ જાણવું છે કે કોઈ લાંબું પ્લાનિંગ કરી-વિચારીને નહીં ,પણ હાજરજવાબીપણા સાથે એ સ્પિટ સેકન્ડમાં - ક્ષણાર્થમાં શું અને કઈ રીતે વિચારતા હતા આ જાણવાની મારી તીવ્ર જિજ્ઞાસા છે,કારણ કે કોઈ મળે ત્યારે થોડીક જ ક્ષણ-મિનિટમાં શું વિચારીને બિરબલ જેવી ત્વરાથી જવાબ આપી શકાય એ આપણે પણ જાણવું-શીખવું જરૂરી છે



**પ્રવીણ સોલંકીઃ** (અદલોદલ નામ પ્રમાણે એ ત્રણ નહીં, તેંત્રીસ કળામાં પ્રવીણ છે. એમની ૨૦૦થી પણ વધુ નાટ્યકૃતિઓ તખ્તા પર સાકાર થઈ છે. ટૂંકમાં ઈત્યાદિ-ઈત્યાદિ’ કહેવું પડે એવા મેઘધનુષી માનવી છે)

(જુઓ પાનું ૭) ▶▶

# ગ્રંથ પકડવાથી જે નથી મળતું એ કદાચ મનમાં બાંધેલી ગ્રંથિ છોડવાથી મળે....




**અરવિંદ વેકરિયા**

‘એપ્રિલફૂલ’... એપ્રિલ મહિનાની પહેલી તારીખ એટલે ગમ્મતનો ગુલાલ કરવા યુવાનો અધીરા થઈ જાય. કોણે, કોને અને કેવી

રીતે ‘ઉલ્લુ’ બનાંવે અને ‘એ’ ઉલ્લુ બને પછી પોરસાવાની આ પહેલી તારીખ ઉપર જાણે સિક્કો લાગી ગયો હોય, જે હું વર્ષોથી જોતો આવ્યો છું, ભોગ પણ બન્યો છું. આમ ગંભીરતાથી જોઈએ તો આ પહેલી એપ્રિલ આમ જ બદનામ છે, બીજી તારીખો શું ઓછું જુઠું બોલે છે? આજે તો કેમ છો’ કહીએ ત્યારે મળતો પ્રત્યુત્તર ‘મજામાં છું’ એ પણ મને ‘એપ્રિલ-ફૂલ’ ઉત્તર જ લાગે છે.

ખેર, નિજાનંદ માટે આવી ‘ઉલ્લુ’ બનાવવાની અને આનંદ વહેંચવાની બધાને છૂટ આ મહિનાએ આપી છે. ‘એપ્રિલ ફૂલ’ની વાત મૂકી લખાણનો ‘ફૂલ’ આનંદ માણીએ?

એ રાત આખી હિન્દુજા થિયેટરમાં વિતાવી, સવારે સસ્તા પહેરણ પહેરી હું અને રાજેન્દ્ર પોતપોતાને ઘરે પહોંચી ગયા. થાક તો સખત લાગેલો, પણ નાટકનો શુભારંભ હોવાથી થાક વર્તાતો જ નહોતો. જો કે આરામ જરૂરી તો હતો. માથું સહેજ ભારે હતું. મેં પત્ની ભારતીને કહ્યું કે હું એકાદ-બે કલાકનું ઝોંકુ લઈ લઉં.પથારીમાં પડતા જ મારા નસકોરાં ચાલુ થઈ ગયા. અગિયારેક વાગ્યા હશે.

ભારતીએ મને જગાડતા કહ્યું, ‘હવે બહુ નસકોરા બોલાવ્યા.. તૈયાર થઈ જાવ.’ હું ઊભો થઈ ગયો. બાકી નસકોરાં એક એવું સંગીત છે કે જે વગાડવાવાળા સાંભળી ન શકે અને સાંભળવાવાળો સહન ન કરી શકે.કદાચ એ કારણે જ ભારતીએ મને ઢંઢોળ્યો હશે.

નાહી ધોઈને તૈયાર થયો ત્યાં તુષારભાઈનો ફોન આવ્યો, વધામણી આપતા કહ્યું કે,‘બુકિંગ બહુ સારું છે.’ રિહર્સલ અને જી.આર. ની દોડાદોડમાં એ વાત જ ભૂલાય ગઈ હતી, પણ નિર્માતા થોડું ભૂલે?. એ તો કદાચ બુકિંગ ખુલ્યું હશે ત્યારથી રોજ ‘સ્કોર’ પૂછતા હશે. જે હોય તે, પણ સવારમાં એમણે સારા ખબર આપ્યા.

હવે મને માત્ર નાટક જ દેખાતું હતું. મન હવે કહેતું હતું કે જરૂર સફળ થઈશું. હા, વચ્ચે વચ્ચે કિશોર દવેના વિચારે ચડી જતો. આમ તો એ નીવડેલા કલાકાર હતા અને કાંતિ મડિયાનાં માનીતા પણ હતા, પણ ક્યારે કઈ વાત એને અકળાવી મુકે અને આડાફાટે એ કળવું મુશ્કેલ હતું. નાટક જ મારો ધ્યેય અને એ સફળ થાય એવાં હકારાત્મક વિચાર રાખવામાં જ સમજદારી હતી. ગ્રંથ પકડવાથી જે નથી મળતું એ કદાચ મનમાં બંધાયેલી ગ્રંથિ છોડવાથી મળે. જો કે આવું હજાર વાર વિચાર્યું હશે પણ મર્કટ મન ક્યારેક તો આ વાત ખોતરતું રહેતું.

નાટકના શ્રી-ગણેશનો એટલો ઉત્સાહ હતો કે બપોરનું જમવાનું પણ મન ન થયું. ભારતીનું મન મનાવવા થોડું ખાધું.

ભટ્ટસાહેબનો પણ ફોન આવી ગયો.એ પણ પૂરા પરિવાર સાથે તેજપાલ થિયેટર પર સમયસર પહોંચવાના હતા. તુષારભાઈ તો બપોરથી ‘ગલ્લે’ બેસી જવાના હતા. (બુકિંગ ક્લાર્ક પ્રભાકર હવે હયાત નથી ,છેલ્લે જયારે એણે બુકિંગનું કામ છોડ્યું એ પછી એ ચંપારણ ઠાકોરજીની સેવા આપવા ગયેલ. મને બહુ કહેલું ત્યાં આવવા પણ હું નહોતો જઈ શક્યો. હમણા વ્રજલાલ વસાણીના સુપુત્ર દીપક વસાણીના આશીર્વાદથી એ શક્ય બન્યું,)

હું ઘરેથી પાંચેક વાગે નીકળ્યો. ભારતીએ દહીં ખવડાવી શુકન કરાવ્યા અને શુભકામના પણ આપી. પત્ની ભણેલી હોય કે અભણ, જયારે તમે હારી જતા હો ત્યારે એ જ શીખવાડે કે આગળ કેમ વધવું. ભારતી તો ભણેલી છે, મારા પરિવાર સહિત મને પણ ખૂબ સાચવ્યો છે- સાચવે છે.

એની શુભેચ્છા લઇ નીકળ્યો તો ખરો પણ માણસમાં રહેલા બે ‘મન’ વાત કરતા જ રહે છે. એક મન કહેતું હતું, ખોટો ગભરાય છે, નાટકને જરાય વાંધો નહિ ‘આવે’ તો બીજું ‘મન’ નકારાત્મકતા બાજુ ખેંચી જતું અને કહેતું કે, દાદુ, રિવાઈવલ એ રિવાઈવલ જ રહેવાનું. ચાલવાનું જ હોત તો પહેલા કેમ ન ચાલ્યું? વાત તો એ જ છે, તે ક્યાં હાથી-ઘોડાનાં ફેરફારો કર્યા છે!’. મને આ વિચારોથી જાત પ્રત્યે નારાજગી થવા લાગી. એ વિચારો પડતા મૂકી ટ્રેનમાંથી બહાર પસાર થતો નજારો જોવામાં મન પરોવ્યું.

ગ્રાન્ટરોડ આવ્યું. હું તેજપાલ થિયેટર પર પહોંચ્યો. ત્યાં એક ભાઈ મારી પાસે આવ્યા. મને કહે બોલો, ચાલીસ રૂપિયાની ટિકિટ સો માં જોઈએ છે? બાકી નાટક હાઉસફૂલ છે.. બોલો,,’ એ કોઈ બ્લેકવાળો હતો. મતલબ સાફ હતો કે નાટક ખરેખર ‘હાઉસ ‘ફૂલ’ થઇ ગયું હતું. તેજપાલનાં પગથિયા પાસે જ ‘હાઉસ ફૂલ’ નું બોર્ડ હાર ચડાવેલું દેખાયું.

‘હાઉસ ફૂલ’ મેં પહેલીવાર જોયું.ત્યારે ૪૦ રૂપિયાની પહેલી ટિકિટ હતી અને ૧૦ રૂપિયાની છેલ્લી. પેલા ભાઈ મને ૧૦૦ રૂપિયામા આપી ‘બ્લેક’ કરી રહ્યો હતો. ‘બ્લેક’ કરવું એ સારું તો નથી જ નથી, પણ સમય, સમયને સાચવવા માણસ આવું કરતો હશે? હું તો કહું છું કે મર્યાદા રાખજો- પૈસાની કમી હોય તો ખર્ચામાં અને જ્ઞાનની કમી હોય તો ચર્ચામાં!

ખેર, બુકિંગ ઉપર મારું હરખ સાથે સ્વાગત કરવા તુષારભાઈ, એમનો સાળો તથા એમના પત્ની મીનાભાભી તો સાથે નિહારિકાબેન અને ભાવના ભટ્ટ તૈયાર જ હતાં. ભારતી નાના બે દીકરાને લઇ પહોંચવાની હતી. મેં જઈ ભટ્ટ સાહેબને પાયલગણ કર્યા.

હું હજી દ્વિધામાં હતો કે નાટક ફરી રજૂ તો કરીએ છીએ પણ... મારા મનનો આ વિચાર કદાચ ભટ્ટ સાહેબ સમજી ગયા કે પછી કોને ખબર, મને કહે કે. ‘વીતેલા સમયને ભૂલવાની તાકાત રાખો, જિંદગીમાં પાછું વળીને જોવાનો સમય નહીં આવે.’ મારા મોઢા પર એક મલકાટ આવી ગયો. હું કઈ ન કહી શક્યો.

ભારતી પણ આવી ગઈ. જેમ-જેમ નાટકની રજૂઆતની ઘંટડીઓ વાગતી ગઈ એમ મારા મનમાં પણ ‘હીટ’ કે ‘ફ્લોપ’ ની ઘંટડીઓ વાગવા માંડી. રંગદેવતાની પૂજા કરી, પ્રથમ શો અને પાછો હાઉસ ફૂલ, એ બેવડા હરખના પેંડા ખાઈ બધાએ મોઢું મીઠું કર્યું. શુભેચ્છાના આદાન-પ્રદાન થયા અને નાટકની ત્રીજી ઘંટડી વાગી. ‘આંગીકમ’ વાગવા માંડ્યું. અને એ પછી પ્રારંભિક સંગીત સાથે ‘વાત મધરાત પછીની’ નામક નવા નામે તૈયાર થયેલ નાટકનો પડદો ઉઘડ્યો.

પહેલા અંકના પહેલા સીનમા હું, રાજેશ મહેતા અને કિશોર દવે સાથે નાટક શરૂ થયું. પત્નીનો રોલ કરતા કુમુદ બોલે એમની મા ને મળવા પૂના ગયા છે. મને કંપનીમાં મોટો ઓર્ડર મળ્યો છે. કોઈ રોક ટોક નથી એનો લાભ લઇ એટલે અમે બે પાર્ટનર અને પાડોશી દેસાઈ (રાજેશ મહેતા) સાથે ઘરમાં જ ડ્રીંક પાર્ટી ગોઠવી.



હાસ્યની શરૂઆત થઇ ગઈ. ‘હાઉસ ફૂલ’ શોનો હાસ્યનો એ ખડખડાટ અને તાળીઓનો ગડગડાટ પણ પુરજોશમાં શરૂ થયો.

જયંત ગાંધીના ટુચકાઓએ જાણે સોનામાં સુગંધ ભેળવી દીધી. પ્રથમ અંક પૂરો થતા જ બેકસ્ટેજમાં શુભચિંતકોનું જાણે ધાડું ધસી આવ્યું.

‘છાનું છમકલું’ અને વાત મધરાત પછીની’ બંનેના પ્રતિસાદમાં આટલો ફરક?

ભટ્ટ સાહેબ કાનમાં કહી ગયા. ‘હોશિયાર માણસથી ભૂલ થાય પણ ભૂલોથી માણસ હોશિયાર પણ બને’

એમ કહી ચાલો બીજો અંક શરુ કરીએ’...

***

*લોકો તો બોલશે બોલવા દો,*
*પ્રેમના બીજને રોપવા દો,*
*તાળું, લોકર, તિજોરી નથી તો’યે,*
*ચોરવું છે દિલ ચોરવા દો. .............*

(-અંકિતા મારુ)■

**ડબલ રિચાર્જ**


*પત્નીઃ(રોમેન્ટિક મૂડમાં): હું આજથી સંકલ્પ લઉં છું કે તમે પાણી માગશો તો દૂધ આપીશ, તમે દૂધ માગશો તો હું ખીર આપીશ, તમે રોટલી માગશો તો હું તમને પરોઠા આપીશ,*

*પતિઃ સીધેસીધું કહી દે ને કે તમે જે માંગશો એ ક્યારેય નહિ આપું.*

ટૂંકી વાર્તા

અજય ઓઝા

# ડિવાઈડર



'વલય યાદ આવે છે?' મેં પૂછ્યું.

- કહો કે પુછાઈ જ ગયું, ન રહેવાયું. ઓરેન્જ કલરની બોર્ડરવાળી વ્હાઈટ સાડીને જરા કવર-અપ કરીને એ મલકી. પછી વલયની વાતને પણ એમ જ 'કવર-અપ' કરી લેતી હોય એમ બોલી, 'આપણું આ શહેર બહુ બદલાય ગયું નહીં? અહીં પેલો લીમડો હતો એ ક્યાં?'

મને સમજાયું કે એ કશુંક છુપાવવા મથે છે. પણ મારાથી શું છુપાવવાનું હોય? હું તો એની બાલસખી, એના મનની રગેરગ હું જાણું. હા, એને નોકરી મળ્યા પછી તે ગાંધીનગર ચાલી ગઈ એ ખરું પણ એક માત્ર બે-ત્રણ વર્ષના ગાળામાં એ મારાથી દૂર ન થઈ શકે.

ત્રણ વર્ષ પહેલાં આ નીલમને સચિવાલયમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી મળી એટલે અમે જુદા પડ્યા. પણ ત્યાં સુધીની જિંદગી તો આ જ નાનકડા શહેરમાં અમે સાથે વિતાવી હતી. અમારી સાથે વલય પણ ખરો. નીલમને વલય સાથે લાગણી બંધાઈ હતી. બસ કેટલાક અંતરાયો પાર કરવાના હતા, પછી એ બંને અતૂટ બંધનમાં બંધાઈ જવાના હતા. જી. પી. એસ. સી.ની પરીક્ષા અમે ત્રણેય સાથે જ આપેલી, પણ એમાં હું ને વલય પાસ ન થઈ શકેલા. પછી પણ વલયે તો પરીક્ષાઓ આપવાનું ચાલુ જ રાખેલું, પણ મેં હારીને એક વીમા કંપનીમાં મદદનીશ તરીકે જોબ કરવા માંડી હતી.

નીલમને ત્રણ વરસ બાદ પહેલી જ વાર શહેરમાં આવવાનું થયું હતું ને એ પણ સચિવાલયના કોઈ સરકારી કામે. ગામમાં એનું ઘર હતું તોયે એ સરકિટ હાઉસમાં ઊતરી હતી. સવારના ભાગે મને એણે ત્યાં મળવા બોલાવી હતી. પણ ત્યાં કૉફી પીધા પછી અમે બંનેએ અમારી જૂની આદત મુજબ બહાર લટાર મારવાનું પસંદ કર્યું હતું. અમે હાઈવે પર ચાલવા માંડ્યાં.

એને લીમડો કેમ યાદ આવ્યો હશે એની મને નવાઈ ન લાગી. એ લીમડો જ તો એને વલય સાથે મેળવી આપતો હતો. મને થયું કે એ કશુંય ભૂલી નથી. સ્ત્રી હોય જ લાગણી પ્રધાન. હું એને વલય સાથે જરૂર મેળવી આપીશ, એ પણ બાપડો આની યાદમાં સાવ નખાતો જ ગયો છે.

બહુ વારે મેં જવાબ આપ્યો, 'લીમડો ને? એ તો જો ને, આ પાકો રોડ થયો ને ત્યારે જ પહેલાના કમિશનરે કપાવી નાખ્યો. એની જગ્યાએ જ તો આ ડિવાઈડર ફૂટી નીકળ્યા છે.' પછી જરા હળવા સાદે કહ્યું, 'નીલમ, લીમડો કપાયાનું તને ખૂબ દુઃખ થયું હશે, નહીં?'

'અરે, જરા પણ નહીં, એમાં વળી દુઃખ શાનું? પાકો રસ્તો બન્યો, એક ગાંધીનગર સુધીનો ફોર લેન હાઈવે થયો, છેવટે તો શહેરનો વિકાસ જ થયો ને? કે નહીં? અને વિકાસ સાધવો હોય ત્યારે જરા કઠણ કાળજાનું પણ થવું પડે, એમાં કશું ખાટું-મોળું ના થઈ જાય.'

મને એના જવાબથી આશ્ચર્ય થયું, પહેલીવાર એ જરા બદલાયેલી લાગી. કદાચ મેં એને લાંબા સમય પછી જોઈ ને આટલા વખતે મળ્યા એથી એમ બની શકે. એનામાં આવેલાં બહુ સૂક્ષ્મ પરિવર્તનો ધીમે ધીમે મારી સમક્ષ ખૂલતાં જતાં હતાં. મને થયું કે કદાચ લીમડો કપાયાનું એને બહુ દુઃખ હતું પણ એ સામેથી કેમ વલયના કંઈ સમાચાર પૂછતી નથી એ પણ સમજાતું ન હતું.

થોડીવાર કોઈ કંઈ ન બોલ્યું. પછી નીલમ બોલી,

'વસુધા, કેશવકાકા તો મજામાં છે ને? અને હંસાકાકી? એ હજુએ તારા માટે મેથીના ખાખરા બનાવી આપતાં હશે, નહીં? વસુ, તું બહુ ભાગ્યશાળી છે, ખરેખર.'

મારા પગ થંભી ગયા, 'હા, બાપુજી તો એકદમ મજામાં છે, પણ તું ભૂલી ગઈ નીલમ, બા તો...'

'અરે... હા, હા, સોરી, તેં ફોન પર જણાવેલું. પણ વસુ ખરું કહું, હું મારામાં એવી ગૂંચવાઈ ગયેલી કે તારા સુધી ન આવી શકી. પણ સાચું માન, મને આવવાનું બહુ જ મન હતું.

'નીલમ, જવા દે એ બધી વાત. આપણી વચ્ચે ક્યારેય એવી કોઈ ફોર્માલિટીને સ્થાન ન હોઈ શકે. બધું મન પર ન લે પ્લીઝ, રિલેક્સ.'

'બધું મન પર ન લેવાની તો આદત પડી ગઈ છે વસુ. એમ થાય છે કે જાણે હું પથ્થર બની ગઈ હોઉં. એમ થાય છે કે જાણે મારી અંદરની હરિયાળીને કાપીને કોઈએ આવા કઠોર ડિવાઈડર મૂકી દીધા હોય, વસુધા.' એણે નિઃશ્વાસ મૂક્યો.

મને લાગ્યું કે બહુ મોટી વાત એ પોતાની અંદર ધરબીને આવી છે. લાગલગાટ કલાકો સુધી કહેવાની વાતો માટે એને માત્ર એકલ-દોકલ શબ્દો જ સાથ આપતા હતા. એની અંદરનો ઘૂંઘવાટ બહાર લાવતા મને ફાવતું નહોતું. કદાચ એ વલય માટેનો ઘૂંઘવાટ હોય શકે.

હા, જો એમ જ હોય તો હું જ એને વલય સુધી પહોંચાડીશ. એ પણ બિચારો નીલમની રાહ જોવામાં બહુ ઝડપથી ઘરડો થતો જાય છે. જ્યારે મળે ત્યારે બસ નીલમની જ વાતો કરતો હોય છે. નીલમ આમ ને નીલમ તેમ, નીલમ આમ કરે ને નીલમ તેમ કરે. ક્યારેક ક્યારેક તો મને ઈર્ષ્યા થઈ આવે એ બંનેની. નીલમ બહુ ભાગ્યશાળી છે કે તેને આવો પ્રેમી મળ્યો કે જે એક પળ પણ એનું રટણ ભૂલતો નથી. હવે તો એને પણ મોભાની નોકરી મળી ગઈ છે, એય ને અમલદાર બનીને સાહ્યબીથી રહે છે. એ બંને પણ આ સમય દરમિયાન ક્યારેય ફોન પર પણ મળ્યા નથી. એટલે નીલમને જોશે કે ઉછળી પડશે.

'વલય યાદ આવે છે?' મેં ફરી એના મનને તાગી જોવા પૂછ્યું. હું તો જાણતી જ હતી કે વલયને મળવા તલપાપડ હશે, વલયને મળવા જ તો એણે કદાચ મને બોલાવી હશે...

ફરી મૌન. રસ્તા પર ચાલતાં ચાલતાં અચાનક એક જગ્યાએ ડિવાઈડર પરની રેલિંગને પકડીને ઊભી રહી ગઈ. 'વસુધા...' એ બેળે બેળે બોલી.

'હા, અહીં જ, બિલકુલ ત્યાં જ, જ્યાં તું ઊભી છે. આ એ જ જગ્યા છે.'

'શાની જગ્યા વસુધા?'

'અરે તને પણ બરાબર યાદ જ છે નીલમ, તું જ્યાં ઊભી છે ત્યાં જ તો એ લીમડો હતો. ને એય ને સામે સુધી ઘેઘૂર લીમડાનો શીતળ છાંયડો પથરાઈ રહેતો. તું તો કશુંય ભૂલી નથી.'

'ઓહ... લીમડો. પણ મને એવો કંઈ ખાસ અંદાજ નહોતો. અને હવે તો એના મૂળ પણ ક્યાંય નહીં હોય.'

નીલમના સ્વરોમાં ઘોર હતાશા હતી. એ જગ્યાએથી અમે પરત ફર્યાં. પાછા ફરતી વખતે એની ચાલ ધીમી હતી. એની ઉદાસી પામી ન શકાય એવી હતી. અને મને રહી રહીને થતું કે વલય માટે કંઈક પૂછે તો જરા પજવી લઉં, પણ મને એવો મોકો જ નહોતી આપતી.

સરકિટ હાઉસ પર છૂટા પડતી વખતે એ બોલી, 'બપોર બાદ જરા ફ્રી છું, તને અનુકૂળતા હોય તો આવી જજે, નિરાંતે વાતો કરીશું. પછી કદાચ કાલે તો હું નીકળી જાઉં.'

મેં તરત જ હા કહી અને મનોમન નક્કી પણ કરી લીધું કે બપોરે વલયને પણ કહી રાખું ને ત્યાં અચાનક હાજર કરી દઉં અને નીલમને સરપ્રાઈઝ આપું. બંને ખૂબ ખુશ થશે.

બપોર પછી વ્હેલા પરવારીને હું ઝડપથી પહોંચી ગઈ સરકિટ હાઉસ. મેં કહ્યું, 'હું તારા માટે કૉફી અને મેથીના ખાખરા લાવી છું, આપણે સાથે એને ન્યાય આપીએ.' કહીને મેં થર્મોસ ટીપોય પર મૂક્યું. નીલમ હસી પડી. એને મળ્યા પછી એ પહેલીવાર જરા હસી હતી એ મેં નોંધ્યું. એ હસે ત્યારે છે એનાથીયે વધારે ખૂબસૂરત લાગે છે, વલય ખરો લકી છે, મને આ બંનેની જરા જરા ઈર્ષ્યા વારંવાર થાય છે.

કૉફી પીતા પીતા એ ફરી અન્યમનસ્ક થઈ ગયેલી જણાઈ રહી હતી. આથી ઊભા થઈ એની પાસે એના ખભે હાથ મૂકી મેં કહ્યું, 'વલય પણ તને આવી જ રીતે યાદ કર્યા કરતો હોય છે, નીલમ. તને યાદ કરતાં કરતાં એને પણ મેં આમ જ અન્યમનસ્ક થઈ જતો જોયો છે. તમારી બંનેની ચાહના જેટલી ઉત્કટ છે એટલી જ બળકટ પણ છે.' જરા અટકીને પૂરા ઉત્સાહથી હું આગળ બોલી, 'નીલમ, મેં વલયને કહ્યું કે તું આવી છે તો એ તો આનંદથી નાચવા લાગ્યો હતો, કહેતો હતો કે, જોયું ને? હું નહોતો કહેતો? નીલુ એમ મને ભૂલી જાય એવી નથી. રાતદિવસ મેં એની રાહજ જોયા કરી છે. ને જો, જો, મારી નીલુએ મારા ભરોસાને હારવા નથી દીધો. ખૂબ ગ્રેઈટ છે મારી નીલુ.- કહેતાં એ ખૂબ હરખાયો હતો.'

અધખૂલા દરવાજા બહાર કોઈ પ્યુનનો પગરવ સંભળાયો હશે અથવા બારીમાંથી આવતા પવનના સૂસવાટાએ સાડીનો છેડો ફરી છંછેડી લીધો હશે, એટલે નીલમે ફરી પાલવને કવર-અપ કરી લીધો. ઊભી થઈ, સ્વસ્થ દેખાવાના નિષ્ફળ પ્રયત્ન કરવા માંડી.

એની વ્યાકુળતાને જોઈ મને થયું કે મારે જ કંઈક વાત બદલવી જોઈશે એમ વિચારી હું બોલી, 'તારે કાલે જ ગાંધીનગર જવાનું છે? થોડો વધુ સમય... એટલે મને એમ કે આટલા વરસે વતનમાં આવી છો, તો સરકારી કામકાજની સાથે આપણાં અંગત સંબંધો સાચવવાના કામકાજ પણ થઈ શકે ને? નીલમ, ઘેર જઈ આવી? ભાઈ-ભાભી મળ્યા?'

'વસુધા, મેથીના ખાખરા તો તેં હંસા કાકી જેવા જ ટેસ્ટી બનાવ્યા છે. સમય રહેશે તો થોડા સાથે લઈ જઈશ. ત્યાં જઈ યાદ કરતી જઈશ અને ખાતી રહીશ, ખરું ને?' એ કૃતક હાસ્ય ચહેરા પર લીંપવા મથી. આજે એ મારી વાતોને આમ કેમ ઉડાવી દેતી હતી એ મને ન સમજાયું.

'નીલમ અહીંથી ત્યાં લઈ જવા જેવું તો ઘણું બધું છે... પણ હા, ત્યાં જઈને અમને ભૂલી ન જવાની હો તો, બોલ તો જરા, અહીંથી બીજું શું શું લેવા માટે તું આવી પહોંચી છે?' મારો ઈશારો ફરી વલય તરફ જઈ રહ્યો હતો એ તરત સમજી ગઈ.

સરકિટ હાઉસના એના આખાયે રૂમમાં થોડી ક્ષણો સુધી મૌનની દીવાલો પડઘાતી રહી. એ નિરવતાને તોડવા માટે નીલમના મોબાઈલમાં રીંગ વાગી. એણે ફોન ઉઠાવ્યો.

'બોલો... કેમ? ... શું થયું? ...એ નો એ જ પ્રોબ્લેમ?.. ચાલે તો ચલાવી લો, પ્લીઝ, કેમ કે હું કાલે જ પરત પહોંચી શકું એમ છું... હેં? ના હું એવું નથી કહેતી... પણ મારી વાત તો જરા સાંભળો.. મારો ઈરાદો એવો નથી... આજે બપોર પછી મારે અહીં કમિશનર સાથે અગત્યની મીટિંગ છે... સાંજે નીકળી જાઉં? કહો તો... પણ આવી જીદ?... ઓ.કે., ભલે... ભલે હું હમણાં જ ગાડી લઈ નીકળી જાઉં છું... અરે હા, ખરેખર અત્યારે જ આવું છું.'

ફોન પૂરો થયા પછી પણ નીલમના ચહેરા પર પસીનો હતો. બારણામાંથી આવતા પવનોએ એની ગરદન ફરી ખુલ્લી કરી નાખી હતી, છતાંયે કોણ જાણે કેમ, આ વખતે એણે સાડીને કવર-અપ કરવાની બહુ ઉતાવળ ન કરી.

મારાથી ફરી પુછાય જ ગયું, 'તારે કમિશનરને મળવાનું છે?? ખરેખર?'

'હા, પણ હવે નહીં મળી શકાય. મારે એ મીટિંગ કેન્સલ કરીને તાત્કાલિક નીકળી જવું પડશે. જાત પર ગુસ્સો આવતો હોય એવા લાપરવાહ સ્વરોમાં એ બોલી.

આવેશભર્યા અવાજે મેં કહ્યું, 'જેને તું મળવા આવી છે એને જ નહીં મળે? અરે, તારો વલય જ તો અહીં કમિશનર થઈ બેઠો છે, નીલમ તારો વલય...'

એક ક્ષણ તેની આંખોમાં કંઈક ચમક્યું પણ ફરી પાછી બોલી, 'વસુધા, પ્લીઝ મને વધુ ન શરમાવ મારી બહેન. તું જુએ છે ને કે હું વલયની સામે નજર મેળવી શકવાની તાકાત પણ ખોઈ બેઠી છું. હું એને નહીં મળી શકું.'

અત્યાર સુધીમાં હું એની બધી જ વાતોને પામી ગઈ હતી. મારા મનમાં જરા રોષ ઊપજ્યો, 'એટલે? સાચું કહે નીલમ, તારામાં ખરેખર વલય સામે નજર મેળવી શકવાની હિંમત નથી કે પછી તું એક અપરાધી તરીકે વલયને મળીને એની માફી માગવાની તારી જવાબદારીમાંથી છટકી જવા માગે છે? કમ સે કમ 'સોરી' કહીને એને મુક્ત કરવાની તારી ફરજ નથી શું?'

'સંજોગોએ મને ક્યારેય કોઈને 'સોરી' કહેવાની તક જ નથી આપી ને, એટલે જ આમ અળખામણી...' બોલતાં નીલમે એના કપડા ભરેલ પોર્ટફોલિયાની ઝીપ બંધ કરી અને છેલ્લી વાર પાલવને કવર-અપ કરી ઊભી થઈ.

મને થયું કે મારે હવે જલદીથી અહીંથી ભાગી છૂટવું જોઈએ. મને ડર હતો કે હું વલયને શું જવાબ આપીશ. મેં વલયને બહાર મેદાનમાં જ ઊભા રહેવાની સૂચના આપી હતી, ને હું એકલી અંદર આવી હતી. મારે નીલમને જરા પજવવી હતી. પછી એની તરફડતી ચાહતને મિલનનો આખરી સુખદ અંજામ આપવાનો પ્લાન હતો. વલય પણ કેટલો ખુશ હતો.

ઓહ... નીલમના રૂમમાંથી બહાર નીકળતાં જ છાતી પર મણમણના વજન ધરબાઈ ગયા. વલયને શું કહીશ? એના પર શું વીતશે? મને કશુંય સમજાતું નહોતું.

બહાર નીકળી જોયું તો ક્યાંય વલય દેખાયો નહીં. એની ગાડીના ડ્રાઈવરને પૂછતાં તેણે બહાર હાઈવે તરફ ગયા હોવાનો સંકેત કર્યો. હું રસ્તા પર દોડી આવી. બહાર હજીય ધોમધખતો તાપ પડી રહ્યો હતો.

ડિવાઈડરના દૂરના છેડે રેલિંગ પકડીને વલય ઊભો હતો. હું તેની નજીક પહોંચી ગઈ. મને જોઈને એણે પૂછ્યું, 'ક્યાં છે મારી નીલુ? વસુધા, બસ હવે બહુ થયું. મને મારી નીલુ આપી દે. મને આમ પજવવામાં તને શો આનંદ આવે છે?'

આંસુઓને સંતાડતી પાંપણો ઝુકાવીને મેં કહ્યું, 'સોરી વલય, હું તો તને... તને સાવ એમ જ... અમસ્તાં જ... જરા એપ્રિલફુલ બનાવતી હતી. મેં સાવ ખોટું કહી તારી મજાક કરી હતી. પણ ચિંતા ન કર, આજે નહીં તો કાલે તારી નીલુએ તારી પાસે જરૂર આવવું જ પડશે, વલય, હું સાચું કહું છું. એણે આવવું જ પડશે... ત્યાં સુધી... હું છું ને? વલય, એક વાત કહું??... તું મને તારી નીલુ ન બનાવી

(જુઓ પાનું ૭) ▶▶

પ્રાસંગિક

ડી. જે. નંદન

# દરેક ફિલ્મી હીરો માટે નથી રિયલ રાજકીય ફિલ્મ



અંતે ૧૪ વર્ષ રાજકીય સંન્યાસ બાદ 'હીરો નંબર વન'ના એક્ટર ગોવિંદા (આહુજા) ચૂંટણીની મોસમમાં રાજકીય અખાડામાં ફરી કૂદી પડ્યા છે. ગોવિંદા આ વખતે મહારાષ્ટ્રના શાસક પક્ષ શિવસેના (શિંદે જૂથ)ના સદસ્ય બન્યા છે. ગોવિંદાએ ૨૦૦૪માં ઉત્તર મુંબઈની લોકસભાની બેઠક પર ભાજપના દિગ્ગજ નેતા રામ નાઈકને પરાજિત કર્યા હતા. ત્યારે ગોવિંદા કૉંગ્રેસ તરફથી ઊભા રહ્યા હતા. લાંબા ઈન્ટરવેલ બાદની ગોવિંદાની ' રાજકીય ફિલ્મ' કેવી રહેશે એ તો સમય જ બતાડશે. જોકે તેમણે ઘણી અપેક્ષા હોવા છતાં પહેલા હાફમાં દર્શકોને નિરાશ કર્યા.

અલબત્ત દક્ષિણ ભારતનાં રાજ્યોમાં આવું નથી. અહીં હીરોની રાજકીય સફર સફળ રહી છે. હીરોએ પોતાની પાર્ટી બનાવી, મુખ્ય પ્રધાન બન્યા અને રાજ્યોના રાજકીય અને સામાજિક જીવન પર મોટો પ્રભાવ પાડ્યો. બોલીવુડના અભિનેતાઓ વિશે એમ કહી શકાય કે અમુક અભિનેતા રાજકારણમાં અમુક હીરો જામી ગયા છે અને અમુક હીરોએ પલાયન કર્યું હતું.

અમુક હીરો હાંસિયા પર ધકેલાઈ ગયા.બોલીવુડના હીરોએ એનટી રામારાવ (ટીડીપી)ની જેમ રાજકીય પક્ષની સ્થાપના કરવાનું સાહસ કર્યું નથી. આ હીરો સામાન્ય રીતે શાસક પક્ષના સભ્ય બનીને લોકસભા અને રાજ્યસભામાં પહોંચ્યા છે. બોલીવુડના હીરોએ અપક્ષ ઉમેદવાર લડવાનું જોખમ લીધું નથી અને આને લીધે જનતામાં તેમની લોકપ્રિયતાનો ખ્યાલ આવ્યો નથી.

ઉત્તર અને દક્ષિણ ભારતમાં ફિલ્મી સિતારો અને જનતા વચ્ચે રાજકારણના સંદર્ભમાં કેવા સંબંધો છે એનો અંદાજ આસાનીથી લગાડી શકાય છે. અહીં ઉલ્લેખનીય છે કે કટોકટીમાં દેવાનંદે એક રાજકીય પક્ષની રચના કરી હતી. જોકે આઝાદ મેદાનમાં એક ફલોપ જનસભા પછી તેમના પક્ષનું સુરસુરિયું થઈ ગયું. હાલમાં ચૂંટણીનો માહોલ છે અને અનેક ફિલ્મી કલાકારોએ રાજકારણમાં ઝંપલાવ્યું છે. અમુક કલાકારો તો લોકસભાના ઉમેદવાર બન્યા છે.

૨૦૧૪માં દેશને આઝદી મળી એવી બેફામ કમેન્ટ કરનાર કંગના રાનૌતે બોક્સ ઓફિસ પર્ફોર્મન્સ ઉપરાંત એક રાજકીય વ્યક્તિત્વ બનાવ્યું છે. ભાજપનું આંધળું સમર્થન કરવાના ઈનામરૂપે કંગનાને હિમાચલ પ્રદેશના મંડીમાંથી લોકસભાની ટિકિટ આપી.

અહીં ઉલ્લેખનીય છે કે કંગના ચિરાગ પાસવાની પહેલી ફિલ્મ 'મિલે ન મિલે હમ' (૨૦૧૧)માં હિરોઈન હતી. ફિલ્મમાં અસફળ થયા બાદ પાસવાન હવે તેમના શબ્દો પ્રમાણે મોદીના હનુમાન બનીને બિહારમાં પિતા રામવિલાસ પાસવાનના રાજકીય વારસાને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

૧૭મી લોકસભામાં જે મહિલા હસ્તીઓ સંસદસભ્ય હતી એમાં ભાજપની હેમા માલિની, સ્મૃતિ ઈરાની, કિરણ ખેર અને નવનીત કૌર અને તૃણમૂલ કૉંગ્રેસની મિમી, નુસરત, સતાબ્દી અને લોકેટ ચેટરજીનો સમાવેશ થાય છે. તદુપરાંત એક અપક્ષ સંસદસભ્ય સુમાલતા હતા. મિમી અને નુસરતે બીજી વાર ચૂંટણી લડવાની ના પાડી છે. જોકે રાજકારણને રામ રામ કરનાર આજ સ્ટાર નથી. સ્ટારડમની માયાને રાજકારણમાં જાળવી રાખવાનું પડકારરૂપ છે. આથી અભિનેતા જે ઝડપે રાજકારણમાં આવે છે એ જ ઝડપે પારોઠનાં પગલાં ભરે છે. આમાં એક મોટું નામ અમિતાભ બચ્ચનનું છે. અમિતાભે ૧૯૮૪માં હેમવંતી નંદન બહુગુણાને હરાવ્યા હતા. ૧૯૮૭માં તેમણે રાજકારણે તિલાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે દર્શક એક માયાના પ્રેમમાં હતા. તેમને રાજકારણનું કઠોર સત્ય મોડે મોડે સમજાયું હતું. તેમના કહેવા મુજબ વિચારધારા તેમના ચાહકોને વિભાજિત કરે છે.

અલબત્ત એ રસપ્રદ વાત છે કે તેમની પત્ની જયા બચ્ચન પોતે પ્રસિદ્ધ અભિનેત્રી છે અને અનેક મુદતથી રાજ્યસભાનાં સભ્ય છે. તેઓ તેમના રવૈયા અને જોશીલા પ્રવચન માટે જાણીતા છે. હેમા માલિની પણ રાજકારણમાં ટકેલી છે, પરંતુ તેમના પતિ ધર્મેન્દ્ર એક વાર લોકસભાના સદસ્ય બન્યા બાદ રાજકારણ છોડી દીધું. રાજનીતિની જરૂરિયાત જીવનશૈલીમાં મોટા પરિવર્તન અને જાડી ચામડીની છે. આથી થોડા અભિનેતાઓ દબાણમાં રાજકારણમાં પ્રવેશે તો છે, પરંતુ પછી પોતાની ભુલ સુધારી લે છે. હાર અને રાજકારણની ગરમી સુપરસ્ટાર્સ જ નહીં, પરંતુ નાના એક્ટર પણ બર્દાસ્ત કરી શકતા નથી.

સુપરસ્ટાર તેના ચાહકવર્ગનો પ્રેમ રાજકારણમાં આવીને ખોવા માગતો નથી. બેલોટ બોક્સમાં સત્ય બહાર આવી જાય એવો ડર પણ હોય છે. રજનીકાંત એ સહન કરી શકે છે કે લોકો તેમના પક્ષના ઉમેદવારને જાકારો આપે? રાજેશ ખન્ના ૧૯૯૧માં એલ. કે. અડવાણી સામે ૧૫૮૯ મતથી હારી ગયા હતા. ૧૯૯૨ની પેટાચૂંટણીમાં તેમણે શત્રુઘ્ન સિંહાને હરાવીને લોકસભામાં પ્રવેશ તો મેળવ્યો, પરંતુ ફરી ચૂંટણી લડવાની હિંમત ન કરી.

એવા કલાકારોની લાંબી યાદી છે જે રાજકારણમાં થોડી વાર માટે આવ્યા પછી ગાયબ થઈ ગયા. મુખ્યત્વે શિવાજી ગણેશન, મૌસમી ચેટરજી, વિક્ટર બેનર્જી વગેરે. રામાનંદ સાગરની રામાયણમાં રાવણની ભૂમિકા ભજવનાર અરવિંદ ત્રિવેદી આરએસએસના કાર્યકર્તા હતા તો પણ તેમને રાજકારણને રામરામ કહેવું પડ્યું. ગોવિંદા ફરી રાજકારણમાં આવ્યો છે, પરંતુ તેણે રાજકારણમાંથી વિદાય લીધી ત્યારે કહ્યું હતું કે હું સુનીલ દત્ત નહીં, પરંતુ અમિતાભનું અનુસરણ કરું છું.

૧૭મી લોકસભામાં રવિ કિશને દસ ખાનગી ખરડા રજૂ કર્યા. ઓડિશાના સ્ટાર અનુભવ મોહંતીએ ત્રણ અને લોકેટ ચેટર્જીએ બે ખરડા રજૂ કર્યા. સંસદ બનવું સંસદના રિપોર્ટ કાર્ડ કરતાં પણ વધુ મહત્ત્વનું છે. સન્ની દેઉલની હાજરી ૧૭મી લોકસભામાં ૧૭ ટકા રહી. પાંચ વાર સાંસદ બનનાર સુનીલ દત્તને આજે પણ તેમની સેવાઓ અને રાજકીય કાર્ય માટે યાદ કરાય છે. આજ શ્રેણીમાં વિનોદ ખન્નાને રખાય છે.

શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે રાજકારણમાં જોશથી નહીં પરંતુ હોશથી દાખલ થવું જોઈએ. અલબત્ત હાલનો ટ્રેન્ડ એવો છે કે જે કલાકારની કેરિયર ખતમ થઈ ગઈ હોય એ રાજકારણમાં જોડાય છે. જોકે આ વાત બોલીવુડને લાગુ પડે છે, નહીં કે દક્ષિણની રંગભૂમિને. તમિળનાડુમાં તો સિનેમા અને રાજકારણ વચ્ચે ચોલી અને દામનનો સંબંધ છે. અન્નાદુરાઈ ને કરુણાનિધિએ સામાજિક ન્યાય પર ફિલ્મી પટકથા લખી અને પછી સફળ રાજકીય પક્ષ ઊભો કર્યો.

ઈમેજ રિફ્લેકશન સેન્ટર ■

# બોલીવુડને બદલાવું પડશે બદલાશે પણ ખરું

ફોકસ

મનીષા પી. શાહ

બોલીવુડની ચમકદમક કેમ ઝાંખી પડી રહી છે? એક સમયે આખા દેશ પર એકચક્રી સામ્રાજ્યના ધણીને હવે કેમ શ્વાસ લેવા હવાતિયાં મારવા પડે છે? સાઉથની કાંખ ઘોડી વગર ચાલતું નથી? આ માટે તર્ક અને કારણો ઘણાં આપી શકાય. પણ સમસ્યા પાયામાં છે. બોલીવુડનો પાયો જ હચમચાવી નાખ્યો છે એના જ કર્તાધર્તાઓએ.

હિન્દી ફિલ્મોએ પોતાની માટીની, પોતાની સંસ્કૃતિની અને પોતીકી લાગણીઓની વાત કરવાની, વાર્તા કહેવાની બંધ કરી દીધી. 'પઠાણ', 'જવાન' કે 'ફાઈટર'માં પોતીકી માટેની મહેક કેટલી? માર્કેટિંગ અને તથાકથિત સ્ટાર-પાવરને નામે ૨૦૦-૫૦૦-૭૦૦ કરોડના ધંધા છતાં પ્રતીતિકર લાગે એવો વિશ્વાસ કેમ મુખર થતો નથી? આની સામે 'ટ્વેલ્થ ફેલઈ', 'લાપતા લેડિઝ' કે 'આર્ટિકલ ૩૭૦' કેમ બધાને ક્યાંક સ્પર્શતા જાય છે?



સૌથી પહેલા તો બોલીવુડ હન્ડ્રેડ કરોડ કલબના વળગણમાંથી બહાર આવવું પડશે.. બોલીવુડ, કોરિયા અને દક્ષિણની ભાષાના સિનેમાની સરખામણી, રીમેક કે એની નકલબાજીને તિલાંજલિ આપવી પડશે. હા, આ બધા સિનેમાનો અભ્યાસ કરો, એનાથી બોધપાઠ લો, દાખલા તરીકે 'આરઆરઆર', 'બાહુબલી', 'પુષ્પા' કે 'કેજીએફ'ને જુઓ અને સમજો. 'કંટારા' અને 'રન-મેન' પણ ન ભૂલાય. અહીં બધે વાર્તા અને એની માવજતમાં એક બાબત નીચે અંડરલાઈન દેખાઈ આવશે. ક્યાંક હીરો માટે બહુ કરી છૂટે છે, ક્યાંક વળી દોસ્તીની દાસ્તાન છે, તો ક્યાંક માતૃભૂમિ માટે મરી ફિટવાનો જોમ છે અને ક્યાંક પ્રેમીકાને પામવાનું જનૂન.

બોલીવુડના મોટા પ્રોડક્ટના હાઉસને મોટીમસ દુકાન દોડતી રાખવા માટે તોતિંગ પ્રોજેક્ટ બનાવવા પડે. સમજ્યા. એ એમની પસંદગી છે, જરૂરિયાત છે. પછી મોટો હીરો હોય એટલે ભવ્યતા બતાવવી પડે. એક્શન જ એક્શન જોઈએ. એટલે વી.એફ.એક્સ.ની જરૂર પડે. પણ વાર્તાને નામે શું? એ જ આ આતંકવાદ, એનો એ પાકિસ્તાન-દ્વેષ. પાકિસ્તાન સિવાય ભારતનો કોઈ દુશ્મન નથી? ચીન કેમ રાજકારણથી લઈને ફિલ્મમેકરને નથી દેખાતુ? અફઘાનિસ્તાનની સમસ્યામાં દમ છે, નેપાળની સુંદરતામાં સરસ કથા આકાર લઈ શકે, ભુતાન થોડું ઓછું છે, થોડા ઉપચાર અને વધુ મહેનતની જરૂર છે.

આ ફોર્મ્યુલાબાજી વચ્ચે એકાદ 'ગદર-ટુ' સુપરહિટ થઈ જાય પણ એ અપવાદ છે, નર્યો અપવાદ.

આપણા ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિમાં અસંખ્ય અદ્‌ભુત વાર્તાઓ છે. પણ પછી બજેટ, પેકેજિંગ અને કોઈકની મનમાનીને પાપે સાવ પૃથ્વીરાજ ચૌહાણ બની જાય છે, 'આદિપુરુષ' સામે આવે છે.

શા માટે 'મોગલ-એ-આઝમ', 'બૈજુ બાવરા', 'અનારકલી', 'ગંગા જમુના', 'આવારા', 'આગ', 'પ્યાસા' કે સંઘર્ષ હવે બનતી નથી? બજેટ ખૂબ વધ્યા છે, ટૅકનીકમાં જોરદાર સુધારો થયો છે, આવકની માત્રા પ્રચંડ બની છે પણ સમજ, મહેનત, નિષ્ઠા, ગંભીરતા અને સર્જનાત્મક્તા પાતાળે જઈ બેઠી છે.

કબૂલ કે બોલીવુડ નથી ખતમ થયું કે નથી થવાનું. એ પરિવર્તનના તબક્કાનો સામનો કરી રહ્યું છે. એ સંક્રમણ કાળમાં છે. આનો ઈચ્છનીય તાકાત, સજ્જતા અને સર્જનાત્મકતાથી સામનો કરી શકતું નથી. પણ આ સમય ઘણું શીખવી જશે, એમાં ઘણું ગળાઈ જશે, ફેંકાઈ જશે અને એ સમય માટે જે શ્રેષ્ઠ હશે એ જ ટકી શકશે.

ભારત પાસે ભવ્ય ઐતિહાસિક વારસો છે, અસામાન્ય શાસકો છે, ----- અત્યાચાર છે, અસાધારણ લડવૈયા છે, નેતાઓ છે. જરૂર નથી કે એ બધું યથાવત્ બતાવવું. એને મોર્ડનાઈ કરી શકાય, આધુનિક સ્વરૂપે પેશ કરી શકાય. ચાણક્યની દૃષ્ટિએ એક સરસ-રોમાંચક કોર્પોરેટ કે પોલિટિકલ વૉર ન બતાવી શકાય. આના માટે કાંખમાં છોરું ને ગામમાં દોડધામની વૃત્તિ છોડવી પડશે. લેખકોને મહત્ત્વ આપવું પડશે. માન-દામ આપવા પડશે. સંશોધનની અનિવાર્યતા સ્વીકારવી પડશે. વાર્તા-પટકથાને રાજા સમજવા પડશે, સ્ટાર્સ એના પછી આવશે.

સદીઓની માનસિકતામાંથી નીકળવું હિન્દી સિનેમાવાળા માટે આસાન નથી. પણ એમ કર્યા વગર છૂટકો નથી. એ થશે પણ ખરું. સંક્રમણ કાળમાં નુકસાન થયું કે એ તાત્કાલિક છે, કામચલાઉ છે. ફાયદો થશે એ ખૂબ લાંબા ગાળાનો થશે.

હમણાં દોઢ ડઝન મસાલા ફિલ્મ બનાવી ચુકેલા એક દિગ્દર્શકને મળવાનું થયું. તેમણે જનોઈવઢ ઘા કર્યો: આજકાલ ફિલ્મમાં વાર્તા જ ક્યાં હોય છે? વાર્તા સિવાય વધુ હોય છે, ઘણુ વધુ હોય છે, સારું-રૂપકડું હોય છે પણ આત્મા વગરના દેખાવડા શરીરને પ્રેમ કેવી રીતે થઈ શકે? ■

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# જયા બચ્ચન

## વાચાળ - સક્રિય સંસદસભ્ય

### ફિલ્મના સેટ પર ખૂબ બોલબોલ કરતા અભિનેતાનું મોં સંસદમાં સિવાઈ જાય છે એવી ફરિયાદ ખોટી સાબિત કરનારા ઉદાહરણ જોવા મળ્યા છે

ફિલ્મ સ્ટારોને રાજકારણમાં રોલ (વિવિધ પક્ષ દ્વારા લોકસભા - રાજ્યસભામાં ઉમેદવારી અથવા રાજ્યસભામાં નોમિનેશન) તો મળી જાય છે, પણ એ રોલ નિભાવવા માટે તારીખ ફાળવવામાં તેમને ફાંફા પડતા હોય છે. ફિલ્મમાં તૈયાર ભાણે જમવું - તૈયાર સ્ક્રિપ્ટ પર ડિરેક્ટરના કહેવા અનુસાર પાત્રોચિત અભિનય કરવો અને રાજકારણમાં જનતાના સેવક તરીકે પક્ષના ધોરણ અનુસાર કામ કરવું એમાં ઘણું અંતર છે. ફિલ્મની સ્ટોરીમાં અને વ્યવસાયમાં કાળાન્તરે રાજકારણ જોવા મળ્યું છે તો રાજકારણને ફિલ્મસ્ટારના ગ્લેમરનો ખપ પડતો રહ્યો છે.

ગયા સપ્તાહે ચૂંટણી લડનારા જે ફિલ્મ કલાકારોની આપણે વાત કરી એમાં 'વિરાર કા છોકરા' ગોવિંદાનો ઉમેરો થયો છે, શત્રુઘ્ન સિંહાને ફરી ટિકિટ મળી છે જ્યારે 'ઢાઈ કિલો કા હાથ' સની દેઓલનું પત્તુ કપાઈ ગયું છે. ગયા સપ્તાહ પછી ફિલ્મકારણ - રાજકારણનો દોર આગળ વધારીએ.

૧૯૬૦ના દાયકામાં દારા સિંહ ફિલ્મોમાં પ્રવેશ્યા એમાં કુસ્તીબાજ તરીકેની તેમની લોકપ્રિયતા કામ કરી ગઈ હતી. ધૂળ - માટીના કુસ્તીના અખાડાની આવડતથી મળેલી લોકપ્રિયતા તેમને ઝાકઝમાળ ભર્યા ફિલ્મોના સેટ પર લઈ ગઈ તો ફિલ્મ દુનિયાની અને વિશેષ તો 'મહાભારત' સિરિયલના હનુમાન દાદા સહિત કેટલાક 'બળવાન' પાત્રોની લોકપ્રિયતા તેમને રાજકારણમાં ખેંચી લાવવામાં નિમિત્ત બની. આજની સરખામણીએ ચોથા ભાગની લોકપ્રિયતા માંડ હતી એ સમયમાં (૧૯૯૮માં) દારા સિંહ ભારતીય જનતા પક્ષમાં જોડાયા હતા. બાવડાં જેટલા મજબૂત દિમાગ નથી હોતા કુસ્તીબાજોના એવું એક સમયે કહેવાતું હતું.

જોકે, શ્રી દારા સિંહે રાજ્યસભામાં પૂછેલા પ્રશ્નો જોતા તેમને આ વ્યાખ્યા લાગુ નથી પડતી એમ જરૂર કહી શકાય. રાજ્યસભાના ડેટાબેઝની માહિતી અનુસાર ૨૦૦૯માં જુલાઈ - ઓગસ્ટ મહિનામાં આયોજિત રાજ્યસભાના સત્રમાં દારા સિંહે ૧૯ સવાલ પૂછ્યા હોવાની નોંધ છે. કેફી દ્રવ્યોની દાણચોરી, કેન્સરના દર્દીઓની સંખ્યામાં થઈ રહેલો વધારો, મની લોન્ડરિંગ જેવા વિવિધ મુદ્દા તેમણે રાજ્યસભામાં ઉઠાવ્યા હોવાનું જાણવા મળે છે. આ બધામાં ઊડીને આંખે વળગે છે એક સવાલ જેમાં તેમણે છઠ્ઠા પગાર પંચની ભલામણ અનુસાર કેન્દ્ર સરકારના મહિલા કર્મચારીઓને ભર પગારે 'ચાઈલ્ડ કેર લીવ' (બાળકની દેખભાળ માટે રજા) આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારે લીધો કે નહીં એનો ખુલાસો માગ્યો હતો. એ સિવાય અન્ય પેટા પ્રશ્ન પણ હતા જેનો જવાબ એ સમયે કોંગ્રેસના રાજ્ય કક્ષાના પ્રધાન શ્રી પૃથ્વીરાજ ચૌહાણે આપ્યો હતો.

આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અંગે પણ તેમણે સવાલ પૂછ્યા હોવાની જાણકારી ઉપલબ્ધ છે. પોતે શિક્ષણથી વંચિત રહ્યા હોવાથી એના અભાવની પીડા તેઓ જાણતા હતા. કુસ્તીના અખાડામાં તેમની શારીરિક





તાકાત બોલતી જ્યારે રાજ્યસભાના નામાંકિત સભ્ય તરીકે તેમની સંવેદનાનો પડઘો પડ્યો હતો.

'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' જેવા એકલદોકલ અપવાદ અને મહેમાન કલાકાર જેવી હાજરીને બાદ કરતાં લગભગ દોઢેક દાયકાથી જયા બચ્ચન ફિલ્મોના સેટ કરતા રાજ્યસભામાં વધારે નજરે પડ્યા છે.

એક ખાસ નોંધવાની વાત એ છે કે જયાજી રાજ્યસભામાં ક્યારેય નોમિનેટેડ મેમ્બર તરીકે નહીં, બલ્કે ચૂંટાયેલા સભ્ય તરીકે ગયાં છે. પાંચેપાંચ વાર અને એ પણ એક જ પક્ષ (સમાજવાદી પાર્ટી)ના સભ્ય તરીકે. સૌપ્રથમ ૨૦૦૪થી ૨૦૦૬ અને ત્યારબાદ ૨૦૦૬થી ૨૦૧૨, ૨૦૧૨થી ૨૦૧૮, ૨૦૧૮થી ૨૦૨૪ અને તાજેતરમાં ફરી ચૂંટાઈ આવ્યા છે. ભારતીય જનતા પક્ષનો વાવટો લહેરાય છે એવા ઉત્તર પ્રદેશમાં રાજ્ય સભાના ૧૦ ઉમેદવાર માટે ૩૯૫ વિધાનસભ્યોએ મતદાન કર્યું હતું જેમાં સૌથી વધુ મત જયાજીને મળ્યા જે તેમની લોકપ્રિયતાની શાખ પૂરે છે. કોઈ બાબત પસંદ ન પડે અથવા એની સાથે સહમત ન થાય ત્યારે પિત્તો ગુમાવવા માટે જાણીતાં જયા બચ્ચન અત્યંત સક્રિય રાજકારણી છે. લોકસભા - રાજ્યસભાની ગતિવિધિઓ જનતા સમક્ષ રજૂ કરતી પીઆરએસ સંસ્થાના અહેવાલ અનુસાર ૨૦૦૯થી ૨૦૨૪ દરમિયાન ઉપલા ગૃહ (રાજ્યસભા)માં જયાજીની હાજરી ૮૨ ટકા હતી જે રાષ્ટ્રીય સરસરી (૭૯%) કરતા વધારે હતી.

૨૦૦૯થી ૨૦૨૪ દરમિયાન રાજ્યસભામાં ૨૯૨ ચર્ચામાં તેઓ સહભાગી થયા હતા. એ સમયે રાષ્ટ્રીય સરાસરી ૨૦૦ હતી. આ દોઢ દાયકા દરમિયાન તેમણે 'પ્રશ્નકાળ' દરમિયાન ૪૫૧ સવાલ પૂછ્યા હતા જે રાષ્ટ્રીય સરસરી (૬૬૭) કરતા ઓછા હતા. આ વર્ષે સમાપ્ત થયેલી રાજ્યસભાની ચાર વર્ષની મુદત દરમિયાન શ્રીમતી બચ્ચન મહિલાઓની સલામતી અને તેમના હક, રસ્તે રઝળતા બાળકો, પ્રદૂષણથી ખદબદતા શહેરો, દેશમાં ધર્મનું રાજકારણ, સરકારી હોદ્દો ધરાવતા લોકોના વિવાદાસ્પદ નિવેદનો, આત્મહત્યા અને માનસિક આરોગ્યની સમસ્યા સહિત વિવિધ વિષય પર બોલ્યા છે.

જોકે, પુત્રવધૂ ઐશ્વર્યા રાયને 'પનામા પેપર્સ કેસ' સંબંધે મોકલવામાં આવેલા સમન્સ અંગે પૂછવામાં આવતા તેમનો પિત્તો ગયો હોવાની નોંધ છે. જયા બચ્ચનના રાજકીય ઝુકાવની ટિપ્પણી આ કોલમમાં નથી કરવી, માત્ર એ વાત પર ધ્યાન દોરવું છે કે ચાર મુદત દરમિયાન તેઓ ખાસ્સા સક્રિય રહ્યાં. યુપીમાં સમાજવાદી પક્ષના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવવાની તેમની સફળતા માટે યાદવ પરિવાર સાથે તેમની નિકટતા, પક્ષની આંતરિક બાબતોમાં માથું ન મારવું તેમજ તેમનું સેલિબ્રેટી સ્ટેટસ જેવા કારણો જવાબદાર માનવામાં આવે છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીની ચોપડો ખોલીને બેઠા હોઈએ ત્યારે જયા બચ્ચનની વાત કર્યા પછી રેખા ગણેશનની વાત કર્યા વિના ચાલે નહીં.

જોકે, જયા બચ્ચન એકદમ સક્રિય અને અત્યંત વાચાળ, જ્યારે રેખા નિર્જીવ, ભાગ્યે જ હાજર અને મોઢા પર મોટું તાળું. નથી કોઈ સવાલ પૂછ્યો કે નથી ચર્ચામાં સહભાગી થઈ. ૧૯૭૦ના દાયકામાં 'ગરીબ નિર્માતના અમિતાભ' (જે નિર્માતાને અમિતાભ બચ્ચનને સાઈન કરવા નહોતા પોસાતા એ મિથુનદાને સાઈન કરતા) તરીકે ખ્યાતિ મેળવનારા મિથુન ચક્રવર્તીને મમતા બેનર્જીએ રાજ્યસભમાં નોમિનેટ થયા હતા. રાજ્યસભાની પહેલી ઇનિંગ્સમાં સક્રિય રહ્યા અને હાલ ભારતીય જનતા પક્ષ સાથે સંકળાયા છે. (ક્રમશઃ)■

ફિલ્મનામા

નરેશ શાહ

# કાચો શબ્દ ફોડયા વગર બોલતો અભિનેતા

હિન્દી સીને-જગતને વળગેલાં ત્રણ અફસોસમાંથી એક વસવસાને અંજલિ...



સો વરસ પાર કરી ચૂકેલી હિન્દી સિનેમાઈ દુનિયાના કપાળે ત્રણ અફસોસ કોતરાયેલા છે.

પહેલાં અફસોસનું નામ છે ગુરુદત્ત. લાજવાબ આઠ ફિલ્મ ડિરેકટ કરીને માત્ર ૩૯ વરસે વિદાય લેનારા ગુરુદત્ત હજુ બે ડઝન ફિલ્મ આપી ગયા હોત તો ભારતીય સિનેમા વધુ સમૃદ્ધ થાત.

બીજા વસવસાનું નામ સંજીવકુમાર છે. માત્ર ૪૭ વરસે (૧૯૮૫) ચાલ્યા ગયેલાં હરિભાઈ જરીવાલા ખરેખર તો અભિનયનો જવાળામુખી હતા, એ એમણે કરેલી એક્સો બોંતેર ફિલ્મોમાંથી અનેકે સાબિત કર્યું છે.

હિન્દી સિનેમાને લાગેલાં ત્રીજો આઘાતને તો હજુ ચાર વરસ પણ હવે પૂરાં થશે. એ ઝાટકાનું નામ છે : ઈરફાન ખાન.

જો કે સફળ થયા પછી ઈરફાન ખાને પોતાને મળતી ક્રેડિટમાંથી ખાન સરનેમ પડતી મૂકી હતી અને પોતાના નામમાં એકના બદલે બે આર લખાય એવો આગ્રહ રાખતા હતા.

ગુરુદત્ત અને સંજીવકુમારને ગુમાવ્યાનો રંજ અનુભવનારા કરતાં ઈરફાન ખાનની અણધારી એકઝિટનો આઘાત પામનારા ૨૦૨૪માં નેચરલી, વધારે છે કારણકે ઈરફાન ખાન એકવીસમી સદીની હિન્દી ફિલ્મોનું કદાચ સૌથી મોટું ગૌરવ અને આશ્વાસન હતું. એવું લાગે કે નસીરુદ્દીન શાહની કુળ પરંપરા આગળ ધપાવનારો અભિનેતા આપણને મળી ગયો છે.

જયપુર- રાજસ્થાનમાં જન્મેલાં (૭ જાન્યુઆરી, ૧૯૬૭) સાહબજાદે ઈરફાન અલી ખાને લગભગ વીસ વરસની ઉંમરે ટીવી સિરિયલ (શ્રીકાંત, કથા સાગર)માં નજીવા પાત્રોથી કેરિયર શરૂ કરેલી. તેની ચપટીક નોંધ લેવાઈ મીરા નાયરની સલામ બોમ્બે ફિલ્મથી. એ ફિલ્મમાં કોર્ટની બહાર ટેબલ નાખીને બેસતાં અને ડ્રાફટ લખી આપતાં કિરદારનો બે મિનિટનો રોલ તેને મળેલો. બનેગી અપની બાત અને સ્ટાર બેસ્ટ સેલરથી ઈરફાન ખાન દર્શકોમાં જાણીતા થયા, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝે એમની ગંભીરતાથી નોંધ લીધી તિગ્માંશુ ધૂલિયાની ફિલ્મ 'હાસિલ'થી. વરસ હતું ૨૦૦૩. એ પહેલાં જો કે ધ વોરિયર (ડિરેકટર : આસિફ કાપડીઆ, ૨૦૦૧) ફિલ્મથી ઈરફાન ખાનના અભિનયની છડી પોકારાઈ ગઈ હતી, પણ દેશી જબાનમાં કહીએ, એની દુકાન ખુલી ગઈ 'હાસિલ ' ફિલ્મથી.પાંત્રીસ વરસ (૧૯૮૫-૨૦૨૦)માં ઈરફાને ટીવી સિરિયલ, શોર્ટ ફિલ્મ, હોલીવુડ અને બોલીવુડની કુલ મળીને ૧૬૮ ફિલ્મોમાં કામ કર્યું પણ એની યાદગાર ફિલ્મોમાં હાંસિલ, પાનસિંહ તોમર, લંચ બોક્સ, મદારી, નેમસેક,લાઈફ ઓફ પાઈ તેમજ હિન્દી મિડિયમ સહિત અનેકને મૂકી શકાય.

ફિલ્મ 'હિન્દી મીડિયમ'ને મળેલી સફળતા મળ્યા પછી એ જ સિરિઝની 'અંગ્રેજી મીડિયમ' બની, જે એની છેલ્લી ફિલ્મ બની રહી. કેન્સરનો ઈલાજ કરાવ્યા પછી અને એ ટ્રિટમેન્ટ દરમિયાન જ એણે અંગ્રેજી મીડિયમ ફિલ્મનું શૂટિંગ કર્યું હતું. એ ફિલ્મ રિલીઝ થઈ હતી ૧૧ માર્ચ, ૨૦૨૦ના શુક્રવારે. એ જ દિવસે મુંબઈના ઈન્ફીનિટી મોલમાંથી શો પૂરી કરીને આ લખનાર નીકળ્યાં ત્યારે જ ફલેશ ન્યુઝ આવેલાં કે કોરોનાને કારણે સમગ્ર દેશમાં થિયેટરો બંધ કરવામાં આવે છે.

અંગ્રેજી મીડિયમ ફિલ્મ થિયેટરમાં માત્ર એક જ દિવસ અને ત્રણ કે ચાર શોમાં જ દેખાડવામાં આવી હતી. એ પછી લાગેલાં લોકડાઉનને કારણે તેને ૬ એપ્રિલ, ૨૦૨૦ના દિવસે ઓટીટી પ્લેટફોર્મ પર મૂકી દેવામાં આવી હતી. એ વખતે ભારત જ નહીં, દુનિયા આખીમાં કોરોનાએ ઊથલપાથલ મચાવી દીધી હતી.

બીજી તરફ, ઈરફાન ખાનની તબિયત (સારવાર પછી) ફરી લથડતી જતી હતી પણ ટેલિફોન સિવાય કોઈ સંપર્ક થતાં નહોતા. ૨૩ એપ્રિલે જયપુરમાં ઈરફાન ખાનના માતા સઈદા બેગમ ૯૫ વરસની ઉંમરે જન્નતનશીન થયા, તેમાં પણ જઈ શકાય તેવી સ્થિતિ લોકડાઉનના કારણે નહોતી. ઈરફાનની શારીરિક ક્ષમતા પણ નહોતી. ૨૮ મી એ ખુદ તેની જ તબિયત વધુ લથડી અને... ૨૯મી એપ્રિલે મુંબઈની કોકિલાબહેન અંબાણી હોસ્પિટલમાં જ ઈરફાન ખાને અંતિમ શ્વાસ લઈ લીધા, જાણે માતાને મળવાની તડપ જાગી હોય તેમ

દિલીપકુમાર, નસીરુદ્દીન શાહ અને અમિતાભ બચ્ચનના દરજ્જાનાં (અમુકના મતે એથી પણ ચડિયાતાં) ગણાયેલાં ઈરફાન ખાનના અભિનયમાં એક ચુંબક હતું. એની આંખોમાં ગજબનાક આકર્ષણ હતું. સંવાદ અદાયગીમાં એક પોતિકાંપણું હતું.એની ખામોશી પણ બોલકી હતી. અમિતાભ બચ્ચને ૨૦૧૫માં એના માટે કહેલું કે, ઈરફાન ન બોલીને પણ કશુંક કહી જાય છે. આવી મહારત ત્યારે જ શક્ય બને, જયારે તમે તમારા પાત્રને આત્મસાત કરી શકો. ઈરફાન આ કરી શકે છે અને એ બહુ કઠિન કામ છે, કારણકે કલાકાર તો સંવાદ પર જીવતા હોય છે (પણ) કોઈ દ્રશ્યમાં કશું ન બોલીને ચૂપચાપ ઊભા રહીને બધાનું ધ્યાન ખેંચી લેવું એ બહુ મોટી કલા છે. ઈરફાન ખાનમાં એ હતી.

આવા અજોડ અદાકાર ઈરફાન વિશે વધુ વાત આવતા સપ્તાહે.... ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# સિક્વલમાં અભિનેત્રીઓનું કાસ્ટિંગ આઉચ !

### સફળ ફિલ્મ્સના બીજા ભાગમાં અભિનેત્રીઓને કેમ કાસ્ટ કરવામાં નથી આવતી?




લાંબા સમયથી પાછળ ઠેલાતી બોની કપૂર નિર્મિત, અમિત શર્મા દિગ્દર્શિત અને અજય દેવગણ-પ્રિયામણી અભિનીત ફિલ્મ 'મેદાન' ૧૦ એપ્રિલે રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મના પ્રચાર દરમિયાન બોની કપૂરે તેની બીજી એક ફિલ્મની વાત પણ કરી. એ ફિલ્મ એટલે ૨૦૦૫માં રિલીઝ થયેલી અનીસ બઝમી દિગ્દર્શિત 'નો એન્ટ્રી'. બોની કપૂરે કહ્યું કે ફાઈનલી તેની સિક્વલ પર પણ અમે કામ કરી રહ્યા છીએ. એ ડિરેક્ટ અનીસ બઝમી જ કરશે અને તેનું પ્રોડક્શન વર્ક મોટાભાગે ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાથી શરૂ થશે. ફિલ્મની કાસ્ટમાં સામેલ છે વરુણ ધવન, અર્જુન કપૂર અને દિલજિત દોસાંજ. આ ઉપરાંત ફિલ્મમાં ૧૦ જેટલી અભિનેત્રી પણ હશે.' સિનેમા જગતમાં સિક્વલ્સનો ટ્રેન્ડ વર્ષોથી ચાલતો આવ્યો છે. સિક્વલ એટલે કોઈ ફિલ્મ સફળ થાય એટલે તેનો બનાવવામાં આવતો બીજો ભાગ. મુખ્યત્વે સિક્વલમાં મૂળ ફિલ્મની વાર્તા આગળ વધે અથવા તો એ જ થીમ અને જોનરને જાળવી રાખીને કોઈ નવી જ વાર્તા પરથી બીજો ભાગ બને, પણ ભારતીય સિક્વલ ફિલ્મ્સની યાદી જોઈએ તો એમાં એક ચીજ ખાસ ધ્યાન આપવા જેવી લાગે. એ એટલે કે મોટાભાગે કોઈ પણ ફિલ્મની સિક્વલ આવે ત્યારે તેમાં અભિનેત્રી/અભિનેત્રીઓ બદલાઈ જતી હોય છે.

'નો એન્ટ્રી'ની સિક્વલની વાત કરીએ તો બોની કપૂરે એવું પણ કહ્યું કે અનિલ કપૂર આ કાસ્ટિંગથી નારાજ છે. એને પણ સિક્વલમાં કામ કરવું છે, પણ વાર્તા એવી છે કે 'એના કાસ્ટિંગ માટે સ્કોપ નથી.' મૂળ ફિલ્મમાંઅનિલ કપૂર અને ફરદીન ખાન ઉપરાંત સલમાન ખાન પણ હતો.

વર્ષોથી આ સિક્વલ પાછળ ઠેલાતી રહી એ પાછળ સલમાનની તારીખોના પ્રશ્નનો મુદ્દો પણ સમાચારોમાં ચમકતો રહ્યો છે. મતલબ કે સિક્વલમાં પુરુષ કલાકારો બદલાય છતાં એમને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે કે એમના માટે રાહ જોવામાં આવી છે, જેમ કે 'હેરાફેરી ૩'ની છેલ્લી જાહેરાતમાં અક્ષય કુમાર ફિલ્મમાં ન હોવાની વાત મીડિયા અને દર્શકોમાં ખૂબ ચર્ચાનું કેન્દ્ર બની હતી. જ્યારે અભિનેત્રીઓને તો કાસ્ટિંગ ફ્રેશ લાગે એ માટે જાણીજોઈને બદલવામાં આવે છે તેના ઘણા ઉદાહરણ છે.

થોડા દિવસ અગાઉ જ અડલ્ટ કોમેડી 'ફ્રેન્ચાઈઝ મસ્તી'ના ચોથા ભાગની જાહેરાત કરવામાં આવી છે. આગળના ત્રણે ભાગના પુરુષ કલાકારો વિવેક ઓબેરોય, રિતેશ દેશમુખ અને આફતાબ શિવદાસાની ચોથા ભાગમાં પણ છે અને એમને ફિલ્મની જાહેરાતનો હિસ્સો પણ બનાવવામાં આવ્યા છે, જ્યારે અભિનેત્રીઓ હજુ ફાઇનલ નથી. એ ચોક્કસ બદલાશે. અરે! બદલાશે શું? આના પહેલાંના ત્રણે ભાગમાં અભિનેત્રીઓ અલગ-અલગ જ હતી. પહેલા ભાગમાં લારાદત્તા, જેનિલિયા ડિસોઝા દેશમુખ, તારા શર્મા અને અમૃતા રાવ હતાં. જ્યારે સિક્વલ 'ગ્રાન્ડ મસ્તી' (૨૦૧૩ અને એ પછીની 'ગ્રેટ ગ્રાન્ડ મસ્તી' (૨૦૧૬)માં પહેલાંની ફિલ્મ્સમાંથી એકપણ અભિનેત્રીને કાસ્ટ નહોતી કરવામાં આવી. આની સામે દલીલ એ થઈ શકે કે એ તો ફિલ્મની વાર્તામાં સાતત્યતા ક્યાં છે, એ જ પાત્રોની વાત ક્યાં આગળ વધી રહી છે કે નવી અભિનેત્રીઓનું કાસ્ટિંગ ન કરી શકાય? તો આ જ મુદ્દાના આધારે અભિનેતાઓ પણ તો બદલી શકે ને, અથવા તો અભિનેત્રીઓ એ જ રહી શકે.

કોમેડી ફિલ્મ ફ્રેન્ચાઈઝમાં આ ચીજ વધુ જોવા મળે છે. 'હાઉસફુલ'માં પણ અભિનેતાઓ નહીં, અભિનેત્રીઓ જ બદલાયેલી જોવા મળે છે. અક્ષય કુમાર અને રિતેશ દેશમુખ રિલીઝ થયેલા ચારેય ભાગમાં છે, જ્યારે એમની સામેની અભિનેત્રીઓ બદલાતી રહી છે. 'હાઉસફુલ' જેવી જ કોમેડી 'ફ્રેન્ચાઈઝ,' 'ગોલમાલ'નું ઉદાહરણ પણ આવું જ છે. અહીં પણ મેલ લીડ એક્ટર્સ મૂળ ફિલ્મ પછીની સિક્વલ્સમાં જોવા મળે છે, પણ અભિનેત્રીઓ બદલાતી રહી છે. હા, કરીના કપૂર ખાન બીજા અને ત્રીજા બંને ભાગમાં છે. પણ ચોથા ભાગમાં એના સ્થાને પણ પરિણીતી ચોપરાનું કાસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

આયુષમાન ખુરાના અભિનીત અને રાજ શાંડિલ્ય દિગ્દર્શિત 'ડ્રિમ ગર્લ'માં પણ આ જ વાતનું પુનરાવર્તન જોવા મળે છે. પહેલા ભાગની અભિનેત્રી નુશરત ભરૂચાના બદલે બીજા ભાગમાં આપણને અનન્યા પાંડે જોવા મળે છે.

આ પ્રકારના કાસ્ટિંગને લઈને મીડિયા સાથેની મુલાકાતોમાં અભિનેત્રીઓની નારાજગી પણ જોવા મળતી હોય છે. નુશરત ભરૂચાએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે મને ખબર નથી કે મને બીજા ભાગમાં કેમ કાસ્ટ કરવામાં નથી આવી. કોઈ લોજીક કે જવાબ નથી મળતો મારા એ ફિલ્મમાં ન હોવાનો.... હું માણસ છું, સ્વાભાવિક છે મને દુઃખ થાય. પણ આ એમનો નિર્ણય છે, કશો વાંધો નહીં. મને એ ટીમ પ્રત્યે પ્રેમ છે, બીજી વખત કામ કરવા મળ્યું હોત તો ખુશી થાત.

સાચી વાત છે, આખરે પૈસા તો પ્રોડ્યુસરે રોકવાના છે, ફિલ્મ તો એમણે બનાવવાની છે, તો કાસ્ટિંગ માટે એમને પૂરતો અધિકાર છે, પણ આ એક પેટર્ન જોવા મળે છે કે મોટાભાગે સિક્વલમાં અભિનેત્રીઓને જ બદલવામાં આવે છે. આ પાછળ હીરોને વધુ પ્રાધાન્ય આપવાનું કલ્ચર અને પ્રોડ્યુસર્સની મેલ આર્ટિસ્ટ્સની વધુ કમાણી કરાવી આપવાની ક્ષમતા હોવાની વિચારધારા પણ કામ કરતી હોઈ શકે. એ જ કારણ છે કે મુખ્ય ભૂમિકામાં અભિનેતાઓ અભિનેત્રીઓની સરખામણીએ વધુ વર્ષો કામ કરતા હોય છે અને સરવાળે મોટી ઉંમરના અભિનેતાઓના નાની ઉંમરની અભિનેત્રીઓ સાથે કજોડાં સર્જાતા હોય છે. એવા પણ કિસ્સાઓ બનતા હોય છે કે એક સમયે લારા દત્તા જેવી અભિનેત્રી 'અંદાજ' જેવી ફિલ્મમાં અક્ષય કુમાર સામે મુખ્ય અભિનેત્રી હોય અને થોડાં વર્ષોમાં 'સિંઘ ઇઝ બ્લિન્ગ' જેવી ફિલ્મમાં સપોર્ટિંગ રોલમાં હોય અને મુખ્ય અભિનેત્રી હોય એમી જેક્સન.

સિક્વલમાં અભિનેત્રી બદલાયાના 'બાઘી', 'ક્યા કૂલ હૈ હમ', 'ધમાલ', 'મુન્નાભાઈ', 'મર્ડર', 'સત્યમેવ જયતે', 'યમલા પગલા દીવાના' જેવી અનેક ફ્રેન્ચાઈઝના કિસ્સાઓ છે. જો કે આની સામે 'બંટી ઔર બબલી' અને 'પ્યાર કા પંચનામા' જેવા એવા પણ કિસ્સાઓ છે કે જેમાં અભિનેત્રીઓ નહીં, અભિનેતાઓ બદલાયા છે.

'બંટી ઔર બબલી ૨'માં રાની મુખર્જી છે જ્યારે પહેલા ભાગનો અભિનેતા અભિષેક બચ્ચન નથી. 'પ્યાર કા પંચનામા ૨'માં નુશરત ભરૂચા, ઇશિતા રાજ શર્મા અને સોનાલી સેહગલ છે જ્યારે પહેલા ભાગના ત્રણ અભિનેતાઓમાંથી દિવ્યેન્દુ અને રાયો એસ બખીર્તા નથી, પણ 'જોલી એલએલબી' કે 'વેલકમ' કે 'ભૂલભૂલૈયા' જેવી ફિલ્મ્સમાં અભિનેતા બદલાય ત્યારે આ વાતની દરેક જગ્યા પર ચર્ચા થતી હોય છે. નિર્માતાઓ અને દર્શકો માટે મેલ આર્ટિસ્ટ્સ એના એ જ હોય એનો મતલબ એ કે કાસ્ટિંગ એ જ છે, પણ અભિનેત્રીઓ બદલાય એ વાત પર ચર્ચા ઓછી થતી હોય છે. ■

**લાસ્ટ શોટ**

*'સિંઘમ રિટર્ન્સ'માં તો પહેલી ફિલ્મની વાર્તા આગળ વધે છે, છતાં કોઈ જ તાર્કિક સ્પષ્ટીકરણ વિના સિક્વલમાં કાજલ અગ્રવાલના સ્થાને કરીના કપૂર ખાન છે.*

## ડ્રેસ સર્કલ (પાંચમા પાનાનું ચાલુ)

**જવાબ :** મારું પ્રિય પાત્ર છે કૃષ્ણ. કૃષ્ણ ઈતિહાસ પુરુષ હોય કે ન હોય,પરંતુ મારા માનસપટ પર એની છબી કાયમને માટે અંકિત થઈ ગઈ છે.

કૃષ્ણનું જીવન સપ્તરંગી છે. પ્રત્યેક રંગ એને શોભે છે એનું કપટ કામણગારું છે.એમનું જૂઠ્ઠાણું લોભામણું છે.એમની લીલા અકળ છે. એ રંગીલા છે-છોગાળા છે-છબીલા છે.

કૃષ્ણ સહુના ગણાય,પણ એ ફકત રાધાના છે. કૃષ્ણને મન રાધા એટ્લે પ્રેમ.પ્રેમનું બીજું નામ જ રાધા. કૃષ્ણને સમય સાથે બદલાતા આવડે છે. એ 'રણછોડ' બની શકે છે. સમરાંગણ ગજાવી પણ શકે છે. એ જેટલાં રાધાનાં હૃદયમાં વસી શકે છે એટલા જ કુબ્જાના હૃદયમાં પણ વસી શકે છે. કૃષ્ણએ બાળપણથી જ જીવનમાં સંઘર્ષ કર્યો છે,જે એમના અંત સુધી પૂરો ન થયો. દુનિયાનું સૌથી દુઃખી પાત્ર કૃષ્ણ હતું,પણ ક્યારેય એમણે પોતાનું દુઃખ ગાયું નથી- ગણકાર્યું પણ નથી.

આવા પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણના જીવનની એક ઘટના હજુ સુધી મને સમજાણી નથી એટલે એ સાક્ષાત મને મળે કે ન મળે, સપનામાં પણ મળે તો મારે એમને એક જ સવાલ કરવો છે : હે કૃષ્ણ, સુદામા તો તારો પ્રિય મિત્ર હતો-સર્વ શ્રેષ્ઠ મિત્ર હતો, છતાં તને એના દારિદ્રની જાણ કેમ ન થઈ? તારા દ્વારે એને માગવા આવવું પડે એવો મજબૂર-લાચાર શું કામ થવા દીધો.. તારા એ પ્રિય સખાને?

બોલ, આપીશ આનો જવાબ ?!' ( સંપૂર્ણ ) ■

## ટૂંકી વાર્તા (છઠ્ઠા પાનાનું ચાલુ)

શકે??' એના આઘાતને ઊગતો જ ડામી દેવાનાં મારા પ્રયત્નો હતા. હું એને આમ માયૂસ થતો કદી ન જોઈ શકું. કદાચ એટલા માટે કે હું નીલમ નહોતી.

એ ઉશ્કેરાઈ ગયો, 'વસુધા, હું બાળક નથી. હું બધું સમજું છું. મારા પર દયા ખાવાનું રહેવા દે, તું શું મને કોઈ કમજોર માણસ સમજી બેઠી છે? નીલમને મળવાની મારી અધિરાઈને કારણે હું તારા કહ્યા પ્રમાણે બહાર બેસી ન શક્યો ને કમનસીબે અંદર નીલમ સાથે થયેલી તમારી બંનેની વાતો મેં દરવાજે ઊભા રહી સાંભળી લીધી છે.'

એ મારાથી મોં ફેરવી ગયો, કદાચ આંસુ જ છુપાવતો હશે છેવટે તો પુરુષ ખરો ને, પોતાના આંસુ કોઈ જોઈ જાય એવું પુરુષ ક્યારેય પસંદ ન કરે. એ રડતો હોય ત્યારે સમજવું કે એની માંહેનો પુરુષ પોતાની સહનશક્તિનો ભંડાર હારી ચૂક્યો છે.

'વલય હશે, ભૂલી જા બધું. અઘરું છે છતાં સલાહ આપું છું. પણ તું આમ અહીં કેમ દોડી આવ્યો?' મેં કહ્યું.

'અંદર બધે જ બહુ તડકો લાગતો હતો, એટલે અહીં છાંયડામાં પોરો ખાવા દોડી આવ્યો.'

'છાંયડો?' મને અચરજ થયું, 'વલય, અહીં તો કેટલો સખત તડકો છે, મને તો ક્યાંય છાયો દેખાતો નથી.'

ડિવાઈડરની રેલિંગને ભીના હાથે પકડતા વલય બોલ્યો, 'તને છાંયો દેખાતો નથી, કેમ કે તને લીમડો પણ દેખાતો નથી...' ■

# રનસંગ્રામ IPL-2024

## કોલકાતાની સતત ત્રીજી જીત, દિલ્હી કેપિટલ્સને ૧૦૬ રનથી કચડ્યું



વિશાખાપટ્ટનમઃ ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪ની ૧૬મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સને ૧૦૬ રનથી કારમી હાર આપી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને કોલકાતાએ ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૨૭૨ રન કર્યા હતા. જેના જવાબમાં દિલ્હીની ટીમ ૧૭.૨ ઓવરમાં ૧૬૬ રનમાં સમેટાઈ ગઈ હતી. દિલ્હીની ચાર મેચમાં આ ત્રીજી હાર છે. આ સાથે જ કોલકાતાએ જીતની હેટ્રિક લગાવી હતી. ટીમે અત્યાર સુધીની ત્રણેય મેચ જીતી છે.

આ જીત સાથે કોલકાતાની ટીમ છ પોઈન્ટ સાથે ટોપ પર પહોંચી ગઈ છે. આ સાથે જ દિલ્હીની ટીમ નવમા સ્થાને પહોંચી ગઈ છે. રનના માર્જિનથી કોલકાતાની આ બીજી સૌથી મોટી જીત છે. અગાઉ ૨૦૦૮માં બેંગલૂરુને ૧૪૦ રનથી હરાવ્યું હતું.

વિશાખાપટ્ટનમમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને કોલકાતા નાઈટ રાઈડર્સે જંગી સ્કોર કર્યો હતો. તેઓએ ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૨૭૨ રન કર્યા હતા. આઈપીએલમાં આ બીજા નંબરનો સૌથી મોટો સ્કોર છે. આઇપીએલનો સૌથી મોટો સ્કોર પણ આ સીઝનમાં બન્યો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈ ઈન્ડિયન્સ (૨૭ માર્ચ) સામે ૨૭૭ રન કર્યા હતા. મેચની શરૂઆત સુનીલ નરેન અને ફિલિપ સોલ્ટે તોફાની રીતે કરી હતી. તેણે પ્રથમ વિકેટ માટે ૪.૩ ઓવરમાં ૬૦ રનની ભાગીદારી કરી હતી. સોલ્ટ ૧૮ રન કરી આઉટ થયો હતો. આ પછી સુનીલે યુવા ભારતીય બેટ્સમેન અંગક્રિશ રઘુવંશી સાથે મળીને ચોગ્ગા અને છગ્ગા ફટકાર્યા હતા. બંનેએ ૪૮ બોલમાં ૧૦૪ રનની ભાગીદારી કરી હતી. અંગક્રિશ રઘુવંશીએ આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું અને શાનદાર અડધી સદી ફટકારી હતી. તેણે ૨૭ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૫૪ રનની ઇનિંગ રમી હતી. કેપ્ટન શ્રેયસ અય્યર ૧૧ બોલમાં ૧૮ રન કરીને આઉટ થયો હતો. જ્યારે નરેન-રઘુવંશી બાદ આન્દ્રે રસેલ અને રિંકુ સિંહે તોફાની ઇનિંગ્સ રમી હતી. રિંકુ આઠ બોલમાં એક ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૨૬ રન કરીને આઉટ થયો હતો. દિલ્હી તરફથી નોર્ટજેએ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ઈશાંતને બે વિકેટ મળી હતી. ખલીલ અને માર્શને એક-એક વિકેટ મળી હતી. મોટા સ્કોરનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની શરૂઆત ખરાબ રહી હતી. દિલ્હીએ ૩૩ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. વૈભવ અરોરાએ પૃથ્વી શો (૧૦) અને ઈમ્પેક્ટ પ્લેયર અભિષેક પોરેલ (૦)ને આઉટ કર્યો, જ્યારે મિશેલ સ્ટાર્કે ડેવિડ વોર્નર (૧૮) અને મિશેલ માર્શ (૦)ને પેવેલિયનમાં મોકલીને દિલ્હીને બેકફૂટ પર ધકેલી દીધું હતું. આ પછી કેપ્ટન ઋષભ પંત અને ટ્રિસ્ટન સ્ટબ્સે પાંચમી વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી કરી હતી. પંતે ૨૫ બોલમાં ચાર ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૫૫ રનની ઇનિંગ રમી હતી. અક્ષર પટેલ ખાતું ખોલાવી શક્યો ન હતો. સ્ટબ્સે ૩૨ બોલમાં ચાર ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૪ રનની ઇનિંગ રમી હતી. કોલકાતા તરફથી વૈભવ અરોરા અને વરુણ ચક્રવર્તીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. જ્યારે સ્ટાર્કને બે વિકેટ મળી હતી. આન્દ્રે રસેલ અને સુનીલને એક-એક વિકેટ મળી હતી. ■

## પંજાબ કિંગ્સ સામે ગુજરાત ટાઇટન્સે ફટકાર્યા ૧૯૯ રન, ગિલની તોફાની ઈનિંગ



અમદાવાદઃ ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪ ની ૧૭મી મેચ ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઇ હતી. ગુજરાત ટાઇટન્સે પંજાબ કિંગ્સ સામે જીતવા માટે ૨૦૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ગુજરાત માટે કેપ્ટન શુભમન ગિલે ૪૮ બોલમાં છ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૮૯ રનની અણનમ ઈનિંગ રમી હતી.

ગિલની આ ઇનિંગની મદદથી ગુજરાતે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૯ રન કર્યા હતા. પંજાબ માટે ઝડપી બોલર કાગીસો રબાડાએ ચાર ઓવરમાં ૪૪ રન આપીને બે વિકેટ લીધી હતી જ્યારે હરપ્રીત બ્રાર અને હર્ષલ પટેલને એક-એક વિકેટ મળી હતી.

પંજાબ કિંગ્સના કેપ્ટન શિખર ધવને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા ગુજરાત ટાઇટન્સે ૨૦ ઓવરમાં ૧૯૯ રન ફટકાર્યા હતા. કેપ્ટન શુભમન ગીલની અડધી સદી, સાઈ સુદર્શનના ૩૩ રન અને કેન વિલિયમ્સનની ૨૬ રનની ઈનિંગ્સની મદદથી ગુજરાતે ૧૯૯ રન કર્યા હતા. રિદ્ધિમાન સહા માત્ર ૧૧ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. કેન વિલિયમ્સને લાંબા સમય બાદ આઇપીએલ મેચ રમી હતી અને તેણે ૨૨ બોલમાં ૨૬ રન કર્યા હતા.

છેલ્લી ઓવરોમાં રાહુલ તેવટિયાએ પણ ૮ બોલમાં ૨૩ રનની તોફાની ઇનિંગ રમી હતી. ■

## કોલકાતા સામેની મેચમાં સ્લો ઓવર રેટ બદલ પંતને ફટકાર્યો ૨૪ લાખ રૂપિયાનો દંડ



વિશાખાપટ્ટનમઃ દિલ્હી કેપિટલ્સને ૧૬મી આઈપીએલ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં દિલ્હીના કેપ્ટન ઋષભ પંતને સ્લો ઓવર રેટના કારણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે દંડ ફટકાર્યો હતો.

વિશાખાપટ્ટનમમાં રમાયેલી મેચમાં કોલકાતાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૨૭૨ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં દિલ્હીની ટીમ ૧૭.૨ ઓવરમાં ૧૬૬ રનમાં સમેટાઈ ગઈ હતી. દિલ્હીની ચાર મેચમાં આ ત્રીજી હાર છે. આ સાથે જ કોલકાતાએ જીતની હેટ્રિક લગાવી છે. ટીમે અત્યાર સુધીની ત્રણેય મેચ જીતી છે.

આ સ્લો ઓવર રેટ બદલ પંતને ૨૪ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ મામલે આઇપીએલએ એક નિવેદનમાં કહ્યું હતું કે દિલ્હીની ટીમને કોલકાતા સામેની મેચમાં સ્લો ઓવર રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.

આઇપીએલએ કહ્યું હતું કે દિલ્હી કેપિટલ્સના કેપ્ટન ઋષભ પંતને ૨૪ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. પંત સિવાય ટીમના અન્ય ખેલાડીઓને પણ મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. કારણ કે આઇપીએલ સંબંધિત આચાર સંહિતા હેઠળ આ સીઝનમાં તેની ટીમનો બીજો ગુનો હતો.

આ પહેલા દિલ્હી કેપિટલ્સના કેપ્ટન પંતને ૩૧ માર્ચે ચેન્નઈ સુપર કિંગ્સ સામે રમાયેલી મેચમાં ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સ્લો ઓવર રેટના કારણે બોર્ડે આ કાર્યવાહી કરી હતી. હવે પંત પર એક મેચના પ્રતિબંધનો ખતરો છે. ■

## કોલકાતા સામેની કારમી હાર બાદ નિરાશ પોન્ટિંગ

વિશાખાપટ્ટનમઃ દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ રિકી પોન્ટિંગે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની ૧૦૬ રનથી કારમી હારને અસ્વીકાર્ય અને નિરાશાજનક ગણાવીને તેમની ટીમને ફટકાર લગાવી હતી. દિલ્હી કેપિટલ્સ સામે પ્રથમ બેટિંગ કરી કોલકાતાએ સાત વિકેટ ગુમાવી ૨૭૨ રન કર્યા હતા. બાદમાં દિલ્હીની ટીમ ૧૬૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

પોન્ટિંગે મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ''અત્યારે તેની સમીક્ષા કરવી મુશ્કેલ છે. મેચના પ્રથમ ભાગમાં ટીમના પ્રદર્શનથી હું ઘણો નિરાશ છું. ■

## એબી ડીવિલિયર્સે આરસીબીને આપ્યો જીતનો મંત્ર, કહ્યું- કોહલીએ મિડલ ઓવર્સમાં રમવું પડશે



નવી દિલ્હીઃ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે આઇપીએલની આ સીઝનની શરૂઆત નિરાશાજનક રહી હતી. અત્યાર સુધી આરસીબીને ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે, પરંતુ માત્ર એક મેચ જીતી શકી છે. હવે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ભૂતપૂર્વ બેટ્સમેન એબી ડી વિલિયર્સે કહ્યું હતું કે આરસીબીને શું કરવાની જરૂર છે? એબી ડી વિલિયર્સના મતે આરસીબીના તમામ ખેલાડીઓએ યોગદાન આપવું પડશે. આ સિવાય વિરાટ કોહલી માટે મધ્ય ઓવરોમાં ક્રિઝ પર હોવું મહત્ત્વપૂર્ણ છે. એબી ડી વિલિયર્સે તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું હતું કે મને વિશ્વાસ છે કે વિરાટ કોહલી સારું પ્રદર્શન કરશે, ખાસ કરીને મિડલ ઓવર્સમાં વિરાટ કોહલી માટે ક્રીઝ પર રહેવું મહત્ત્વપૂર્ણ છે. ઉપરાંત, વિરાટ કોહલી પ્રથમ છ ઓવરમાં મેચની દિશા બદલવાની ક્ષમતા ધરાવે છે. ફાફ ડુ પ્લેસિસે જોખમ લેવું પડશે પરંતુ વિરાટ કોહલીએ ૧૫મી ઓવર સુધી ક્રિઝ પર રહેવું પડશે. આ સિવાય રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના બાકીના ખેલાડીઓએ પોતાનું ૧૦૦ ટકા યોગદાન આપવું પડશે.

એબી ડી વિલિયર્સનું માનવું છે કે આટલી શરૂઆત ખરાબ નથી. એબી ડી વિલિયર્સે કહ્યું કે આ બહુ સારી શરૂઆત નથી, પણ બહુ ખરાબ પણ નથી. હાલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ મધ્યમાં છે, આ ટીમને ૧-૨ મેચ જીતવી જરૂરી છે. મને આશા છે કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આ કરવામાં સફળ રહેશે. નોંધનીય છે કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ચાર મેચમાં બે પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે. ■

## દિલ્હી કેપિટલ્સના ઓપનર પૃથ્વી શોની વધી શકે છે મુશ્કેલી

મુંબઇઃ દિલ્હી કેપિટલ્સના ઓપનર પૃથ્વી શોની મુશ્કેલીઓ વધી શકે છે. મુંબઈની એક કોર્ટે ગત વર્ષે ક્રિકેટર પૃથ્વી શો સામે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર સપના ગીલે નોંધાવેલી છેડતીની ફરિયાદની તપાસ કરવાનો પોલીસને આદેશ આપ્યો હતો. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એસ.સી. તાયડેએ પોલીસને ૧૯ જૂન સુધીમાં તપાસ રિપોર્ટ સોંપવાનો આદેશ આપ્યો છે. જો કે, કોર્ટે શો અને અન્યો સામે એફઆઈઆર ન નોંધવા બદલ પોલીસ સામે પગલાં લેવાની ગિલની અરજીને ફગાવી દીધી હતી.

ગિલે આરોપ લગાવ્યો હતો કે શોએ અંધેરીમાં એક પબમાં તેની છેડતી કરી હતી. શો પરના હુમલા બદલ ફેબ્રુઆરી ૨૦૨૩માં અન્યો સાથે ગિલની ધરપકડ કરવામાં આવી હતી. સેલ્ફી લેવા બાબતે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ગિલ હાલ જામીન પર છે. જામીન મળ્યા બાદ સપના પૃથ્વી શો, તેના મિત્ર આશિષ યાદવ અને અન્યો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા અંધેરી એરપોર્ટ પોલીસ સ્ટેશન પહોંચી હતી. જ્યારે પોલીસે કેસ નોંધ્યો ન હતો ત્યારે તેણે મેજિસ્ટ્રેટ કોર્ટનું શરણ લીધું હતું.

શો સામેની તેમની ફરિયાદમાં ગિલે શો વિરુદ્ધ આઇપીસીની કલમ ૩૫૪ ,૩૨૪ હેઠળ એફઆઇઆર નોંધવા માટે અરજી કરી હતી. ■

## આજે ચેન્નઇ સામે ટકરાશે હૈદરાબાદ, કમિન્સ સામે ઋતુરાજ ગાયકવાડની થશે કસોટી





હૈદરાબાદ : ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૧૭મી મેચ ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાવાની છે. આ મેચ માટે સનરાઈઝર્સ અને ચેન્નઇની ટીમ રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં પ્રવેશવાની છે. આ મેચ માટે સનરાઇઝર્સે ટુર્નામેન્ટમાં સારી શરૂઆત કર્યા બાદ પોતાની લય ગુમાવી દીધી છે. જ્યારે ચેન્નઇએ તેના નવા કેપ્ટન ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં ૩માંથી ૨ મેચ જીતી છે. આ રીતે સનરાઈઝર્સ સામે સીએસકેનો પડકાર આસાન બનવાનો નથી.

સનરાઇઝર્સ સામેની આ મેચ ચેન્નઇ માટે સરળ નથી. ટીમનો ફાસ્ટ બોલર મુસ્તાફિઝુર રહેમાન આ મેચમાં રમી શકશે નહીં. છેલ્લી મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે હારનો સામનો કર્યા બાદ ચેન્નઇની ટીમ જીત મેળવવા માંગશે.

મહેન્દ્ર સિંહ ધોનીને આઠમા નંબરથી ઉપર બેટિંગ કરતા જોવા માંગતા હતા. તેણે છેલ્લી મેચમાં પોતાનું જૂનું ફિનિશર ફોર્મ બતાવ્યું અને ૧૬ બોલમાં ૩૭ રન કર્યા હતા. જો કે, તે શિવમ દુબે અને સમીર રિઝવીને ફિનિશરની ભૂમિકા ભજવતા જોવા માંગે છે. બોલિંગમાં ચેન્નઇએ કોમ્બિનેશન પર વિચાર કરવો પડશે કારણ કે મુસ્તાફિઝુર અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ માટે વિઝા પ્રક્રિયા પૂર્ણ કરવા બંગલાદેશ પરત ફર્યો છે. અત્યાર સુધી મુસ્તફિઝુર અને મથિષા પથિરાનાની જોડી ચેન્નઇ માટે સારું પ્રદર્શન કરી રહી હતી. મુકેશ ચૌધરી મુસ્તફિઝુરનું સ્થાન લઈ શકે છે જ્યારે શાર્દુલ ઠાકુરે હજુ સુધી એક પણ મેચ રમી નથી. બીજી તરફ સનરાઇઝર્સ હૈદરાબાદને તેના હોમ ગ્રાઉન્ડ પર રમવાનો ફાયદો મળશે. ■

## આઈપીએલમાંથી બહાર થયો શિવમ માવી

લખનઊઃ લખનઊ સુપર જાયન્ટ્સનો ફાસ્ટ બોલર શિવમ માવી પાંસળીની ઈજાના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગની વર્તમાન સિઝનમાંથી બહાર થઇ ગયો છે. ૨૫ વર્ષીય ખેલાડીએ તેની છેલ્લી મેચ ગયા વર્ષે ઓગસ્ટમાં રમી હતી. તે સ્થાનિક સિઝનમાં ઉત્તર પ્રદેશ માટે એક પણ મેચ રમી શક્યો ન હતો પરંતુ તેણે લખનઊ સુપર જાયન્ટ્સની પ્રી-સિઝન પ્રેક્ટિસ કેમ્પમાં ભાગ લીધો હતો. માવીને ગયા વર્ષે ઓગસ્ટમાં ઈજા થઈ હતી.

લખનઊ ફ્રેન્ચાઈઝીએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, આ પ્રતિભાશાળી ઝડપી બોલર હરાજી પછી અમારી સાથે જોડાયો હતો અને અમારા પ્રી-સિઝન કેમ્પનો ભાગ હતો. તે આ સિઝનમાં અમારી ટીમનો મહત્ત્વનો ભાગ હતો, તેથી શિવમ અને હું બંને નિરાશ છીએ કે તેમની સિઝન આટલી જલ્દી સમાપ્ત થઈ ગઈ છે. ■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

### ૯. લગ્ન સંબંધી

**38 YEARS OLD HAST**
Melap Marriage Bureau Pravina Mehta - Ghatkopar (E) M: 9869004894 - 9869000490 - 7304132551 - 9969371273 - 8355885945. (No Dowry) (B-13434)

### ૧૪. નોકરી ખાલી છે

JOIN LIC AGENCY, PART/ Full Time. Unlimited + Lifelong Income. SSC Pass. Terminated Agent also Call: 9224346388 / 9869860743. (B-14029)

### ૧૭. જગ્યા આપવી છે


**દેવલાલી માં**
આધુનિક બંગલા તથા રુમો વીકએન્ડ અથવા લાંબા સમય માટે ભાડા થી મળશે.
ટીવી અને એસી નોન એસી રુમો સાથે નેચરોપથી ટ્રિટમેન્ટ મસાજ સ્ટીમબાથ ની પણ સુવિધા પણ ઉપલબ્ધ છે. 24 કલાક ગરમ ઠંડું પાણી, ચાલવા માટે વિશાળ ટ્રેક,મનોહર ગાર્ડન અને નજીક માં આધુનિક રસોડા રેસ્ટોરન્ટ.
સિંગલ ઓક્યુપન્સી 700/-
ડબલ ઓક્યુપન્સી 1000/-
બુકિંગ માટે સંપર્કઃ
કોરલ ગાર્ડન
લામ રોડ, દેવલાલી.
બિના શાહ - 9860730303
(બી-૧૪૦૩૦)


**LNT CRESCENT BAY, PAREL**
Fully Furnished Interiors High Floor, Sea Views 3 Bed, 1500+ cpt with Decks 6.40 Cr. nego +91-98192 27923. (B-13674)

### ૧૭. જગ્યા આપવી છે

**ASHOK TOWERS, PAREL**
Furnished Large Spacious 2 Bed with Serv Room, 1000 cpt All Amenities 6.25 Cr. 9920320535. (B-13675)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો - શોરૂમ**
નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)


AVAILABLE
Industrial Premises for Outright Sale at KANDIVALI
Industial Estate Charkop with Clear title
Industrial RCC Building
Ground + 1st Floor- Covered Area 5000 Sq.fts. & open area 5000 sq.fts. Prime Location with secured compound wall & road touch property.
Interested parties may email to-
sunil_arlli@hotmail.com
(B-14074)


### ૩૨. જમીન-મિલકત


OPENS TODAY
THE MOST AWAITED PROPERTY EXPO IS BACK!
Dimples Group
Shaping your dream home
PRESENTS
HOT PROPERTY EXHIBITION
IN PARTNERSHIP WITH
RAGHAV REALTY
KORA KENDRA
GROUND 1, BORIVALI (W)
FRI 05 | SAT 06 | SUN 07
APRIL 2024 | 10AM-7:30PM
WESTERN SUBURBS
THE JEWEL OF MUMBAI
30+ Developers | 100 + Projects | 10,000+ Homes
AC DOME | ENTRY FREE
AFFORDABLE, LUXURY, WEEKEND HOMES OR COMMERCIAL PROPERTIES, ALL UNDER ONE ROOF!
FOR MORE DETAILS CONTACT : SATYAM : 98235 32897
(B-14071)


### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

■ દર મહિને 6% -7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીચામુંડા જ્યોતિષ**
**લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બિમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન. પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ) 9157999811 / 022-31970731. (૧૪૩૨૬-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**
આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૦૬૯)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# સર્વિસ પીએમઆઇ ૧૪ વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા સેન્સેક્સ અને નિફ્ટીએ નોંધાવી નવી વિક્રમી સપાટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: દેશનો સર્વિસ પીએમઆઇ લગભગ ૧૪ વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે એચડીએફસી, ટીસીએસ સહિતના આઇટી શેરોની આગેવાનીએ મળેલા લેવાલીના ટેકાએ સેન્સેક્સ અને નિફ્ટીને નવી વિક્રમી સપાટીએ પહોંચાડ્યા હતા. એ જ સાથે મજબૂત કોર્પોરેટ પ્રદર્શનની અપેક્ષાઓ વચ્ચે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ફાઇનાન્શિયલ શેરોમાં પણ કરંટ જોવા મળ્યો હતો.

માર્ચમાં વેચાણ અને બિઝનેસ એક્ટિવિટીમાં વધારો થવાને કારણે દેશના સેવા ક્ષેત્રની કામગીરીમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો છે. એચએસબીસી ઇન્ડિયા સર્વિસિસ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ ફેબ્રુઆરીમાં ૬૦.૬ના સ્તરે હતો તે માર્ચમાં ૬૧.૨ની સપાટીએ પહોંચ્યો છે.

આ ઉપરાંત, રોકાણકારોએ આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીના વ્યાજ દરના નિર્ણયમાં યથાસ્થિતિની અપેક્ષા રાખતા પસંદગીના બેન્કિંગ શેરોમાં પણ સારી લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો. આરબીઆઇની છ સભ્યોની રેટ સેટિંગ પેનલે બુધવારે બેઠક શરૂ કરી દીધી છે અને શુક્રવારે નિર્ણય જાહેર કરશે.

ત્રીસ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૩૫૦.૮૧ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ગુરુવારે ૭૪,૨૨૭.૬૩ પોઇન્ટની જીવનકાળની સર્વોચ્ચ સપાટીએ સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, ઇન્ડેક્સ ૭૪,૫૦૧.૭૩ પોઇન્ટની ઊંચી અને ૭૩,૪૮૫.૧૨ પોઇન્ટની નીચી વચ્ચે અથડાતો રહ્યો હતો.

વ્યાપક પાયો ધરાવતો એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી પણ ૮૦ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૨૨,૫૧૪.૬૫ પોઇન્ટની નવી વિક્રમી ટોચે પહોંચ્યો હતો. આ પચાસ શેર ધરાવતા બેન્ચમાર્કના ૩૧ જેટલા શેર સુધારા સાથે બંધ થયા હતા. અગાઉના બે સત્રોમાં બંને બેન્ચમાર્ક નીચા સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ અગાઉ સાતમી માર્ચે ૭૪,૧૧૯.૩૯ પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો હતો અને નિફ્ટીએ ૨૨,૪૯૩.૫૫ પોઇન્ટની સર્વોચ્ચ સપાટી નોંધાવી હતી. સેન્સેક્સના શેરોમાં એચડીએફસી બેંક, ટાઇટન, ટેક મહિન્દ્રા અને એશિયન પેઈન્ટ્સ મુખ્ય ગેનર્સમાં સામેલ હતા, કુલ ૨૦ શેરોએ ગ્રીન ઝોનમાં સ્થાન મેળવ્યું હતું. ટીસીએસ, મારુતિ, કોટક મહિન્દ્રા બેંક અને બજાજ ફિનસર્વ અન્ય શેરોમાં વધારો થયો હતો. આનાથી વિપરીત એસબીઆઇ, ભારતી એરટેલ, જેએસડબલ્યુ સ્ટીલ, પાવરગ્રીડ, આઇટીસી અને રિલાયન્સ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા.

બીએસઇ લાર્જકેપ ૦.૩૪ ટકા અને સ્મોલકેપ ૦.૫૪ ટકા વધ્યા હતા, જ્યારે મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૧૧ ટકાનો નજીવો ઘટાડો થયો હતો. શુક્રવારે આરબીઆઈની આગામી નાણાકીય નીતિની જાહેરાત પર ધ્યાન કેન્દ્રિત કરીને બજારે સાંકડી ટ્રેડિંગ રેન્જમાં સકારાત્મક વલણ દર્શાવ્યું હતું. જોકે, ફુગાવાની ચિંતાઓને કારણે રેપો રેટમાં સંભવતઃ યથાવત્ રહેવાની અપેક્ષા છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, સેન્ટિમેન્ટના સુધારા માટે અન્ય કારણો પણ મોજૂદ હતા. જેમ કે, વ્યાપક બજારે ચોથા ત્રિમાસિકના મજબૂત પરિણામોની અપેક્ષા વચ્ચે બેંક જેવા પસંદગીના ક્ષેત્રોમાં સારી લેવાલી જોવા મળી છે અને એ જ સાથે કમ્પોઝિટ પીએમઆઇ ડેટા પર આધારિત નિકાસના આંકડા બિઝનેસની મજબૂત પરિસ્થિતિ દર્શાવે છે. સેન્સેક્સમાં એચડીએફસી બેન્ક ૩.૦૬ ટકા, ટાઈટન કંપની ૧.૯૮ ટકા, ટેક મહિન્દ્રા ૧.૭૪ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૭૨ ટકા અને ટીસીએસ ૧.૪૧ ટકા વધ્યા હતા, જ્યારે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૧.૫૨ ટકા, ભારતી એરટેલ ૧.૪૪ ટકા, જેએસડબલ્યૂ સ્ટીલ ૧.૦૧ ટકા, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ૦.૯૬ ટકા અને આઈટીસી ૦.૬૦ ટકા ઘટ્યા હતા. બધા ગ્રુપની કુલ સાત કંપનીઓમાંથી પાંચ કંપનીઓને ઉપલી અને બે કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

કોર્પોરેટ હલચલમાં ઓર્ગેનિક રિસાયકિંલગ સિસ્ટમ્સ લિમિટેડ (ઓઆરએસ)એ વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે મધ્યપૂર્વમાં મજબૂત વિકાસ માટે બાયો કેટાલિસ્ટ સાથે વ્યૂહાત્મક ભાગીદારી સાધી છે. વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમમાં ઓઆરએસ અગ્રણી કંપની છે તેણે મધ્ય પૂર્વના બજારમાં સાહસ કરવા માટે અધિકૃત વિતરક બાયોકેટાલિસ્ટ સાથે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (એમઓયુ) કર્યા છે, તેનું મુખ્ય મથક કેલિફોર્નિયામાં છે.

એશિયામાં અન્યત્ર, સિઓલ અને ટોકિયોમાં શેરબજાર સુધારા સાથે બંધ રહ્યાં હતા, જ્યારે હોંગકોંગ અને શાંઘાઈ શેરબજાર રજાને કારણે બંધ હતા. યુરોપિયન બજારો ખૂલતા સત્રમાં ગ્રીન સત્રમાં અથડાઇ રહ્યાં હતા. અમેરિકન બજારો બુધવારના સત્રમાં મિશ્ર નોંધ સાથે બંધ થયા છે.

દરમિયાન, આંતરરાષ્ટ્રીય ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૬ ટકા વધીને ૮૮.૬૭ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ બુધવારે રૂ. ૨,૨૧૩.૫૬ કરોડના મૂલ્યની ઇક્વિટી ઓફલોડ કરી હતી.

બુધવારે બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૭.૦૯ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૭૩,૮૭૬.૮૨ પર સેટલ થયો હતો. એનએસઇ નિફ્ટી ૧૮.૬૫ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૨૨,૪૩૪.૬૫ પર આવી ગયો છે. ભારતના અન્ય આર્થિક પરિબળો તેજીની તરફેણમાં છે. ઑક્ટોબર ૨૦૨૦ પછીના ઉત્પાદન અને નવા ઓર્ડરમાં સૌથી મજબૂત વધારાને કારણે માર્ચમાં ભારતના ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિ ૧૬ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી. સીઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) માર્ચમાં ૫૯.૧ની ૧૬-વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો, જે ફેબ્રુઆરીમાં ૫૬.૯ની સપાટીએ હતો.

આ ઇન્ડેક્સ નવા ઓર્ડર, આઉટપુટ અને ઇનપુટ સ્ટોક્સની મજબૂત વૃદ્ધિ તેમજ નવી રોજગાર સર્જનને દર્શાવે છે.

પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ)ના ધોરણ અનુસાર, પચાસથી ઉપરના આંકડાનો અર્થ વિસ્તરણ થાય છે, જ્યારે પચાસથી નીચેનો સ્કોર સંકોચન સૂચવે છે.

સ્થાનિક રોકાણકારો આ સપ્તાહના અંતમાં આરબીઆઈની નીતિની જાહેરાત આગળ સાવચેતીનું વલણ રાખી શકે છે. જો કે કમ્ફર્ટ લેવલથી ઉપરના ફુગાવાના કારણે દેશની કેન્દ્રીય બેન્ક વ્યાજદર સ્થિર રાખે એવી પૂરી શક્યતા છે. દરમિયાન, ભારત સાનુકૂળ બૃહદઅર્થતાંત્રિક પરિબળોનો સાથ મેળવીને આઠ ટકાનો જીડીપી વિકાસદર હાંસલ કરી શકશે, એમ દેશની કેન્દ્રિય બેન્કના માર્ચ બુલેટીનમાં પ્રકાશિત નસ્ટેટ ઓફ ઇકોનોમીથ શીર્ષક હેઠળના લેખમાં ટાંકવામાં આવ્યું છે. આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર માઇકલ પાત્રાવાલાના વડપણ હેઠળની ટીમે તૈયાર કરેલા લેખમાં એવી માહિતી અપાઇ છે કે વૈશ્વિક અર્થતંત્ર જોમ ગુમાવી રહ્યું છે ત્યારે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ના સમાયગાળામાં ભારતનો આર્થિક વિકાસ દર (જીડીપી ગ્રોથ) સરેરાશ આઠ ટકાથી ઉપર રહ્યો છે.

# ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ગઈકાલે અમેરિકાનાં માર્ચ મહિનાના સર્વિસીસ પીએમઆઈ આંકમાં ઘટાડો અને ભારતનાં સર્વિસીસ પીએમઆઈ આંકમાં વધારો થયો હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવઘટાડો તથા ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના બાઉન્સબૅક સાથે ૮૩.૪૨ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૫૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૪૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૬ અને ઉપરમાં ૮૩.૪૨ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના સુધારા સાથે સત્રની ઊંચી ૮૩.૪૨ની સપાટીએ બંધ રહ્યો હતો. દરમિયાન આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આવતીકાલે સમાપન થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનેટરી પૉલિસી કમિટીની બેઠક પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે ખાસ કરીને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા ઘટીને ૧૦૪.૦૮ આસપાસ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૧૩ ટકા ઘટીને બેરલદીઠ ૮૯.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૫૦.૮૧ પૉઈન્ટનો અને ૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

# સેક્ટરલ ઈન્ડાયસીસમાં આઈટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા

મુંબઇ સેક્ટરલ ઈન્ડાયસીસમાં આઈટી અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા બીએસઈ સેન્સેક્સ ગુરુવારે ગઈ કાલના ૭૩,૮૭૬.૮૨ના બંધથી ૩૫૦.૮૧ પોઈન્ટ્સ (૦.૪૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૪૧૩.૮૨ ખૂલી, ઉપરમાં ૭૪,૫૦૧.૭૩ સુધી, નીચામાં ૭૩,૪૮૫.૧૨ સુધી જઈ અંતે ૭૪,૨૨૭.૬૩ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૭ કંપનીઓ વધી અને ૧૩ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ.૩ ૯૮.૩૩ લાખ કરોડ રહ્યું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૩૬ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૬ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૦.૫૪ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૭ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૩૦ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૩૪ ટકા વધ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પરનાં મક્કમ અહેવાલને ધ્યાનમાં લેતા ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની નબળી ગુણવત્તા અને માગ મર્યાદિત રહેતાં તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો તથા રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૫૨થી ૩૬૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની નબળી ગુણવત્તા અને માગ મર્યાદિત રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૬૬થી ૩૭૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૦થી ૩૬૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ પ્રિમાઈસીસ (''સદર પ્રિમાઈસીસ'')ની ખરીદી માટે, તેના ઘટકો (૧) સ્કાયલાર્ક બિલ્ડકોન પ્રાઈવેટ લિમિટેડ અને (૨) મૂન રેઝ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ દ્વારા, ૪૦૨, સાગર એવન્યુ, ૫૪-B, S. V. રોડ, લલ્લુભાઈ પાર્ક રોડ જંકશન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૫૮ ખાતે તેની ઓફિસ ધરાવતી, એક બિન સ્થપાયેલ સંયુક્ત સાહસ, **ઓએસિસ રિયલ્ટીનું** ટાઈટલ, અમારા અસીલના વતી તપાસ કરી રહ્યા છીએ.

**તમામ શખસો** જે સદર પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વીટેબલ કે બીજી રીતે), હાઈપોથિકેશન, ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, જાળવણી, બિક્વેસ્ટ, ભાગીદારી, સંયુક્ત સાહસ, કબજો, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીયન, ચાર્જ, પ્લેજ, ઈઝમેન્ટ અથવા કોઈપણ અન્ય વ્યવસ્થા, જોડાણ, ઇંજંક્શન અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ અથવા સ્ટેચ્યુટરી ઓથોરીટી અથવા લીઝ પેન્ડન્સ અથવા આર્બીટ્રિશન, રાઈટ ઓફ પ્રીસ્ક્રીપ્શન અથવા પ્રી-એમ્પશન અથવા વેચાણ માટે કોઈપણ એગ્રીમેન્ટ હેઠળ, ફાળવણીનો પત્ર અથવા અન્ય ડિસ્પોઝિશન, લોન્સ, એડવાન્સીઝ અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કરવામાં આવે છે કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામા ખાતે આ છપાયાની તારીખથી ૭ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખસ કે શખસોના કંઈ દાવો કે દાવા જો કોઈ હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે અને અમારા અસીલ લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરશે.

**પરિશિષ્ટ**

**(સદર પ્રિમાઈસીસનું વર્ણન)**

મુંબઈ શહેરના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં એની બેસન્ટ રોડ, અને સદાનંદ હસુ ટંડેલ માર્ગ, G/ સાઉથ વોર્ડ, વરલી, મુંબઈ-૨૫ ખાતે સ્થિત બંને સંયુક્ત રીતે ભરતમાં અંદાજે ૧૨,૧૬૫.૭૭ ચો.મી. માહિમ ડિવિઝનના ટાઉન પ્લાનિંગ સ્કીમ-IV નો ફાઈનલ પ્લોટ નંબર ૧૦૭૮ ધરાવતા ભરતમાં ૨૭૮૬.૮૧ ચો.મી. જમીનનો તે તમામ ટુકડો કે કકડો અને લોઅર પરેલ ડિવિઝનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૨૮૬ (ભાગ) ધરાવતો, ભરતમાં ૯,૩૭૮.૯૬ ચો.મી. અથવા તેની આસપાસ, જમીન પર સ્થિત ''થ્રી સિકસટી વેસ્ટ'' તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં ૯ કાર પાર્કિંગ જગ્યાઓનો ઉપયોગ કરવાના અધિકાર સાથે, ટાવર A માં ભરતમાં ૧,૩૮૫.૨૭ ચો.મી., ૧૪,૯૧૧ ચો.ફૂટની સમકક્ષ (રેરા મુજબ) ૪૭મા માળ ઉપર નં. A -૪૭ ધરાવતી તે તમામ રહેણાંક પ્રિમાઈસીસ.

આજ તા. ૦૫મી એપ્રિલ, ૨૦૨૪.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૫૧.
Email:response@lawpointindia.com


# ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં વિશ્વ બજાર પાછળ ધાતુમાં ઉછાળા

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૬૫ સુધીના ઉછાળા જોવા મળ્યા હતા. જોકે, આજે અચાનક ભાવમાં મોટો ઉછાળો આવ્યો હોવાથી સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહી હતી, પરંતુ વપરાશકાર ઉદ્યોગની માગ ખપપૂરતી રહી હતી. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૫ના ઉછાળા સાથે રૂ. ૨૬૧૫, રૂ. ૩૩ના ઉછાળા સાથે રૂ. ૧૪૭૮ અને રૂ. ૩૦ વધીને રૂ. ૮૩૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓના ભાવમાં ચમકારો જોવા મળ્યો હતો. તેમાં ખાસ કરીને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૭૮૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૭૭૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૭૫૭, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૨૩૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૫૦૮ અને રૂ. ૨૨૫ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૦૫, રૂ. ૫૪૦ અને રૂ. ૧૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

**રેટ કટના આશાવાદે વૈશ્વિક સોનું ઔંસદીઠ ૨૩૦૦ ડૉલરની સપાટીએથી પાછું ફર્યું**

# સ્થાનિક સોનામાં ₹ ૫૩૮ની તેજી, સટ્ટાકીય લેવાલીએ ચાંદી ₹ ૧૭૪૩ ઉછળીને ₹ ૭૯,૦૦૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ફેડરલના અધિકારીઓએ ગઈકાલે પુનઃ વર્ષ ૨૦૨૪માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી શક્યતા વ્યક્ત કરતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઔંસદીઠ ૨૩૦૦ ડૉલરની સપાટી કુદાવીને પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે અનુક્રમે સાધારણ ૦.૩ ટકા અને ૦.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. તે જ પ્રમાણે ચાંદીના ભાવ જે ગઈકાલે જૂન, ૨૦૨૧ પછીની ઊંચી સપાટી સુધી પહોંચ્યા બાદ આજે વધ્યા મથાળેથી ૦.૬ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૬થી ૫૩૮ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા મજબૂત થયો હોવાથી સોનાની આયાત પડતર વધવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે .૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી નીકળતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭૪૩ વધીને રૂ. ૭૯,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે ચાંદીમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાથી આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૪૩ ઉછળીને રૂ. ૭૯,૩૩૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૬ વધીને રૂ. ૬૯,૬૨૨ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૮ વધીને રૂ. ૬૯,૯૦૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ તળિયે બેસી ગઈ હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

ફેડરલના અધ્યક્ષ અધ્યક્ષ જૅરોમ પૉવૅલ સહિત અન્ય અધિકારીઓએ રેટ કટનો આધાર આગામી આર્થિક ડેટાઓ પર નિર્ભર રહેશે એમ જણાવ્યું હોવા છતાં નાણાં બજારના વર્તુળો આગામી જૂન મહિનાથી રેટ કટનો આશાવાદ વ્યક્ત કરી રહ્યા હોવાથી ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનામાં રોકાણકારોની લેવાલીને ટેકે તેજીનું વલણ જળવાઈ રહેતાં એક તબક્કે હાજરમાં ભાવ વધીને ઔંસદીઠ ૨૩૦૪.૦૯ ડૉલરની સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૨૯૧.૬૫ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૨૩૧૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલે જૂન, ૨૦૨૧ પછીની સૌથી ઊંચી સપાટીએથી પાછા ફર્યા હતા અને આજે સત્રના આરંભે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, હવે બજાર વર્તુળોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના જોબ ડેટા અને આગામી સપ્તાહે જાહેર થનારા ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે. જોકે સિંગાપોરની ઓસીબીસી બૅન્કે એક નોટ્સમાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળામાં સોનામાં તેજીનું વલણ રહે તેવી શક્યતા છે.

# આયાતી પામ અને સોયા તેલમાં પ્રત્યાઘાતી ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૫ સેન્ટનો સુધારો આવ્યો હોવા છતાં આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૨૯ પૉઈન્ટનો ઘટાડો તેમ જ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૦ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ખપપૂરતી માગ વચ્ચે આયાતી પામ અને સોયાતેલના ભાવમાં વધ્યા મથાળેથી પ્રત્યાઘાતી ઘટાડો આવ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૩, ક્રૂડ પામતેલમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સોયા ડિગમના ભાવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

જોકે, આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં વધ્યા મથાળેથી ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે વૉશ્ડ કૉટનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હોવા છતાં સ્થાનિકમાં તેની કોઈ અસર નહોંતી તેમ છતાં મથકો પાછળ સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં ગોલ્ડન એગ્રીના જેએનપીટી અને મેંગ્લોરથી ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૯૯૫ અને રૂ. ૯૮૫ તથા અલાનાના રૂ. ૧૦૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૯૯૫ અને સનફ્લાવરના ૧૦થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૮૫ અને મે ડિલિવરી શરતે રૂ. ૯૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે સેલરિસેલ ધોરણે અંદાજે આઠથી ૧૦ ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૮૨થી ૯૮૮ની રેન્જમાં થયા હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૮૨, ક્રૂડ પામતેલના રૂ. ૯૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૮૫, સોયા ડિગમના રૂ. ૯૪૫, સન રિફાઈન્ડના રૂ. ૯૮૦, સન ક્રૂડના રૂ. ૯૧૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૦૧૦ અને સરસવના રૂ. ૧૦૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૫૦થી ૯૫૫માં અને રૂ. ૧૪૭૫થી ૧૫૦૦માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૮૦થી ૨૪૦૦માં થયા હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૭૫,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૦૦થી ૪૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૭૦૦થી ૪૮૦૦માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૯૦થી ૯૯૫. વધુમાં આજે રાજસ્થાન ખાતે ૫.૧૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૫૨૫થી ૫૫૫૦માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૩૪થી ૧૦૩૫માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૪૪થી ૧૦૪૫માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૨૦થી ૨૫૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ચોથા ત્રિમાસિકગાળામાં વેદાન્તાના એલ્યુમિનિયમનું ઉત્પાદન ચાર ટકા વધ્યું

નવી દિલ્હી: ગત ૩૧મી માર્ચના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૪નાં ચોથા ત્રિમાસિકગાળામાં વેદાન્તા જૂથની ડાઈવર્સિફાઈડ નેચરલ રિસોર્સીસ કંપની વેદાન્તા લિ.નું એલ્યુમિનિયમનું ઉત્પાદન આગલા વર્ષના સમાનગાળાના ૫,૭૪,૦૦૦ ટન સામે ચાર ટકા વધીને ૫,૯૮,૦૦૦ ટનની સપાટીએ રહ્યું હોવાનું વેદાન્તાએ આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક ફાઈલિંગમાં જણાવ્યું છે. યાદીમાં જણાવ્યાનુસાર કંપનીની ઓરિસ્સાની લંજીગઢ રિફાઈનરીનું એલ્યુમિનાનું ઉત્પાદન આકર્ષક કામગીરી સાથે ૧૮ ટકા વધીને ૪,૪૮,૦૦૦ ટનની સપાટીએ રહ્યું હતું. જોકે, ઝિન્ક ઈન્ડિયાનું ખનન થયેલી મેટલનું ઉત્પાદન ચાર ટકા ઘટીને ૨,૯૯,૦૦૦ ટન (૩,૦૧,૦૦૦ ટન)ની સપાટીએ રહ્યું હતું. તેમ જ રિફાઈન્ડ ઝિન્કનું સમીક્ષા હેઠળના સમયગાળામાં ઉત્પાદન બે ટકા વધીને ૨,૨૦,૦૦૦ ટન અને રિફાઈન્ડ લીડનું ઉત્પાદન ઘટીને ૫૩,૦૦૦ ટનની સપાટીએ રહ્યું હતું. કંપનીની યાદી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં ઑઈલ ઍન્ડ ગૅસનું સરેરાશ ઉત્પાદન ઘટીને પ્રતિદિન ૧૧૭.૮ કેબીઓઈપીડી રહ્યું હતું. કંપનીના રાજસ્થાન બ્લોકમાં સરેરાશ ઉત્પાદન વર્ષાનુવર્ષ ધોરણે ૧૩ ટકા ઘટીને ૯૭.૮ના સ્તરે રહ્યું હતું. આ સિવાય કંપનીના કર્ણાટક ખાતે સેલેબલ આયર્ન ઑરનું ઉત્પાદન વર્ષાનુવર્ષ ધોરણે છ ટકા વધીને ૧,૯૮,૦૦૦ ટનના સ્તરે રહ્યું હતું.


પશ્ચિમ રેલવે - રતલામ ડીવીજન

**વિવિધ કામો**

W/૬૨૩/૫/૧/NIT તા. ૦૧/૦૪/૨૦૨૪. ડીવીજનલ રેલવે મેનેજર (WA) રતલામ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છે:

| ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | બારડી ₹ |
|---|---|---|
| ૧.RTM-૨૦૨૩-૨૪-૧૦૦-R૧. નાગદા - ભોપાલ અને ઈન્દોર - દેવાસ - ઉજ્જૈન સેક્શન - ઈલેક્ટ્રિકલ કામ સહિત ટ્રેકમેન માટે ટુલ રૂમ કમ રેસ્ટ રૂમની જોગવાઈ. | 1,14,04,173.56 | 2,07,100 |
| ૨.RTM-૨૦૨૩-૨૪-૧૫૪. નાગદા - સન્ત હિરદારામ નગર, મેક્સી - દેવાસ અને ઈન્દોર - દેવાસ - ઉજ્જૈન સેક્શન - Sr. DEN (સાઉથ) સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક વર્ક સાથેના જોડાણમાં ઓટો ટેપીંગ થિમ્બલ સાથે ફીટ કરાયેલ કોમ્પ્રેસ્ડ એર પેટ્રોલ પ્રી-હીટિંગ ૩ પીસ પ્રિફેબ્રિકેટેડ મોલ્ડ (ઝિર્કોન - વોશેડ) સિંગલ શોટ ક્રસિબલ સાથે કોન્ટ્રાક્ટરની પોતાની વેલ્ડીંગ મટિરિઅલ, લેબર વગેરે સાથે ૬૦ કી.ગ્રા./ ૯૦ UTSના સ્થિતમાં અમલ અને ૬૦ કી.ગ્રા./ ૯૦ UTS, પર કી.ગ્રા. (૯૦ UTS) R- ૨૬૦ રેલ્સ સંયુક્ત ભાગના SKV વેલ્ડીંગની સપ્લાય. | 3,73,99,831.13 | 3,37,000 |

**પૂર્ણતાનો સમયગાળો:** ક્ર. નં. ૧ માટે - ૧૨ મહિના. ક્ર. ૨ માટે ૨૪ મહિના, **કામનો સમાન પ્રકાર:** ક્ર. નં. ૧ માટે - કોઈપણ બિલ્ડીંગ કામનું બાંધકામ. ક્ર. નં. ૨ માટે - RDSOની મંજૂરી યાદીમાં ટેન્ડરર સહન કરવું જોઈએ. નોંધ - રેલવે બોર્ડ લેટર નંબર ૨૦૧૭/ટ્રેક-P /૯ (૨) વોલ્યુમ III તારીખ ૭મી માર્ચ ૨૦૧૯ના સંદર્ભમાં થર્મિટ વેલ્ડીંગના અમલ માટે મીનિમમ લેજેબિલિટિ માપદંડો વિપરિત કરવામાં આવ્યા છે જેની ટેકનિકલ ક્ષમતાઓ RDSO દ્વારા પહેલાથી જ સ્થાપિત કરવામાં આવી છે. **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ:** ક્ર. નં. ૧ & ૨ માટે - ૦૧.૦૪.૨૦૨૪. **ખોલવાની તારીખ:** ક્ર. નં. ૧ & ૨ માટે - ૦૩.૦૫.૨૦૨૪. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ: www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડીવીજનલ રેલવે મેનેજર (W/A),
રતલામ ડીવીજન, પશ્ચિમ રેલવે

SNP-492

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly

# કૉંગ્રેસનો વધુ એક વજીર એકનાથ શિંદેના પાલામાં?

## સંજય નિરૂપમ શિંદેની સેનામાં જોડાય તેવા અણસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૂંટણી પહેલા જ મહાયુતિએ વિપક્ષના ઘણા બધા દિગ્ગજ નેતા 'મિશન લોટસ' અંતર્ગત પોતાના ખેમામાં સમાવી લીધા છે ત્યારે હવે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ 'મિશન ધનુષ્યબાણ' શરૂ કર્યું હોય તેવું જણાય છે. કારણ કે ઉદ્ધવ ઠાકરે જૂથના દિગ્ગજ નેતાઓને પોતાના પક્ષમાં લઇ આવ્યા બાદ મુંબઈ કૉંગ્રેસના પણ એક મોટા ગજાના

(જુઓ પાનું ૪) ▸▸

### 'ફક્ત ફોટા પાડવા કરતાં ખેતી કરવી સારી'

#### મુખ્ય પ્રધાનના ઉદ્ધવ પર આકરા પ્રહાર

મુંબઈઃ શિવસેના(યુબીટી)ના અધ્યક્ષ ઉપર મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તેમ જ શિવસેનાના અધ્યક્ષ એકનાથ શિંદેએ ગુરુવારે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે

(જુઓ પાનું ૪) ▸▸

### સીટિંગ સાંસદોને બદલે નવા ઉમેદવારો પર પસંદગીનો કળશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાયુતિમાં ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી લોકસભાની ચૂંટણીના ઉમેદવારોની યાદીમાંથી અનેક સીટીંગ સાંસદોના નામો ગાયબ હતા. એ જ રીતે

(જુઓ પાનું ૪) ▸▸

**એમવીએની બેઠકમાંથી નેતાઓનું વૉક-આઉટ**

## દક્ષિણ મુંબઈ, સાંગલી અને ભિવંડીની બેઠકને લઈ પેચ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીને માંડ મહિના જેટલો સમય બાકી છે ત્યારે મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણીનો મુદ્દે હજી સુધી ઉકેલાયો નથી. ફક્ત એટલું જ નહીં, હાલમાં જ બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરવા માટે મહાવિકાસ આઘાડીની

(જુઓ પાનું ૪) ▸▸

## કૉંગ્રેસને ફટકા પર ફટકો

### રશ્મી બર્વે ચૂંટણીની રેસમાંથી આઉટ!

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના અશોક ચવ્હાણ, મિલીંદ દેવરા અને બાબા સિદ્દીકી જેવા દિગ્ગજ નેતાઓ મહાયુતિમાં સામેલ થતા પહેલાથી જ તે મુશ્કેલીમાં છે ત્યારે બોમ્બે હાઇ કોર્ટે કૉંગ્રેસને વધુ એક ઝટકો આપ્યો છે. બોમ્બે હાઇ કોર્ટે કૉંગ્રેસના ઉમેદવાર રશ્મી બર્વેની ઉમેદવારી રદ કરી છે. પહેલા તબક્કામાં જે બેઠક માટે મતદાન યોજાનારું છે તે રામટેક

(જુઓ પાનું ૪) ▸▸

**કોસ્ટલ રોડ પર પહેલો અકસ્માત**

## ટનલમાં કાર દીવાલ સાથે ટકરાતાં ટ્રાફિકને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૧૧ માર્ચથી વાહનો માટે ખુલ્લા મુકાયેલા કોસ્ટલ રોડ પર ટનલમાં ગુરુવારે બપોરે પહેલો અકસ્માત નોંધાયો હતો, જેને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. પુરપાટ વેગે આવી રહેલી કાર દીવાલ સાથે ટકરાઇ હતી અને પાછળથી આવી રહેલી બીજી કાર તેની સાથે ભટકાઇ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઇને ઇજા પહોંચી નહોતી.

મરીન ડ્રાઇવ એક્ઝિટ નજીક દક્ષિણ તરફની ટનલમાં ગુરુવારે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે કોસ્ટલ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

**શરદ પવારની બીજી યાદી**

### પંકજા મૂંડે સામે અજિત પવાર જૂથના બળવાખોરો

મુંબઈઃ શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ) દ્વારા પોતાના મહારાષ્ટ્રના પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં સૌથી મહત્ત્વની જાહેરાત બીડમાં કરવામાં આવેલા ઉમેદવારની છે. બીડમાં મહાયુતિ દ્વારા ભાજપ તરફથી સ્વર્ગીય ગોપીનાથ મુંડેના પુત્રી તેમ જ ભૂતપૂર્વ પ્રધાન પંકજા મુંડેને ઉમેદવારી આપવામાં આવી છે ત્યારે અહીં શરદ પવાર દ્વારા અજિત પવાર જૂથમાં બંડખોરી કરીને શરદ પવાર જૂથમાં આવેલા

(જુઓ પાનું ૪) ▸▸













"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**